૭૨

# અદ્‌ભુત ગુણવૈભવ

-પૂ. સા.શ્રી વિશ્વધર્માશ્રીજી મ.

આજે જ્યારે પૂ. ગુરુદેવનાં જીવનને શબ્દદેહ આપવાનો પ્રયાસ કરી રહી છું ત્યારે હૃદય ભક્તિથી ભાવિત થઇ રહ્યું છે. અંતરમાં શબ્દોનો સાગર ઉમટી પડ્યો છે, દૃષ્ટિમાં ગુણનો સાગર લહેરાઇ રહ્યો છે. ''બાળક જેમ પોતાના હાથને વિસ્તારીને પોતાની બુદ્ધિ પ્રમાણે સમુદ્રના વિસ્તારને શું નથી કહેતો? તેમ અપાર ગુણોના ધારક ગુરુદેવના ગુણવૈભવનું વર્ણન કરવા અસમર્થ એવી હું ઉદ્યમવંત થઇ છું.''

પૂજ્યશ્રીના ચરણ જ્યાં સંચર્યા ત્યાં જૈન-જૈનેતરો, સરકારી-અધિકારીગણ વગેરેએ અદકેરા અહોભાવથી ચરણરજ લઇ કૃતકૃત્ય બન્યાનો અહેસાસ અનુભવ્યો.

પૂજ્યશ્રીના પગલા જ્યાં પડ્યા ત્યાં ઉત્સાહ આસમાને આંબ્યો, શાસન પ્રભાવક કાર્યોની ધૂમ મચી, આનંદની રેલમછેલ થઇ...

પૂ. ગુરુદેવ અદ્‌ભુત ગુણવૈભવના સ્વામી હતા. વિલસી રહ્યો હતો એમનામાં અજબ વૈભવ. આપણે એમાંના ત્રણ વૈભવ જોઇએ:

(૧) વૈરાગ્યવૈભવ : પૂજ્યશ્રી બાળવયથી જ વૈરાગી હતા. વૈરાગ્ય વાટે સંચરવા ૧૭-૧૭ વાર પ્રબળ પુરુષાર્થ કર્યો અને ૧૭મી વાર પુરુષાર્થની કલગી રૂપે ચારિત્ર ગ્રહણ કર્યું. સંયમરથના પથિક બન્યા. પૂજ્યશ્રી (સંસારી પક્ષે મામા) અમારા પરિવારના સંયમમાર્ગના રાહબર બન્યા.

(૨) જ્ઞાનવૈભવ : સ્વાધ્યાય શુદ્ધ આત્મદર્શનની ચાવી છે. તેઓએ અનુપ્રેક્ષા સ્વાધ્યાયથી મનમાં પ્રસન્નતા જગાડી, વિભાવવમન-કષાયશમનની અંતરમાં ધૂન જગાવી. સ્વાધ્યાય દ્વારા આત્મામાં અનેરી સ્થિરતા લાવી ૪૭ દિવસમાં ન્યાય વિગેરે ૨૩ ગ્રન્થોના ચોટદાર-તલસ્પર્શી અભ્યાસ કરી કલકત્તા યુનિવર્સિટીની પરીક્ષામાં ફર્સ્ટ કલાસ ફર્સ્ટ ઉત્તીર્ણ થયા અને વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થની પદવી પ્રાપ્ત કરી. પૂ. પ્રશમરત્નવિજયજી મ.સા.એ ગુરુભક્તિરૂપે રચેલી સ્તુતિમાં સરસ કડી કંડારી છે કે ''શાસ્ત્રોતણા દુર્ગમ પદાર્થો સુગમ કરીને આપતા.'' ખરેખર આ કડીનો સાક્ષાત્કાર જીવનમાં મેં પોતે કર્યો છે. સંસ્કૃતવિશારદની પરીક્ષા માટે અમે અભ્યાસ તૈયારી કરી રહ્યા હતા ત્યારે ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રના અમુક શ્લોકોનો અભ્યાસ તેમણે એવી સરળ પદ્ધતિથી કરાવ્યો કે તે શ્લોકોનો ગુર્જરાનુવાદ મગજમાં ફીટ બેસી ગયો. હૈમલઘુપ્રક્રિયાના પૂર્વાર્દ્ધનો તથા હૈમલઘુવૃત્તિનાં ૩ થી ૭ અધ્યાયનો અભ્યાસ પણ ગુરુદેવ પાસે કર્યો. આશ્ચર્ય તો એ છે કે ૮૩ વર્ષની જૈફ વયે પણ પોતાના શિષ્યપરિવારને વ્યાકરણનું અધ્યાપન કરાવવા સમયે શ્લોકો કંઠસ્થ બોલતા તેઓને અમે જોયા છે. કેવો અપૂર્વ જ્ઞાનવૈભવ પૂ. ગુરુદેવનો હશે!! ખરેખર તેઓ જીવતી-જાગતી લાયબ્રેરી તથા કોમ્પ્યુટર સમા હતા. કોઇ પણ શાસ્ત્રપદાર્થ કે અન્ય બાબતની માહિતી એમની પાસેથી કોઇ પણ સમયે મળી રહેતી.

(૩) વાત્સલ્યવૈભવ : પૂજ્યશ્રી સમતા-પ્રેમાળતા-સરળતાના ભંડાર હતા. જ્યારે વંદનાર્થે જઇએ ત્યારે અપૂર્વ પ્રસન્નતા મુખારવિન્દ પર નિહાળવા મલતી. સિંહ જેવી પર્સનાલીટી અને યુવાનોને શરમાવે તેવી અપ્રમત્તત્તા એમનામાં હતી. ક્યારેય ટેકો લે નહિ, અને હંમેશા કાર્યમાં વ્યસ્ત-મસ્ત હોય. શાસનપ્રભાવનાના અનુષ્ઠાનો હોય કે વિહારાદિ હોય. છતાં પણ સાધુ-સાધ્વીજી પ્રત્યેની એમની યોગ-ક્ષેમની ભાવના ઉત્તમ જ રહેતી. અણસ્તુ તીર્થમાં પૂ. ગુરુદેવની નિશ્રામાં સામૂહિક ૫૦૦ અઠ્ઠમતપની આરાધના ચાલતી હતી. ઘણા સાધ્વીજીને અઠ્ઠમનો તપ હતો. તે પૈકી અમારા સા. શ્રી અભયધર્માશ્રીજીને બીજો ઉપવાસ હતો અને પાણીમાં પગ લપસી જતા ત્રણ દાદરા ચૂકી ગયા. પગમાં ફ્રેકચર આવ્યું. સંજોગવશ અમારે કરજણ ગામમાં જવું પડ્યું જે અમારા માટે અજાણ્યું હતું. પૂ. સાહેબજી રાજકોટ તરફ વિહારમાં હતા. તેઓશ્રી પત્ર દ્વારા સમાચાર પૂછાવતા રહે. તેમને કોઇક શ્રાવક દ્વારા સમાચાર મળ્યા કે લોકો અજાણ્યા હોવાથી અમને થોડી તકલીફ પડી રહી છે. તરત તેઓએ ત્યાંના જાણીતા શ્રાવક સંજયભાઇને પ્રેરણા કરવા દ્વારા તકલીફ દૂર કરાવી. ક્યારેક મીઠી મૂંઝવણ ઊભી થાય ત્યારે ખૂબ વાત્સલ્યપૂર્વક યોગ્ય માર્ગદર્શન આપતા. ખરેખર માતૃતુલ્ય ગુરુમાની -શિરછત્રની ખોટ કોઇ પૂરી શકે તેમ નથી.

ગુરુદેવ! આપ હતા આધાર...
છોડી ગયા નિરાધાર...
કોણ કરશે અમ સાર...
વેદનાનો નથી પાર...
ટળવળે આપનો 'વસંત' પરિવાર...

ગુરુદેવનો ગુણાનુરાગ ગજબનો હતો. કાંદિવલી (ઇસ્ટ)માં વંદનાર્થે ગયા ત્યારે પાટ પર કામળી હતી. નાના સાધ્વીજી સહજતાથી બોલ્યા કે ''મોટા પટ્ટાની સરસ છે.'' ગુરુદેવે તરત જ પુછ્યું કે ''તમને જોઇએ છે ?'' નાના સાધ્વીજીએ ના પાડી. પણ પછી કીધું: ''કદાચ ગુરુ મ.ને જોઇતી હશે.'' આ સાંભળી ગુરુદેવે તરત જ પ્રત્યુત્તર આપ્યો કે એને તો નાનપણથી વસ્તુ પર જરા ય ગમો કે અણગમો નથી. મને એ વખતે એવું થયું કે આટલી મોટી હસ્તી હોવા છતાં પણ સાધ્વીજી પ્રત્યેની તેમની કેવી ગુણાનુરાગી દૃષ્ટિ છે.

''જીવન એવું જીવી ગયા, ભૂલ્યું ભુલાશે નહિ,
વિદાય એવી લીધી કે કદી વિસરાશે નહિ,
જીવનપથ પર આમ તો છોડી જવાય નહિ;
પણ મોક્ષના પંથે જનારને કાંઇ રોકી પણ શકાય નહિ.''

ગુરુદેવ ! આપનાં વાત્સલ્યમાં મેં માતાનું વાત્સલ્ય માણ્યું. આપની મુખાકૃતિમાં ભગવાનની સરળતા ભાસિત થઇ, આપના વંદનમાં મને ચંદનની શીતળતા મળી. આપની વિચારસરણીમાં સાગરની ગંભીરતા ભાસિત થઇ, આપની દૃષ્ટિમાં નિર્મળતા નિહાળીને મારું હૈયું આનંદથી ઉભરાયું કે ગુરુદેવ તો ...

અનેક ગુણોના Collector
પ્રભુ આજ્ઞાના Selector
આત્મરોગના Doctor
ચારિત્રાચારના Director
સ્વદોષદર્શનના Inspector હતા... ✦✦✦

૭૩

# ઉપકારોનું એવરેસ્ટ શિખર...

– પૂ. સા.શ્રી કલ્પધર્માશ્રીજી મ.

''ધન્ય ધન્ય એ જીવન, શું કરીએ ગુરુદેવનાં ગુણકવન;
જીવન બનાવ્યું જેણે ગુણ ઉપવન, જાણે ગુણગુલાબનું નંદનવન...''

પુણ્યના પુંજ અને કરુણાનાં કુંજ સમા ગુરુદેવનો

ગુણસાગર ક્યાં? ને મારું ગુણસ્તવનાનું નાનું ઝરણું ક્યાં?

છતાં પણ આ નાનકડા ઝરણાની ગતિ સાગર તરફ વેગવંતી બને. શીઘ્ર સાગરમાં ભળે એવી શુભ ભાવના સાથે અલ્પજ્ઞ એવી મારે કંઈક કહેવું છે :

''શક્તિ નથી વર્ણવવા ગુરુનાં જીવનકવનને,
મતિ નથી આલેખવા આપના ગુણસ્તવનને;
કૃતિ નથી કંડારવા આપના નિર્ગ્રંથ પ્રવચનને,
પણ ભક્તિ છે લલકારવા આપના ગૌરવભર્યા ગુણગાનને...''

ઉકરડામાંથી ગુલાબને શોધવું કઠિન છે, પરંતુ ગુલાબના ગાર્ડનમાંથી 'શ્રેષ્ઠ' ગુલાબ શોધવું તો અતિ કઠિન છે. સરળતાનાં સ્વામી એવા પૂજ્યશ્રીનું જીવન તો અનેક ગુણગુલાબથી મહેંકતું હતું. એમાંથી એમના એકેક ગુણગુલાબનું વર્ણન કરવા અમારા અરમાન ઓછા પડે... કેમ કે પુણ્ય પ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવશ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજા એટલે All in one... 'શબ્દમાં સમાય ના એવા ગુરુવર મહાન' છતાં ભક્તિભર્યા ભાવે ગાગરમાં સાગરને સમાવવા જેવો પ્રયાસ કરવો છે.

જેમ તારા-ગ્રહ-નક્ષત્રથી ભર્યા-ભર્યા આકાશમાં ચમકતા ચાંદનો નજારો કંઈક અનોખો જ હોય છે, તેમ અનેક ગુણગરિમાથી સંપન્ન એવા જિનશાસનમાં જનમોજનમના મહાસાધક ગુરુવરનું સંયમજીવન અને સંયમસાધના પણ કંઈક નોખી-અનોખી જ હતી.

કહેવાય છે કે સપ્તર્ષિ અને મહર્ષિ... આ બંને જગતની વિશિષ્ટ શક્તિઓ છે. કાર્યો બંનેના અમૂક રીતે સમાન ભાસવા છતાં સપ્તર્ષિ કરતા મહર્ષિની મહત્તા વિશેષ છે. તેમનું કાર્ય વિરલ-વિલક્ષણ-વિશિષ્ટ અને વિરાટ છે. જેમ ઘૂઘવતા સમુદ્રના અફાટજળની વચ્ચે અનેક નૌકાઓની હારમાળા ચાલતી હોય ત્યારે ઊંચા અંબરમાં ચમકતી સપ્તર્ષિની તેજ રેખાઓ ચાલી રહેલી નૌકાઓને મશાલની જેમ માર્ગ ચીંધી સાગરથી પાર ઉતારે છે તેમ મહર્ષિ મહાભયાનક એવા સંસારસમુદ્રમાં મશાલ જેવા બની હજારો ભવ્યાત્માની જીવનનૈયાને સંસારના તોફાની સાગરમાંથી મુક્તિમંઝિલ તરફ દોરી જાય છે. આવા જ મહર્ષિ સમા હતા અમારા વાત્સલ્યરત્નાકર ગુરુદેવશ્રી...!

જેઓશ્રીએ ૬૮ વર્ષનાં સુદીર્ઘસંયમપર્યાયમાં ધર્મની મશાલ લઈને વસુંધરામાં ઠેર-ઠેર વીતરાગમાર્ગને ગાજતો કર્યો છે. જેમની આકૃતિ ને પ્રકૃતિમાં... વચન ને વ્યવહારમાં... યોગ ને ઉપયોગમાં.... સદા ય સંયમ-સાધના અને સરળતા ઝળહળતી હતા. એક English સુભાષિતમાં કહેવાયું છે કે, "It is Simple to become rich, but It is difficult to become Simple." અર્થાત્ સમૃદ્ધ બનવું સરળ છે, પણ સરળ બનવું મુશ્કેલ છે.

* અપ્રમત્ત ગુણધારક ગુરુદેવશ્રી હતા.

જ્યારે જુઓ ત્યારે 'હસ્તમાં પ્રત ને રત્નત્રયમાં રત,

હોઠે અમૃત ને હૈયામાં મહાવ્રત, આવું હતું જીવન અપ્રમત્ત...!'

મને ચોક્કસપણે ખ્યાલ છે કે... યુવાવસ્થામાંથી પ્રૌઢાવસ્થામાં પ્રવેશેલા પૂજ્યશ્રીને મેં દીક્ષા બાદ જ્યારે જોયા ને જ્યારે નિકટ રહેવાનું સૌભાગ્ય સંપ્રાપ્ત થયું ત્યારે એમની પ્રસન્ન મુખાકૃતિનાં દર્શનની પ્રથમ ક્ષણે જ... અમારા આંખ અને અંતર પર તેઓશ્રીની અપ્રમત્તતાની એક અનોખી છાપ ઊપસી આવતી. હંમેશા પાટની મધ્યે બિરાજેલા સરલમૂર્તિ ગુરુદેવને ક્યારેય ભીંતનો ટેકો લઈને બેઠેલા નથી જોયા. સદા ય દિવાલની સહાય વિના દિલથી જ્ઞાનાભ્યાસમાં અપ્રમત્ત બનતાં ને શાસ્ત્રવાંચનમાં તલ્લીન રહેતા. જિનાજ્ઞામય જીવન વીતાવતાં ને શાસ્ત્રના ગૂઢાર્થ સમજાવતા. નયનોથી પ્રત્યક્ષ નિહાળ્યા છે એટલે જ અંતર અહોભાવ-સદ્ભાવથી બાગ-બાગ બની જતું. હૈયું બોલી ઊઠે છે કે ''જેમના રોમે-રોમમાં હતો રત્નત્રયીનો રણકાર... ને આત્માના પ્રદેશે-પ્રદેશે હતો પ્રભુતાનો સ્વીકાર... એવા ગુરુવરની અપ્રમત્તતાને વંદન હો વાર હજાર...''

* સ્વભાવથી સૌમ્ય ને કાળજાના કોમળ ગુરુદેવશ્રી હતા.

તેઓશ્રીની અવર્ણનીય ગુણગીતા કલમથી કંડારવી અસંભવ છે. કેમ કે તેઓશ્રીના ગુણોમાં મધુરાશ છે પણ મારા શબ્દોમાં અધૂરાશ છે.

મેં તેઓશ્રીને પ્રત્યેક સમય-પળ અને ક્ષણનો સંયમની સાધનામાં સદુપયોગ કરતા નિહાળ્યા છે.

તેઓશ્રીને સાંભળ્યા છે સંયમપ્રાપ્તિની તીવ્ર તલપથી સત્તર-સત્તર વાર ભાગી જનાર શૌર્યવંતા-ખમીરવંતા કુમાર તરીકે... તેઓશ્રીને જાણ્યા છે સાચા શ્રેષ્ઠ અણગાર તરીકે ને આજીવન ગુરુસમર્પણના શણગાર તરીકે... ભગવતીસૂત્ર આગમ અર્થના અનુપ્રેક્ષક તરીકે ને શિષ્યવૃંદના સન્માર્ગદર્શક તરીકે... અમે અનુભવ્યા છે હિત-મિત-સ્વીટ-

હિતશિક્ષા આપતા ને હૃદયથી વાત્સલ્ય વરસાવતા...''

પૂજ્યશ્રીની આવી સુમધુર સંયમમહેંકથી પ્રેરાઇને આજે હોઠ ને હૈયું કહી રહ્યું છે કે,

જૈસે ગીતા કે કણ-કણ મેં કૃષ્ણ, ઔર રામાયણ મેં રામ હૈ,

વૈસે મેરે દિલમેં તો 'સૂર્યોદય' ગુરુવર ! આપ કા હી નામ હૈ!''

* પરમાર્થની પરબ સમા ગુરુદેવશ્રી હતા.

તેઓશ્રીની નિષ્કારણ કૃપા અને ઉપકારસ્મૃતિનાં સંસ્મરણો અમારી આંખોને ભીંજવી દે છે. શાસનની આન-બાન-શાન સમા ગુરુદેવને અમોએ જે-જે અવસરે વિજ્ઞપ્તિ કરી તે દરેક પ્રસંગોમાં તેઓશ્રીએ અમને નિરાશ નથી કર્યા. તેઓ અવશ્ય પધાર્યા છે.

મારા ગુરુદેવશ્રી પૂ. કલ્પલતાશ્રીજી મ.સા.ના ૫૦૦ આયંબિલના પારણા પ્રસંગે ખાસ મુંબઇથી દીર્ઘવિહાર યાત્રા પ્રારંભીને ટૂંક સમયમાં જ રાજનગરના રમણીય ક્ષેત્રમાં આવેલ ધર્મવિહારની ધર્મભૂમિમાં પૂજ્યશ્રી પાવન પગલે પધારતાં તપોત્સવમાં ચાર ચાંદ લાગી ગયા હતા. સાત્વિકતાસભર પ્રેરણાથી પ્રવચનોનાં પીયૂષપાનથી સંઘમાં પણ અનોખો માહોલ સર્જાઇ ગયેલ. પૂજ્યશ્રીનાં મુખમાંથી વહેતી મધુરવાણીના પ્રભાવે શ્રી ધર્મવિહાર સંઘ પ્રત્યેક પ્રસંગોમાં ગુરુદેવની પધરામણીને ઝંખવા લાગ્યો. સદા ય જેમનાં જીવનવૃક્ષ પર નમ્રતાની નારંગી અને સરળતાનાં સફરજન લચી પડતાં હોય એવા ગુરુદેવે અમારી પ્રત્યક્ષ કે પરોક્ષપણે કરાયેલ ભાવસભર સર્વ વિનંતિને સદા ય સહજતાથી સ્વીકારી જ છે. એટલે જ સાચું કહું તો તેઓશ્રી અમારા માટે તો ઉપકારોનું એવરેસ્ટ શિખર જ હતા.

જ્યારે વિ.સં. ૨૦૬૩માં શ્રી ધર્મવિહારથી શંખેશ્વર મહાતીર્થ છ'રી' પાલક સંઘનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું ત્યારે પણ પૂજ્યશ્રીએ દસ દિવસ દિલથી પોતાની શક્તિઓને શાસનની પ્રભાવનામાં વાપરી હતી. ક્યારેય નથી કર્યો પ્રતિકૂળતાનો પ્રતીકાર કે ક્યારેય નથી આપ્યો અનુકૂળતાને આવકાર.

Ice Fctory જેવા ગુરુવરનાં જીવનમાં પ્રત્યેકપળે પ્રસન્નતાની ઠંડકનો જ અનુભવ થતો. પૂજ્યશ્રીની નિશ્રામાં જ શંખેશ્વરથી Return થતા વિરમગામ હાઇવે પર 'જખવાડા વિહારધામ'ની સ્થાપના સાથે સુવર્ણમાં સુગંધ ભળે તેમ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ દાદાના રમણીય જિનાલયની અંજનશલાકા-પ્રતિષ્ઠા ને દીક્ષા માણી. જૈનેતરની વસતીવાળા જખવાડાના ઇતિહાસમાં પ્રસંગ અનુમોદનીય ને અવર્ણનીય બની ગયો. પુણ્ય અને પરિણતિનાં ક્ષેત્રે સમૃદ્ધિનાં શિખર પર પહોંચેલા પૂજ્યશ્રી માટે જરૂરથી કહી શકાય કે, ગુણના ક્ષેત્રે જેમ Richness પ્રકૃષ્ટ હતી, તેમ પુણ્યક્ષેત્રે Richness એથી ય ચઢિયાતી હતી...

* પરોપકારની મૂર્તિસમા ગુરુદેવશ્રી હતા.

તેઓશ્રીએ કરેલ ઉપકારો તો સ્મૃતિની Slide માં એકેકથી ચઢિયાતા મધુરતાસભર મનમોહક બની રહેલ, સમય ને સંયોગ અનુસાર ધર્મવિહાર જિનાલયના પુનઃ પ્રતિષ્ઠા પ્રસંગે પણ શાસન પ્રભાવનામાં જેમણે સદાય સંઘ અને શાસનકાજે જીવન કુરબાન કર્યું છે એવા પ્રૌઢ પ્રભાવશાળી ગુરુદેવની પધરામણી થતાં પેલી ઉક્તિ સાર્થક થઇ કે જ્યાં પડ્યા આપનાં પગલાં... થયા ત્યાં પુણ્યના ઢગલાં...'' ક્ષેત્રની મર્યાદાની અપેક્ષાએ અકલ્પનીય ઉછામણી થતા સંઘમાં અનેરો ઉલ્લાસ છવાઇ ગયો. તે અવસરે પૂજ્યશ્રીનાં નેત્રોમાંથી નીતરતો નિર્મળ નેહ, વદન પર છલકાતું વિમલ વાત્સલ્ય અને મુખાકૃતિ પર છવાઇ જતી આહ્‌લાદકારી આનંદની ઉર્મિઓને જોતાં અંતર તુર્ત જ બોલી ઊઠતું કે... સાચે જ સ્વભાવમાં લીન ને પરભાવથી ભિન્ન ગુરુદેવ સદા ય શાસનપ્રભાવનામાં શૂરા અને પરોપકારમાં પૂરા હતા. અરે... જ્યારે અચાનક અશાતાવેદનીયના તીવ્ર કર્મોદયે મારા ગુરુજીને અસાધ્ય અને અસહ્ય એવી કેન્સરની ભયંકર બિમારી આવી ત્યારે એ દુઃખદ પ્રસંગમાં પણ પૂજ્યશ્રીએ પ્રત્યક્ષ પધારી અને પરોક્ષ પણ ભાવસભર શબ્દાક્ષરો-હૃદયાક્ષરોથી છ-છ આશ્વાસન પત્રો અવારનવાર પાઠવીને ગુરુજીને સતત સમાધિરસમાં-સમતારસમાં ઝીલતા રાખ્યા હતા. ગુરુજીના હોઠ ને હૈયામાં એક Slogan ગુંજતું કરી દીધું હતું કે, ''હસતા-હસતાં સહેવું ને સહતા-સહતા હસવું'' આ લાગણીસભર શબ્દોના સહારે મારા ગુરુજી અંતિમ સમય સુધી સમાધિમગ્ન બની રહ્યા. પૂજ્યશ્રીના આવા અસીમ ઉપકારોના અમે સદાય ઋણી છીએ.

અંતે એ ગુરુવરને એક નાનકડી હૃદયપ્રાર્થના કે ઓ ગુરુદેવ! આપની વંદનીય વિચારધારા અને પ્રશંસનીય પરિણામધારાને મેં પ્રત્યેક પ્રસંગોમાં નિહાળી છે. એ ધન્ય પળ, અલૌકિક ક્ષણો ને સોનેરી સમય... એ દિવ્ય -ભવ્ય ને રમ્ય દિવસોની સ્મૃતિ આજે આપને ભાવાંજલિ-ગુણાંજલિ-સ્મરણાંજલિ અર્પતા આંખોમાંથી અશ્રુ ટપકાવી દે છે. હજારોનાં હૈયાના હાર અને લાખોના લાડીલા આપશ્રી ૮૪ વર્ષની જૈફ વયે પણ સદા ય સંપૂર્ણપણે સ્વસ્થ-અપ્રમત્ત ને સંયમ સાધનારત રહેલ. અચાનક વ્યાધિના ઉદયથી, માત્ર તેર દિવસની અલ્પ બિમારીમાં આપશ્રીએ વિષમ વ્યાધિમાં પણ પરમ સમાધિને અનુભવી મૃત્યુને મંગલ મહોત્સવ બનાવ્યું.

''દુઃખમાં ગજબ સમાધિ સાધી, સુખમાં રહ્યા સમભાવી;

તેજસ્વી-યશસ્વી ઓ ગુરુવર, આપ હતા આતમભાવી...''

આપશ્રી જ્યાં પણ હો ત્યાંથી અમ અંતરસૃષ્ટિ પર આશિષની અમીવૃષ્ટિ સદા ય વરસાવતા રહેશો એ જ પ્રાર્થના... ✦✦✦

૭૪

# અમારા તો સર્વેસર્વા

– પૂ. સા. વિશ્વમિત્રાશ્રીજી મ.

વાત્સલ્યવારિના ધારક પ્રસન્નતાના પ્રેરક નિઃસ્પૃહતાના નિમંત્રક જૈનશાસનના ગૌરવ સમાન સમુદાયની સૌરભ સમાન પૂ. શાસન પ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા!!

કહેવાય છે કે સૂર્યની તેજસ્વિતાનું વર્ણન અઘરું છે અને એમાં ય મધ્યાહ્નના તેજસ્વી સૂર્યની સામે તો દૃષ્ટિપાત કરવાનું ય અશક્ય છે. તો પછી સાહેબજી તો સૂર્યથી પણ વધુ તેજસ્વી હતા. તેમના ગુણોનું તેમજ ઉપકારોનું વર્ણન કઇ રીતે થઇ શકે? છતાં મારી યત્કિંચિત્ ભક્તિથી એમના ગુણોનું વર્ણન કરવા તૈયાર થઈ છું.

દુનિયામાં કેટલીક હસ્તિઓ પ્રભાવિત હોય અને કેટલીક પ્રકાશિત હોય. પણ પૂ.સાહેબજી તો પ્રભાવિત અને પ્રકાશિત બંને વિશેષતાના સ્વામી હતા... એમની પ્રસન્નમુદ્રાનાં દર્શનથી તેમની પાસે આવનાર બધા પ્રભાવિત થઇ જતા. પ્રભાવકતા જીવનમાં એવી હતી કે આજે પણ આંખ બંધ કરીએ ને આંખ સમક્ષ તેમનું વ્યક્તિત્વ, ઉપદેશ, તેજ, પ્રેમભાવનાદિ સ્મૃતિરૂપે આવી જાય. શાસનપ્રભાવનાએ પણ એમનાં જીવનમાં એવી હારમાળા સર્જી હતી કે આજે પણ જૈનશાસનના પ્રભાવક આચાર્યોમાં તેઓ ઉચ્ચ સ્થાને ઉચ્ચ ગણના પામે છે અને સૂર્ય જેમ પોતે જ તેજસ્વી અને પ્રકાશમાન હોય તેમ નામ પ્રમાણે પૂ. સાહેબજી પણ પોતાના ગુણોથી-આરાધનાથી સ્વયં પ્રકાશિત હતા. સૂર્ય જેમ પ્રકાશિત હોવાથી તેનામાંથી નીકળતા કિરણો પૃથ્વીને પ્રકાશિત કરે છે તેમ પૂ. સાહેબજી પોતાની આરાધનાના કિરણોથી શિષ્યગણને, સંઘને, સમાજને, સમુદાયને પ્રકાશમાન બનાવી રહ્યા હતા...

આવી ઘણી બધી વિશિષ્ટતાના માલિક પૂ. સાહેબજી હતા. છતાં તેમના યશસ્વી જીવનને સફળતા આપતી ચાર વિશિષ્ટતા અહીં દર્શાવવી છેઃ

(૧) નિર્ણાયકતા :- એમની નિર્ણાયકતામાં દૂરંદેશિતા ભરપૂર હતી. ગમે તેવી વ્યક્તિઓ દલીલો-તર્કો લઇને આવે પણ તેમના નિર્ણયની એક ઇંટ પણ ન ખસે... સંઘ વગેરેને દરેક મુદ્દાઓ સમજાવીને નિર્ણય પાર પાડવાની સૂઝ એમનામાં હતી ''हर शिखर को अपनी नींव के पथ्थर पर विश्वास होता है, नींव का पथ्थर ही शिखर का इतिहास होता है।'' - આટલો આત્મવિશ્વાસ પોતાની જાત પર હતો અને 'આ બધું બરાબર થઇ જશે...' આ શબ્દો એમનાં જીવનમાં ગૂંથાયેલા હતા. એટલે જ કોઇ પણ નિર્ણય આત્મવિશ્વાસ સાથે લઇ શકતા હતા. ઉદાહરણ રૂપે જગડૂશા દેરાસર તૂટવાના સમયે પોતે આત્મવિશ્વાસથી ત્યાં જ રહ્યા અને કોર્ટને એમની અડગતા સામે મચક આપવી પડી હતી.

(૨) નીડરતા :- કોઇ પણ મુદ્દાને તર્કથી, શાસ્ત્રપદ્ધતિથી અને પ્રેક્ટિકલ રીતે યોગ્ય લાગે તે રીતની નીડરતાપૂર્વક રજૂઆત કરતા હતા...

(૩) નિઃસ્પૃહતા :- નિઃસ્પૃહતા જ જાણે એમનાં જીવનનો વૈભવ હતો. કોઇ પણ પદાર્થ પ્રત્યે એમને સ્પૃહા ન હતી ૮૪ વર્ષની જૈફ વયે પણ એમને ક્યારેય સેવાની સ્પૃહા રાખી નથી કે કોઇ પદાર્થ વસ્તુ કે ગોચરીમાં પોતાની ઇચ્છા બતાવી નથી. સદા ય અલગારી સંત જેવું જીવન જીવતા. વિહારમાં એક જ પાટ અને તે પણ અક્ષરવાળી હતી તો ૮૦ વર્ષે પણ નીચે બેસી ગયા હતા...

(૪) નિષ્ઠા :- (અ) પ્રભુશાસન પ્રત્યે :- પ્રભુએ મને જે આપ્યું છે તેને વફાદારીપૂર્વક હું નિભાવું અને શિષ્ય, સમુદાયને, સંઘને, શાસનને આપવું છે એવી ટેક એમનામાં હતી. (આ) ગુરુદેવો પ્રત્યે :- આજીવન ગુરુકુલવાસ, ગુરુપર્યુપાસના એમના જીવનનો મંત્ર હતો. (ઈ) સ્વાધ્યાય પ્રત્યે :- આગમો તથા અનેક ગ્રંથોનો અભ્યાસ કર્યો. જીવનના અંતિમ સમય સુધી સ્વાધ્યાયરમણતામાં રક્ત હતા અને શિષ્ય પરિવાર પણ સ્વાધ્યાયશીલ બને તે માટે અદ્‌ભુત પ્રયાસ અને ઘડતર કરતા હતા. કોણ શું ભણે છે? કોની કેવી શક્તિ છે?તે પ્રમાણે બધા જ શિષ્યોને માર્ગદર્શન આપતા હતા... (ઉ) સાહિત્ય પ્રત્યેઃ- પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનોનાં પુસ્તકોનું સંમાર્જન ૮૦ માં વર્ષે ખૂબ જ ખંતપૂર્વક કર્યું હતું. (ઊ) તીર્થોદ્ધાર - જીર્ણોદ્ધાર પ્રત્યે :- નાગેશ્વર ધર્મધામ તીર્થ, ડભોઇ તીર્થ, બધા જ તીર્થ પ્રત્યે એમની શક્તિથી નિષ્ઠાપૂર્વકની જવાબદારી નિભાવતા હતા અને એનાં જ કારણે 'દર્ભાવતીતીર્થોદ્ધારક'નું બિરૂદ પ્રાપ્ત થયેલ. અંતિમ માંદગી સમયે પણ વસઇની પ્રતિષ્ઠા સંભાળવાની સૂચના એમણે પૂ. રાજરત્નસૂરિજી મ.ને આપી હતી.

અને છેલ્લે, બધા જ જેમનામાં ભળી શકે અને બધા જ જેમને મળી શકે એવા પૂ. સાહેબજીનો વાત્સલ્યગુણ તો નાના-મોટા દરેક વ્યક્તિને સ્પર્શી જાય તેવો હતો. મારા જીવનનો એક પ્રસંગઃ

અમારી જન્મભૂમિ ડભોઇ તીર્થે પ્રસંગોપાત્ત સ્થિરતા કરવાનું થયું. વૈશાખ મહિનાની ગરમીના દિવસો. અમારા સાંસારિક ભાઇ મ. પૂ.આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. સૂરિમંત્રની ચતુર્થ પીઠિકાનો પ્રારંભ કરવાના હતા. તે દિવસે બધા સાધ્વીજી વંદનાર્થે ગયા અને પૂ. સાહેબજીએ મને પ્રેરણા કરી. ''આ પીઠિકા સાથે તમે અઠ્ઠાઇ કરો.'' મારાથી એક એકાસણાનો તપ માંડ થતો હતો એટલે મેં સંકોચપૂર્વક ન છૂટકે ના કહી. જોગાનુજોગ તે દિવસે તિથિ હોવાનાં કારણે મેં પચ્ચક્ખાણ પાર્યું ન હતું. તે દિવસે એમની પ્રેમાળ પ્રેરણા પુનઃ થતાં એ ઝીલીને એક ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું. બીજે દિવસે આ જ ક્રમથી આગળ કલ્પનાતીતરૂપે આઠ દિવસ પૂર્ણ થઈ ગયા. એ દિવસે એમની વચનસિદ્ધિની અનુભૂતિ થઇ કે જે મારા માટે અશક્ય હતું તે એમના વાત્સલ્યરૂપી વચનથી ફળીભૂત થયું. આવા પ્રેમાળ ગુરુદેવની ખોટ સમુદાયમાં પડી. પણ સૌથી વધુ અમારા સૌનાં અંતરમાં પડી.

એટલે જ કહેવું છે કે :-

''કોઇ કહે છે પુણ્ય કમાઇ ગયા, કોઇ કહે છે સુવાસ ફેલાવી ગયા;
કોઇ કહે છે સમુદાયના મોભી ગયા, પણ અમારા તો સર્વેસર્વા ગયા!''

સમયની સરિતાના સલિલ સર સર જાય છે, ને વખત કેરા વાયરા પણ વહી જાય છે, ગગનચુંબી ઇમારતો પણ જમીનદોસ્ત થાય છે, કિંતુ મહાપુરુષોની યાદ ચિરંજીવ રહી જાય છે...

અનંતના યાત્રી પૂ. સાહેબજી એવા પરમહંસ હતા કે જે અલ્પ કાળ માટે આ ભરતક્ષેત્ર રૂપ સરોવરની પાળે પાંખ પસારી બેઠા હતા... જેટલાને એ શોભા માણવા મળી એ ધન્ય બન્યા...

હવે તો એ હંસ અન્ય સરોવરની (મહાવિદેહ)ની પાળને શોભાવતા હશે...

પૂ. સાહેબજીની યાદ ક્ષણભર પણ વિસરાતી નથી. સતત આંખ સામે તરવરતો તેમનો મધુર ચહેરો, વિવિધ મુદ્રાઓ, અને પ્રસન્નતા જાણે સંતાકૂકડી રમતાં હોય છે. તેમના મુખરૂપી ગગનાંગણે પ્રત્યેક પળે પ્રસન્નતાની પૂર્ણિમા પૂરબહારમાં ખીલેલી દેખાય છે. પૂજ્યશ્રી સમુદાયનું ચળકતું રત્ન હતા. સતત પ્રકાશતા સૂર્ય જેવા પૂજ્યશ્રી કાળનાં વાદળમાં છુપાઇ ગયા. આયુષ્યનો આદિત્ય અસ્ત થઇ ગયો ને અવનિના અણગાર આજે સ્વર્ગના શણગાર બની ગયા...

તેમનાં ચરણોમાં નતમસ્તકે શ્રદ્ધાસુમન સમર્પણ કે જેથી એમનાં જીવનના ગુણો અમારા જીવનમાં પણ સંક્રાન્ત થાય...

✦✦✦

૭૫

# સૌના માર્ગદર્શક

– પૂ.સા. શ્રી કલ્પદ્રુમાશ્રીજી મ.

જેમ હવાને મુઠ્ઠીમાં કેદ કરવી મુશ્કેલ છે, તેમ અલ્પમતિ દ્વારા મહાપુરુષોનું જીવનવર્ણન કરવું અતિ કઠિન છે. પૂજ્યશ્રીના ગુણોને માપવા માટે આ દુનિયામાં કોઇ મેજરટેપ નથી, તો હું જડબુદ્ધિ કલમ વડે એ આલેખી શકું તેમ પણ નથી. કારણ ?

''સાત સમંદર શાહી કરું, લેખની કરું વનરાય;
પૃથ્વી સહુ કાગળ કરું, ગુરુગુણ લખ્યા ન જાય

ગુરુજીના ગુણો ઝાઝા, ને થોડું મારું જ્ઞાન;
કેમ કરી ગાઉં ગુરુ, આપના ગુણગાન?''

આવા મહાપુરુષોના ગુણોનું વર્ણન તો જે ગુણજ્ઞ હોય તે જ કરી શકે. મારા જેવી અલ્પજ્ઞાની શું તાકાત? પણ જેમ પાંગળો માણસ પણ પહાડ ચડવાનો પ્રયત્ન કરે તેમ હું પણ મારી અલ્પબુદ્ધિથી, મને રત્નત્રયીની સાથે રજોહરણનું દાન કરનાર મારા અનંત ઉપકારી ગુરુજીના ગુણગાન કરવા પ્રયત્નશીલ બની છું.

ગુરુજી સમતા-સરળતા-સહનશીલતા અને સૌમ્યતા આ ચાર 'સ' ના સ્વામી હતા. (૧) 'આકૃતિર્ગુણાન્ કથયતિ' ન્યાયે આકૃતિ ગુણોને બતાવે (૨) કૃતિ પ્રતિભાને કહે (૩) પ્રકૃતિ આંતરપરિણતિને જણાવે.

**આકૃતિ :** આંખમાં નિર્વિકારતા, મુખ ઉપર પ્રસન્નતા, ભાલપ્રદેશ પર તેજસ્વિતા, જીભ પર મધુરતા, પગલે-પગલે પ્રભાવકતા અને હૃદયમાં ગંભીરતા. પૂજ્યશ્રીની પવિત્ર આકૃતિ જ અંદર ભંડારાયેલા અપાર ગુણવૈભવની સાક્ષી હતી. પૂજ્યશ્રીની નિર્મળ મુખાકૃતિ અંતરના અજવાળાને પ્રતિબિંબિત કરતી હતી.

(૨) **કૃતિ :** કાવ્ય જોઇને જેમ કવિની મહાનતા પરખાય, શિલ્પ જોઇને જેમ શિલ્પીની કલા કારીગીરી જણાય તેવી જ રીતે સર્જન જોઇને મહાન વિભૂતિની મહાનતા પરખાય. આજે આપણે જોઇએ જ છીએ એમના અદ્ભુત સર્જન સમા સુવિદિત શિષ્યો-પ્રશિષ્યો. કોઇક પ્રવચનકાર તો કોઇક લેખક, કોઈક તપસ્વી તો કોઇક ત્યાગી, કોઇક વિદ્વાન તો કોઇક શાસનપ્રભાવક, કોઇક વૈયાવચ્ચી તો કોઇક વિનયી. આ તો થઇ શિષ્ય-પ્રશિષ્યોની વાત. હવે જોઇએ શાસનપ્રભાવના. સળંગ ૩૮ વર્ષો (૪+૩૪) સુધી પૂજ્ય યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજાના અંતેવાસી રહીને તેઓ પૂજ્યશ્રી પરમ કૃપા અને પરમ આશિષ પામ્યા હતા. તેના પ્રભાવે પૂજ્ય યુગદિવાકરશ્રીની ચિરવિદાય બાદ તેઓશ્રીના હસ્તે અંજનશલાકા-પ્રતિષ્ઠા-જિનાલય તથા ઉપાશ્રયનિર્માણ-ઉપધાનતપ-દીક્ષાઓ-પદયાત્રાસંઘો આદિ શાસનપ્રભાવનાઓની સતત હારમાળા સર્જાતી જ રહી હતી.

(૩) **પ્રકૃતિ :** પૂજ્યશ્રીની પાસે જ્યારે પણ વંદનાર્થે જઇએ ત્યારે પ્રસન્નચિત્ત અને ટેકા વગર પાટ પર બેઠાં બેઠાં કાં તો લેખન કાં તો વાંચન જ કરતા હોય. આવેશ તો એમના જીવનમાં ક્યારે ય પણ જોવા ન મળે. વડીલ સાધ્વીવર્યા હોય કે બાળ સાધ્વીજી હોય બધા ઉપર એમની વાત્સલ્યધારા સતત વરસતી જ રહે. જેમ ભર ઉનાળામાં બપોરે તાપથી ત્રસ્ત થયેલો કોઇ માણસ આમ તેમ ભટકતો હોય અને અચાનક એને કોઇક ઘેઘૂર વડલો મળી જાય તો એની છાયા પામીને જેવી શાતા અનુભવે. બસ, એવી જ પરમશાતા આ ભીષણ સંસારના દાવાનળમાં વિષય-કષાયોથી ત્રસ્ત બનેલા આત્માઓ પણ પૂજ્યશ્રીની સમીપે જઇને અનુભવતા હતા.

હે ગુરુદેવ! આપનું જીવન જ ઝળહળતા દીપક સમાન હતું. જેણે કેટલાયના જીવનના અંધારા ઉલેચી નાખ્યા, જેણે કેટલાયે આત્માઓ માટે દીવાદાંડીનું કામ કર્યું છે. ગુરુદેવનું જીવન સૌના માટે માર્ગદર્શક છે...

એક વાત યાદ આવે છે. ચાર મિત્રો વિવિધ સંતોની જન્મભૂમિની સફરે દર્શન કરવા નીકળ્યા. મહારાષ્ટ્રમાં સંત તુકારામની જન્મભૂમિનાં દર્શન કર્યા. એમ અલગ અલગ પવિત્ર ભૂમિનાં દર્શન કરતાં કરતાં ધંધુકામાં આવ્યાં. ત્યાં બેઠેલી બે-ત્રણ વ્યક્તિને પૂછ્યું-''ભાઇ ! શું કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનો જન્મ આ જ ગામમાં થયો હતો?'' ત્યારે જવાબ મળ્યો કે : ''ના ભાઇ ના. અહીં તો માત્ર ચાંગાનો જન્મ થયો હતો. પરંતુ એ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય તો પોતાના કર્મથી અને ગુણોથી બન્યા. જન્મ્યા ત્યારે તો માત્ર એ ચાંગો જ હતા.

ગુરુદેવ! આપે પણ પોતાના જીવનમાં અનેક ગુણોને વિકસાવ્યા અને પોતાના કર્મથી-પુરુષાર્થથી ''સેવંતિભાઇ'' માંથી શાસનસિતારા આચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. બન્યા. જનજનના હૃદયસિંહાસને ઝૂલવા લાગ્યા. જનજનની જીભે રમવા લાગ્યા. જનજનની આંખોનું અમૃત બની ગયા.

જીવદયાનું કાર્ય હોય કે તીર્થરક્ષાનું કાર્ય હોય, તીર્થનિર્માણનું કાર્ય હોય કે શાસનરક્ષાનું કાર્ય હોય : દરેક માટે પૂજ્યશ્રીની પ્રેરણાથી સહજ રીતે કરોડો રૂપિયા એકત્ર થઇ જતા. ઉપદેશના ફક્ત એક બોલથી સુશ્રાવકો પોતાની અઢળક સંપત્તિ ન્યોછાવર કરી દેવામાં પોતાની જાતને બડભાગી માનતા. તે આપશ્રીની પુણ્યાઇ અને સંયમસાધનાની સિદ્ધિ હતી. બસ, હવે છેલ્લે આટલું જ કહેવું છે કે-

''દેહથી ભલે દૂર થયા, ગુણદેહે છો અમ અંતરે,
શબ્દો થકી ઉપકાર માની મન મનાવું આખરે;
શ્રદ્ધાંજલિ શ્રદ્ધા થકી અર્પણ કરું છું આપને,
નિત આપનાં અંતરતણી શુભ આશિષો અમને મળે...''

✦✦✦

૭૬

# અમારા શિરચ્છત્ર

–પૂ.સા. શ્રી જિનયશાશ્રીજી મ.

चंद शब्दोंमें गीता समाई नही जाती,
राम–सीताकी गाथा गाई नही जाती;
गुरु तो सागर है गागरमें समाउ कैसे?
सिंधुको बिंदु पर, बिछाउ कैसे ?...

દરિયા કિનારે ઊભેલા એક બાળકને પૂછવામાં આવે કે આ દરિયો કેટલો મોટો...? મહેલમાં ઊભા રહેલા બાળકને પૂછવામાં આવે કે આ આકાશ કેટલું મોટું છે...? અમાસની અંધારી રાત્રિએ ડુંગરની ટોચ પર ઊભેલા બાળકને પૂછવામાં આવે કે આકાશમાં તારા કેટલા...? ત્યારે એ બાળકો પોતાની શક્તિ અને સમર્થતાની મર્યાદાને આધીન બની પોતાના બે હાથને શક્યતઃ ફેલાવીને તે તે વસ્તુની વિશાળતાનું જ્ઞાન કરાવવાની બાળચેષ્ટાથી વિશેષ કાંઈ કરી શકતા નથી. વીસમી સદીના વિરલ વિભૂતિના જીવનની અજબ-ગજબની વાતો વર્ણવવા બસ, આવી જ કોઈ બાળચેષ્ટા મારા વડે થઈ રહી છે.

હિમાલયના કૈલાસ શિખરને સર કરવું અતિ કઠિન કાર્ય છે. આ શિખરને સર કરવા આખેઆખી જિંદગી લાગી જાય. સતત અને સખત પરિશ્રમ જ સિદ્ધિની પ્રાપ્તિ કરાવી શકે. કદાચ, મારા જેવી નિર્બળ વ્યક્તિનું તો કામ જ નથી, છતાં પણ... પૂજ્ય આચાર્ય ભગવંત પ્રત્યેની હાર્દિક ભક્તિના કારણે જ આ હિમાલયની ટોચને સર કરવા જેવું કાર્ય કરી રહી છું.

જેમના દર્શને અંતર ઝંકૃત થઈ ઉઠે, જેમની વાણીના શ્રવણે દિલ ઝૂમી ઉઠે, જેમનાં પાવન સાન્નિધ્યે કબીરવડને ય શરમાઈ જવું પડે, જેમના વાત્સલ્ય આગળ માતાને ય પોતાની હાર સ્વીકારવી પડે, જેમની સરળતા આગળ પાણીને ય નીચે જોઈ લેવું પડે. જેમની આંખની અમી આગળ અમૃતને ય પરાજિત થઈ જવું પડે. આવા જ એક જ્ઞાનવૃદ્ધ...પર્યાયવૃદ્ધ...ચારિત્રવૃદ્ધ... અનુભવવૃદ્ધ આચાર્ય ભગવંત એટલે દર્ભાવતી તીર્થોદ્ધારક પરમ શાસનપ્રભાવક અને અમારા શિરચ્છત્ર પૂજ્યપાદ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા...

રોમે રોમ વસી ગયેલું શાસન, શબ્દે શબ્દે ટપકતો જિનવચનો પર અવિહડ અહોભાવ, પ્રત્યેક પગલે દેખાતી જાગૃતિ, પ્રત્યેક પ્રસંગે નજરે ચડતી અંતર્મુખતા, સ્તવનની કડીએ કડીએ છલકતી પ્રભુભક્તિની પરાકાષ્ઠા અને ગુરુ પ્રત્યેનો ઉછળતો સમર્પણ ભાવ...આ બધું તો જેણે નજરે જોયું હોય એને જ ખ્યાલ આવે અને એટલે જ હજારો આત્માઓના હૃદયમાં પૂજ્યશ્રીએ સહજતાથી સમર્પણભાવને ઉછળતો કરી દીધો હોય તો એમાં લેશ આશ્ચર્ય નથી.

અમારા પ.પૂ. સરળ સ્વભાવી દાદીગુરુ મ.સા. શ્રી સ્નેહલતાશ્રીજી મ.સા. તથા અમારા પ.પૂ. ગુરુ મ.સા. શ્રી યશોધર્માશ્રીજી મ. સાહેબને જ્યારથી પૂજ્ય આચાર્યભગવંતની કૃપા અને નિશ્રા પ્રાપ્ત થઈ ત્યારથી અમારા જીવનમાં જાગૃતિ આવતી ગઈ. એમાં યુવામુમુક્ષુ કુ. નિધિબેનને પૂજ્યશ્રીએ પ્રવજ્યાની પાવન પ્રેરણા કરતા પૂજ્યશ્રીના વરદ હસ્તે શ્રી પ્રાર્થના સમાજ જૈન સંઘમાં દીક્ષાપ્રદાન થઈ અને સા. શ્રી નમ્રયશાશ્રીજી તરીકે નામ પૂજ્યશ્રીએ સ્થાપ્યું. આ રીતે મારા પર સર્વપ્રથમ ઉપકારની સૌથી મહાન હેલિ પૂજ્યશ્રીએ વરસાવી. ઉપકારની હેલિ ઝીલતા ઝીલતા અમે સંયમજીવનમાં આગળ વધતા રહ્યા. ત્યાર પછી એમની સંસારીબેન યુવામુમુક્ષુ કુ. યેશાને પણ પૂજ્યશ્રીએ અવાર નવાર ચારિત્રની પ્રેરણા કરી સ્થિર કર્યા. અને ૪ વર્ષ બાદ ફરીથી વધુ જબરજસ્ત ઉપકારવર્ષારૂપે મુમુક્ષુ યેશાબેનની દીક્ષાનું મુહૂર્તપ્રદાન કરી કૃપા કરી અને ઉછળતા ઉમંગથી કાંદિવલી-ઈસ્ટ શ્રી ધર્મશાંતિધામમાં દીક્ષા આપી. સા. શ્રી નમનયશાશ્રીજી નામ આપ્યું. જાણે કે મૂક સંદેશ ન આપતા હોય કે ‘‘નમ્ર બની નમન કરશો તો સિદ્ધિગતિએ જલ્દી પહોંચશો...’’ પૂજ્યશ્રીએ એવી શુભ પ્રેરણાનો સ્ત્રોત વહાવ્યો કે આયંબિલથી જોગ થયા, ઉપર અઠ્ઠાઈ થઈ અને વડીદીક્ષા પ્રાપ્ત થઈ. આવા પ્રબળ પુણ્યપ્રભાવવંતા છતાં સરળ આચાર્યભગવંત લાખોમાં શોધીએ તો ય ન જડે. એવા આચાર્ય ભગવંતની અચાનક વિદાય થઈ જતાં સમુદાયને, સંઘને અને શાસનને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

એ જ આચાર્યભગવંતની પાલખીયાત્રા અંધેરી-શાંતાવાડીથી ભાયંદર-બાવનજિનાલય ૨૯ કિ.મી. લાંબી જવાની હતી. અમે બધા સાધ્વીજી ભગવંત સાથે અંધેરીથી વિહાર કરી ભાયંદર જવા નિકળ્યા. કાંદિવલી સુધી ચાલ્યા બાદ મારા પગમાં ડગલું પણ ચાલવાની તાકાત ન હતી. બંને શિષ્યાઓને કહી દીધું કે તમે ભાયંદર પહોંચી જાઓ હું આજે નહીં પહોંચી શકું. આવતીકાલે આવીશ. બહાર રોડ ઉપર એક ખુરશી પર બેસી ગઈ. અને પૂજ્ય સ્વર્ગસ્થ આચાર્ય ભગવંતને ૧૦ મિનિટ પ્રાર્થના કરી કે ‘હે ગુરુદ્દેવ! અહીં સુધી આવી આ ખુરશી પર બેઠી છું. હવે એકે ડગલું ભરવાની મારામાં તાકાત નથી. પણ ભાયંદર આપના અંતિમ દર્શન કરવાની અદમ્ય ઈચ્છા છે. અહિંયા બેસાડી રાખવી કે અહીંથી ઊભી કરીને ભાયંદર પહોંચાડવી એ આપની મરજી...!!! અને ૧૦ મિનિટની આ પ્રાર્થના બાદ ચમત્કાર સર્જાયો. પૂજ્યશ્રી ત્યાંથી જાણે ઉઠાડી ચાલવાની પ્રેરણા ન કરતા હોય! એમ હું ચાલવા લાગી. જાણે કે ‘‘જાપ કરતા જોગ મળે, નામ લેતાં સ્ફૂર્તિ મળે, પગમાં પાવર પૂરે ગુરુનો પ્રભાવ...’’ આ સાક્ષાત્ ચમત્કાર અનુભવ્યો ને ક્યારે-કેવી રીતે ભાયંદર પહોંચી ગઈ ખબર પણ ન પડી અને પૂજ્ય આચાર્યભગવંતના અંતિમ દર્શન અશ્રુભીની આંખે કર્યા.

આવા પ્રૌઢ પ્રભાવશાળી આચાર્યભગવંતને અંજલિ અર્પતા એટલું જ કહીશું કે ‘‘આપ જ્યાં હો ત્યાંથી અમારા પર સતત કૃપા વરસાવતા રહેશો.

આપના ઉપકારોની યાદીઓ લખી લખાય તેમ નથી.
આપના ઋણના સરવાળા માંડ્યા મંડાય તેમ નથી.
આપના ગુણના ગીતો ગાયા ગવાય તેમ નથી.
આપની સમૃદ્ધિના સરવાળા દિલના ચોપડે ચીતરાય તેવા નથી.
આપના પ્રતાપના પ્રતિબિંબ પંક્તિઓમાં પડે તેવા નથી.
આપના નૂરના નકશા દોર્યા દોરાય તેવા નથી.
આપના ગુણોની ઊંચાઈના માપ માપપટ્ટીથી નીકળે તેવા નથી.
આપની ગરિમાના વજન ત્રાજવે તોળાય તેવા નથી...’’

✦✦✦

## ૭૭ ગાગરમાં સાગર

– પૂ. સા. કોમલકલાશ્રીજી મ.

''સબ ધરતી કાગજ કરું, કલમ કરું વનરાય;

સબ સાગર સ્યાહી કરું, તો ભી ગુરુગુણ લિખા ન જાય.'

આજે જ્યારે સૂર્ય સમા તેજસ્વી પ્રૌઢ પુણ્યપ્રભાવશાળી પ.પૂ. આ.ભ. શ્રીમદ્ વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના જીવનને અંજલિ આપવાનો પ્રયાસ કરું છું ત્યારે અંતરમાં ભાવોનો સાગર ઉમટી પડ્યો છે. દૃષ્ટિમાં ગુણનો સાગર લહેરાઇ રહ્યો છે. અપાર અમાપ ગુણનો ખજાનો લઇ બેઠેલા પૂ. ગુરુદેવના કયા ગુણનું વર્ણન કરવું અને કયા ગુણને ગૌણ કરવો તે મોટો પ્રશ્ન પર્વત થઇ ઊભો છે. પૂ. સાહેબજી અપૂર્વ ગુણવૈભવી હતા. મન મુંઝાય છે. શું કરું? ગુરુદેવના ગુણો લખવામાં આખી ધરતી કાગળરૂપ થઇ જાય અને સાગર શાહી બની જાય તો પણ ઓછા જ પડશે.

સદા ય ના ચિરપરિચિત પૂ.સાહેબજી. છતાં પણ છેલ્લા છ મહિના લગભગ અવાર નવાર સાથે રહેતા અનેક ગુણોને સાક્ષાત્ જોવાનો જે અવસર પ્રાપ્ત થયો એ અલૌકિક હતો. ગુણસૌરભનો અનુભવ થયો. એક વારનો પ્રસંગ. અમે સાવ નાના છતાં સાહેબજી પોતાનાં જીવનની અભ્યાસની વાત પ્રેમથી કરતા હતા. અમે પ્રશ્ન પૂછતા ગયા અને તેઓ ઉત્તર આપતા રહ્યા. સમય ઘણો થયો. ગુરુદેવની ગોચરી આવી ગઇ. શિષ્યોએ કહ્યું : 'પધારો ગુરુદેવ...!' સમય ઘણો ગયો, છતાં ગુરુદેવ અભ્યાસની બાબત અમને સમજાવતા રહ્યા. તે સમયે તેમના મસ્તક ઉપર તડકો ખૂબ આવવા લાગ્યો. ગરમીની સીઝન હતી. અમે ત્યાં બેસેલા તો ય થોડા ખસી ગયા. પણ ગુરુદેવ તો અભ્યાસની વાત સમજાવવામાં જ તલ્લીન રહ્યા. ત્યારે ખરેખર અહોભાવથી મસ્તક ઝૂકી ગયું... ધન્ય છે મહાપુરુષોને...

જ્ઞાનના વિષયમાં તેઓ અગ્રેસર હતા. સાચું કહું તો મહાન જ્ઞાની હતા. કોઇ પણ પ્રશ્નમાં મુંઝાઇએ ત્યારે અવશ્ય માર્ગ બતાવે. તેઓશ્રીના એક પછી એક ગુણો નજર સમક્ષ દેખાય છે. કહેવાય છે કે ગાગરમાં ક્યારેય સાગર સમાય નહીં. ગુરુદેવના ગુણો હતા સાગર જેવા અને મારો આ નાનકડો ગુણકીર્તનલેખ છે ગાગર જેવો. કહો, તેઓશ્રીના સાગર સમા ગુણો મારા ગાગર જેવા નાનકડા લેખમાં શેં સમાય? છતાં ય અહીં પ્રતીકરૂપે એક ગુણનું સ્મરણ કર્યું છે.

અંતે, સાગરમાં રહેલા અઢળક મોતીની જેમ ગુરુદેવમાં રહેલા અઢળક-અનહદ ગુણમોતીમાંથી એકાદ નાનકડું ગુણમોતી અમને પણ મળી જાય-અમારું જીવન પણ ગુણમય બને એ જ પ્રાર્થના... ✦✦✦

## ७८ विरल विभूति

पू.सा.श्री कीर्तनकलाश्रीजी म.

कृति जिनकी कल्याणकारी,
आकृति जिनकी आह्लादकारी;
प्रकृति जिनकी प्रेम की क्यारी,
जिनाज्ञा थी जिन्हें प्राण से प्यारी...
ऐसे उन्नत गुणोके धारी, स्वीकारो गुरुजी वंदना हमारी।

सृष्टिकी सुन्दर फुलवारी में अनेक पुष्प खिलते हैं और मुर्झा जाते है, लेकिन पुष्पकी विशेषता और महत्ता इसी में होती हैं कि वह अपनी सौरभसे दूर दूर तक सुगन्ध फैलाता है तथा लोगोंको ताज़गी और प्रफुल्लतासे भर देता है। संसारमें अनेक जीव जन्म लेते है, लेकिन उसीका जीवन सार्थक होता है, जिसका गुणमय व्यक्तित्व सदैव दूसरोंके जीवनको नयी और सही राह दिखाता है। जो सत्य, अहिंसा, प्रेम, सदाचार जैसे उच्चतम संस्कारोंका खजाना जगत के समक्ष रखते हुए मुमुक्षु जीवोंको यह विरासत सौंपने के लिये प्रचण्ड पुरुषार्थ करते हैं। प्रमादकी गाढ़ निद्रासे जागृत करके कर्तव्यकी राह पर आगे बढनेका मार्गदर्शन देते हैं और जीवन जीने की कलाका अपूर्व बोध प्रदान करते हैं। जो अपने जीवन को उज्जवल बनाने के साथ दूसरों के जीवन को भी उज्जवल करते हैं। ऐसे शासनरत्नों में जैन शासन के आचार्य के रुप में जिनशासन का डंका देश-विदेश में जिन्होंने गुँजाया है वे गौरवमय गुजरात की भूमि के रत्न अप्रतिम उदारता की मूर्ति क्षमा, तप और संयम मार्ग के द्दढ उपासक आर्जवता तथा मार्दवता से श्रावको का मन मोह लेने वाले पू.आ.देव श्री सूर्योदयसूरीश्वरजी म.सा. ...

सुमनोहरभूमि डभोईकी, गुंजती ध्वनि जहाँ सदा आनन्द की, मस्ती मनाने निजानंद की, आजन्म विरक्त विभूति पू. सूर्योदयसूरि गुरु की... उनकी आत्मा में निरन्तर यही भाव रहता कि सर्व जीव शासन के स्नेही कैसे बने, वीर के संतान वीर के मार्ग पर कैसे चले?

'दुःख में अजब समाधि साधि, सुख में रहे समभावी ।
तेजस्वी यशस्वी सूरीश्वरश्री आप थे आत्मभावी'
कल्याणकारी है आपका च्यवन, मंगलकारी है आपका जन्म।
पावनकारी है आपकी प्रवज्या, प्रेरणादायी है आपका अवसान ।।

जिन शासन के कोहीनूर रत्न को कालराजा ने छीन लिया।

पू. गुरुदेव तो सबको छोडकर चले गये परंतु उनकी वाणी का अलौकिक जादू और ऐसा प्रचण्ड पुण्य प्रभाव आज भी जीवंत हैं। ऐसी विरल विभूति-शासन के सेनानी, वीर प्रभु की आज्ञा मे डूबे योद्धा हम सबको छोडके चले गये लेकिन :-

दीप बुझा प्रकाश अर्पित कर,
फूल मूरझाया सुवास समर्पित कर।
टूटे तार पर सूर बहकर,
गुरुजी चले पर नूर फैलाकर ।।...

✦✦✦

७૯

## સ્મરણાંજલિ...ભાવાંજલિ...વંદનાંજલિ

– પૂ.સા. શ્રી અપૂર્વકલાશ્રીજી મ.

સાચા સંયમીને સ્મરણાંજલિ...

અણગારને અશ્રુભીની અંજલિ...

ભવભીરુ ભવ્યાત્માને ભાવાંજલિ....

વીર પ્રભુના વારસને વંદનાંજલિ...

* કરુણા જેમનાં હૃદયમાં હતી, પરોપકાર જેમના પગલામાં હતો અને સતત શાસન-કાર્યો કરતા રહેવું એ જેમનો જીવનમંત્ર હતો એવા પૂજ્યશ્રી...

* પરોપકાર ને પરાર્થવૃત્તિને જેમણે પોતાના જીવનની આવૃત્તિ બનાવી એવા પૂજ્યશ્રી...

* પુણ્ય ને પુરુષાર્થનો પ્રકાશ પાડી પૃથ્વી પર જેમણે ઉજાસ પ્રગટાવ્યો એવા પૂજ્યશ્રી...

* શુભ પ્રવૃત્તિઓના પ્રેરણાદાતા બની, અનેકોને પુણ્યના ભાતા બંધાવ્યા એવા પૂજ્યશ્રી...

* ખદારી અને ખમીરીથી સંયમજીવન જીવીને જેમણે ગુણોનું નંદનવન સજાવ્યું એવા પૂજ્યશ્રી...

એટલે યુગદિવાકરસમુદાયના કોહીનૂર હીરા, શાસનપ્રભાવક, દર્ભાવતીતીર્થોદ્ધારક, સંઘસેવા-સાહસ-સમર્પણની મૂર્તિ, પ.પૂ.આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા...

સ્વજીવનને અનેક ઉત્તમ આરાધનાથી મંડિત કરનાર પૂજ્યશ્રી અંજનશલાકા-પ્રતિષ્ઠા-ઉપધાન-પદયાત્રાસંઘો-આદિની પરંપરા દ્વારા શાસનના ઉત્તમ પ્રભાવક હતા, તો જગડૂશાજિનાલયરક્ષા જેવા કાર્યો દ્વારા શાસનના રક્ષક પણ હતા. એક આદર્શ

સદ્ગુરુ એટલે પૂજ્યશ્રી... ગુરુ એ રાહ છે, ગુરુ એ ચાહ છે, તો મોક્ષની મંજીલે ચઢવા ગુરુ એ હમસફર પણ છે.... 'ગુરુ' શબ્દના ઈંગ્લીશ અક્ષરો 'GURU' પણ ગુરુની મહત્તા બતાવતા કહે છે...

**G = Gate (ગેટ).** ગુરુ એ દરવાજા સમાન છે. બધા જ સદ્ગુણોનો ઉઘાડ આપણા જીવનમાં કરી દેનાર ગુરુ છે... ગુરુરૂપી દરવાજામાં જે પ્રવેશ પામે છે તે ધર્મનગરીમાં પ્રવેશ પામી મુક્તિમહેલે પહોંચી જ જાય...

પૂજ્યશ્રી પણ એવો જ 'ગેટ' હતા જેમાં અનેક જીવોએ પ્રવેશ કરી પોતાનો આત્મકલ્યાણનો માર્ગ નિશ્ચિત કરી દીધો . પૂજ્યશ્રીનો વિશાલ અને આચારનિષ્ઠ શિષ્ય-પરિવાર તેમજ પૂજ્યશ્રીના વરદ હસ્તે થયેલ અનેક દીક્ષાઓ વગેરે જોતાં સમજાઇ શકે છે કે તેઓ આત્મકલ્યાણનું કેવું મંગલ પ્રવેશદ્વાર હતા.

**U = U Turn (યુ-ટર્ન).** ગુરુ યુટર્ન લાવી વેરાન વન બનેલા જીવનને ઉપવન બનાવે છે. પ્રવચન દ્વારા પાપપશ્ચાત્તાપનો મહિમા સમજાવી પાપોની શુદ્ધિ કરાવી જીવોને ધર્મના રાહે ચઢાવી દેવાનું કપરું કાર્ય સહેલાઈથી કરી આપે તે ગુરુ... પૂજ્યશ્રી આવા ગુરુ હતા. એથી જ જીવનના અંતિમ સમય સુધી પ્રભાવક પ્રવચનશૈલીથી જીવોને પાપમુક્ત બનાવી ધર્મના માર્ગે જોડતા રહ્યા...

**R = Roll (રૉલ).** ગુરુ અનેક રૉલ-ભૂમિકાઓ ભજવીને આપણને સંસારથી તારવા પ્રયત્ન કરે છે. ...ક્યારેક માતા બની વાત્સલ્યનો ધોધ વરસાવે, તો ક્યારેક પિતા બની જીવનમાં ગુણોના સૌંદર્યને ખીલવી દે ; ક્યારેક મિત્ર બની દોષોથી બચાવે તો ક્યારેક શિક્ષક બની જીવન જીવવાના પાઠ શીખવે...

પૂજ્યશ્રી આ બધી જ રૉલ-ભૂમિકાઓ ભજવવામાં માહિર હતા. આ વાતનો ખ્યાલ

તો તેમના આશ્રિત વર્ગને જોતા જ આવી જાય. શિષ્ય-પ્રશિષ્ય પરિવારમાં આચારચુસ્તતા તો ખરી જ. સાથે જ શાસ્ત્રાભ્યાસ પણ દેખાઈ આવે છે. સંઘના-શાસનનાં કાર્યોમાં વ્યસ્ત હોવા છતાં પણ તેઓશ્રી શિષ્યપરિવારને પોતે જ ભણાવતા.

**U = Umbrella** (અમ્બ્રેલા). ગુરુ છત્રી જેવા છે. છત્રી જેમ વરસાદમાં આપણી સુરક્ષા કરે છે, તેમ ગુરુ એ રાગ-દ્વેષ-મોહ-અહંકારાદિ દોષોની વૃષ્ટિ વચ્ચે છત્રી બની આપણને સુરક્ષિત કરે છે. માટે જ ગુરુતત્ત્વ મહાન છે. પૂજ્યશ્રી સમુદાયના સાધુ-સાધ્વીજી ભગવંતો માટે શિરચ્છત્રરૂપ હતા. એકવાર એમના ચરણે સમર્પિત થયા એટલે સુરક્ષાકવચ મળી જ જાય.

પવનપંખ પર ચઢ, ફૂલોકી ફૈલે સુવાસ;
ગુણવાન ગુરુકી કીર્તિગાથા, ફૈલે બિના પ્રયાસ.

પૂજ્યશ્રીના ગુણો અમારા જીવનમાં વિકાસ પામી અમને સહુને મંઝિલ સુધી જલદી પહોંચાડે એ જ મંગલ કામના સાથે

પૂજ્યશ્રીના ચરણોમાં નત મસ્તકે વંદના... ✦✦✦

૮૦

## ઉપકારોનું સંસ્મરણ

**– પૂ.સા. શ્રી કલ્પવર્ષાશ્રીજી મ.**

જિનશાસનને અજવાળનારા, મોક્ષમાર્ગના દીપકને ઝળહળતો રાખનારા, શાસનના રક્ષણમાં સદા તત્પર, શાસનના રહસ્યોને પ્રગટકરનારા, જૈન શાસનના કોહીનૂર, અપ્રતિમ મતિધારક, અનેક આત્માઓના જીવનશિલ્પનિર્માતા, ભવસિંધુતારક, જ્ઞાનથી સર્વેના આત્મામાં જ્યોતિ જગાવનાર, જૈન શાસનના દીપક સમાન એવા ઉપકારી ગુરુદેવના ચરણોમાં કોટિ કોટિ વંદના...

પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. સૂર્ય જેવા તેજસ્વી હતા. જેમ સૂર્યના ઉદયનું તમામ શ્રેય પૂર્વ દિશાને જાય છે તેમ પૂજ્યશ્રીની તમામ વિશેષતાનું શ્રેય પૂજ્ય યુગદિવાકર ગુરુદેવ શ્રી ધર્મસૂરીશ્વરજી મ.ની અનરાધાર વરસતી કૃપાને જતું હતું. તેઓમાં ગુરુભક્તિ અનન્ય અને અજોડ હતી. આથી જ તેઓ યુગદિવાકરશ્રીજીના હૃદયમાં વસી ગયા હતા. ગુરુભક્તિ સાથે જ્ઞાન પણ અગાધ હતુ. જ્ઞાનના દરિયા હતા. આથી જ તેઓ વ્યાકરણ-સાહિત્ય-ન્યાયના વિષયોની કલકત્તા યુનિવર્સીટીની નવે નવ પરીક્ષામાં 'ફર્સ્ટ કલાસ ફર્સ્ટ' ઉત્તીર્ણ થયા હતા. તેમણે તેમના જીવનકાળ દરમ્યાન શતાધિક પુસ્તકોનું નિર્માણ કર્યુ-કરાવ્યું હતું. અજોડ ગુરુભક્તિ અને અગાધ જ્ઞાનની સાથે પૂજ્ય યુગદિવાકરશ્રીના આજીવન અંતેવાસી રહીને શાસનપ્રભાવનાના કાર્યો પણ એટલા બધા કર્યા હતા કે જેની કોઇ સાથે તુલના ન કરી શકાય. એવા ગુરુદેવની ચિરવિદાય સતાવશે સદાય.

'હે ઉપકારી એ ઉપકાર તમારો કદીયે ન વિસરે.' હે ગુરુદેવ ! આપના ઉપકારો અમારા પર અગણિત છે. કયા ઉપકારોને યાદ કરીએ અને કયા ઉપકારોને ગૌણ કરીએ?. પૂ. કલ્પગિરાશ્રીજી મ., મારી તથા કલ્પહિતાશ્રીજીની દીક્ષા વિ.સં. ૨૦૪૦માં આમોદ મુકામે થયા બાદ આમોદથી ઉગ્ર વિહાર કરી મુંબઇ ઘાટકોપર સંઘમાં અમે વડીલોની સાથે પ્રથમ ચાતુર્માસ માટે આવ્યા. ત્યાં ખૂબ ઉમંગથી અમારા ત્રણની વડીદીક્ષા પ.પૂ. ઉપકારી ગુરુદેવના વરદ હસ્તે થઇ હતી. દીક્ષા લઇને પ્રથમ ચાતુર્માસ ગુરુદેવની નિશ્રામાં થતા તેમની અમૃતમયી દેશનાનું પીયૂષપાન કરતા અમારા જીવનમાં વૈરાગ્યભાવના ખૂબ મજબૂત થઈ. તેઓશ્રીનાં મુખમાંથી ઝરતા હિતશિક્ષાનાં ફૂલો જીવનરૂપી નંદનવનમાં સુગંધથી મહેંકી ઉઠતા. કષાયોની ભયંકરતા સમજાવનાર, દુર્ગતિના દરવાજે તાળું લાગી જાય એવી હિતશિક્ષા આપનાર, ક્યારેય સંસાર યાદ ન આવી જાય એવી પૂજ્યશ્રીની વૈરાગ્યમય દેશનાનું પાન થતા અમારા જીવનમાં ખૂબ જ પ્રગતિ થઇ હતી.

વિ.સં. ૨૦૬૩માં પ.પૂ. ઉપકારી ગુરુદેવ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. તેમના શિષ્ય પરિવાર સાથે મુંબઇથી ઉગ્ર વિહાર કરી અમદાવાદ ધર્મવિહારના આંગણે પધાર્યા. મારા ગુરુણી પ.પૂ. કલ્પલતાશ્રીજી મ.સા.ના ઉપદેશથી અમદાવાદ ધર્મવિહારથી શ્રી શંખેશ્વર મહાતીર્થના છ'રી પાલિત સંઘમાં ગુરુદેવની નિશ્રા પ્રાપ્ત થઇ. શ્રી શંખેશ્વરતીર્થથી વિહાર કરી જખવાડાતીર્થમાં શ્રી નાગેશ્વરપાર્શ્વનાથ ભ.ની ભવ્યાતિભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા વખતે મારી સાથેના મુમુક્ષુને દીક્ષાદાન દ્વારા ભાવવર્ષાશ્રીજી બનાવી સંસારસાગર પાર ઉતરવા સંયમનૌકા આપનાર પણ આ જ ગુરુદેવ હતા.

દીક્ષાદાતા ગુરુદેવ ! આપના એ ઉપકારનો બદલો ક્યારે ય વાળી શકાય તેમ નથી. ત્યાર બાદ જખવાડાથી વિહાર કરી વડોદરાથી પાલિતાણાના સંઘમાં સાહેબજીની નિશ્રામાં માંડલીના જોગ કરી ગિરિરાજની ગરવી ગોદમાં પૂજ્યશ્રીની જ પાવનકારી નિશ્રામાં વડીદીક્ષા ખૂબ જ ભાવોલ્લાસપૂર્વક થઇ હતી.

ગુરુદેવ ! અંતમાં આપને એટલુ જ લખવાનું કે આપ જ્યાં બિરાજો ત્યાંથી આપની દિવ્ય કૃપાદષ્ટિ ફેલાવી એવી આશીર્વાદહેલી વરસાવજો કે અમો સંયમજીવનની સાધનામાં ખૂબ ખૂબ આગળ વધી જલ્દીથી જલ્દી સંસારસાગરથી પાર ઉતરીએ.

''કૃપા મળે ગુરુવર તમારી, ભવસાગર હું તરી લઉં,
ભલે આવે તરંગો હજાર, કિનારાને હું પકડી લઉં.'' ✦✦✦

૮૧

# નિર્મળ વાત્સલ્યનું ધામ

– પૂ.સા. શ્રી વિશ્વરમ્યાશ્રીજી મ.

નાના અમથા બીજને મળ્યું પાણીનું સિંચન,
સહાયક થતું વટવૃક્ષ બની ગયું...
સ્વાતી નક્ષત્રમાં ખુલ્યું છીપનું મુખ,
વરસાદનું બુંદ મનમોહક મોતી બની ગયું...
ભ્રમરને મળ્યો સુગંધી પુષ્પોનો સંગ,
ગુંજન કરતું સુંદર વન બની ગયું...
અંધકારમય પૃથ્વી પર થયો સૂર્યોદય,
મારા જેવા અનેકનું તો જીવન બની ગયું...
જેઓના ગુણની કોઇ ગણના નથી, જેઓની સમતાની કોઇ સીમા નથી,
જેઓના હેતની કોઇ હદ નથી, જેઓના વાત્સલ્યનો કોઇ વિરામ નથી.

જેમના પુણ્યસૂર્યનો કદી અસ્ત નથી, એવા પ્યારા ગુરુવર અમારા શ્રમણજીવનના શિલ્પી પૂજ્યપાદ આ.ભ. સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. ને કોટિ કોટિ વંદન...

મહાપુરુષોના જીવન મહાસાગરમાં રહેલા ખડકો જેવા છે. ખડકનો જેટલો ભાગ દેખાય છે તેથી અનેકગણો ભાગ પાણીમાં હોય છે. તેમ મહાપુરુષના જેટલા ગુણો આપણને દેખાય છે તેથી અનેકગણા ગુણો અપરિચિત હોય છે. એ અદૃશ્ય ગુણોને જોવા તો તેમના જીવનમાં ડૂબકી મારવી પડે. મારું એ સદ્‌ભાગ્ય તો નથી. પણ અનેક ગુણોમાંથી અમુક ગુણો પર દૃષ્ટિપાત કરી એમાંથી પણ અમુક અંશોને ઝીલી મારા જીવનને શણગારી શકું એવી પૂ. ગુરુદેવને પ્રાર્થના આ તકે જરૂર કરીશ.

પૂજ્યશ્રી સ્વસંયમજીવનને આચારચુસ્તતા, સ્વાધ્યાય, સમર્પણ, સંઘસેવા, પ્રભુપ્રીતિ વગેરે અલંકારોથી અલંકૃત કરનાર ઉત્તમ ઝવેરી હતા. તો આશ્રિતવર્ગરૂપી ઉદ્યાનને સતત યોગ-ક્ષેમના જલસિંચનથી નવપલ્લવિત કરનાર કુશળ માળી હતા. તેઓ પોતાની પ્રજ્ઞા, સૂઝ, કાર્યનિષ્ઠા આદિ દ્વારા અનેક સંઘોના સાચા રાહબર હતા.

સિંહ જેવું પ્રભાવક વ્યક્તિત્વ છતાં પૂજ્યશ્રી પાસે જતાં આબાલવૃદ્ધને ગભરાટ કે નાનપ મહેસૂસ થતી નહોતી. તેઓશ્રીની પ્રસન્ન મુખમુદ્રા-સદા ય હસતો ચહેરો નિહાળતા અમારા જેવા નાના સંયમીને પણ વડલાની શીળી છાયાની અનુભૂતિ થતી... ગુણાનુરાગિતા અને સહજ સરળતા એવી કે કોઇનો નાનો પણ ગુણ દેખાય કે તુર્ત અમારા જેવા નાના પાસે ય અનુમોદના કર્યા વિના ન રહે. મારો જ અનુભવ કહું: પાલિતાણામાં પૂજ્યશ્રીની નિશ્રા-કૃપાથી મારે ૫૧ ઉપવાસની તપશ્ચર્યા ચાલતી હતી. રોજ તેઓશ્રી પાસે વંદનપૂર્વક વાસક્ષેપ-પચ્ચક્ખાણ લેતી હતી. પાછળના ઉપવાસમાં શારીરિક અસ્વસ્થતાના કારણે પૂજ્યશ્રી પોતે પચ્ચક્ખાણ આપવા પધારતાં. તેઓશ્રી મારા માટે પધારે તેથી મને સંકોચ થતો હતો. પરંતુ તેઓ નીતરતા વાત્સલ્ય સાથે કહેતા: ''અરે! હું નસીબદાર છું કે એકેય ઉપવાસ કર્યા વિના મને એક દીર્ઘ તપસ્વીને પચ્ચક્ખાણ આપવાનો લાભ લઇ તપની અનુમોદના દ્વારા કમાણી થાય છે... આપણા શ્રમણ ક્રિયાનાં સૂત્રમાં લખ્યું છે ને 'તવસા અપ્પાણં ભાવેમાણાણં' 'હું તપ તો કરી શકતો નથી પણ આવા અનુમોદનાના નિમિત્તોથી મારા આત્માને તપથી ભાવિત કરી શકુંને !'' શું તેઓની ગુણાનુરાગી દૃષ્ટિ હતી!

આવા વાત્સલ્ય અને પ્રેમનીતરતાં શબ્દો અમને હવે ક્યારે સાંભળવા મળશે? પરમાત્માની દેશના ચાલતી હોય અને એ અમૃત ઝરતી વાણીનું પાન કરતાં દેવ-દાનવ-માનવને જે રોમાંચનો અનુભવ થતો હશે એવાં જ રોમાંચનો અનુભવ અમને સૌને એમના વાત્સલ્યનીતરતા શબ્દો સાંભળવા થતો હતો અને એટલે જ....

યાદ આવે એ વાત્સલ્યભર્યો સાદ, ને છવાઇ જાય હૃદયમાં અકથ્ય વિષાદ;
યાદ આવે એ આત્મીયતાના વેણ, ને છલકાઇ જાય અઢળક અશ્રુથી નેણ;
યાદ આવે એ મુક્ત હાસ્યસભર વદન, ને કરમાઇ જાય અમ અંતરચમન;
ક્યારે મળશે? ક્યાં મળશે? આવા જીવન અમૃત સિંચનાર બાગવાન...

છેલ્લે ધર્મધામતીર્થે ૨૦૭૧ના ગ્રીષ્મકાલીન ઉપધાનતપનો પ્રારંભ કરાવી પૂજ્યશ્રી વસઇ-કાંદિવલી પ્રતિષ્ઠાર્થે પધારવાના હતા. અમે તેઓશ્રીના વિહારના પૂર્વદિને વંદનાર્થે ઉપાશ્રયે ગયા ત્યારે મેં કહ્યું: ''સાહેબજી ! આપની નિશ્રા વિના ઉપધાનતપ જેવી ઉત્કૃષ્ટ આરાધના કેવી રીતે થઇ શકે ?'' તેઓશ્રીએ ઉપાશ્રયમાં રહેલ પોતાની તસવીર બતાવતા કહ્યું: ''જો હું દાંડો લઇને અહીં જ ઊભો છું. ભલે ભાવનિક્ષેપે મારી હાજરી નથી પરંતુ સ્થાપનાનિક્ષેપે અહિં હું હાજર જ છું.'' અને... જાણે આ શબ્દોમાં કોઇ ભાવિનો ભેદ છૂપાયેલ હોય તેમ પોતાના શબ્દોને સાચા કરવા તેઓશ્રી અમારી પાસે હંમેશા સ્થાપના નિક્ષેપ મૂકીને-અમને નિરાધાર મૂકીને મુક્તિની વાટે પ્રસ્થાન કરી ગયા...

અંતે, શ્રદ્ધાસભર અંજલિ અર્પતા ગુરુદેવશ્રીને પ્રાર્થું છું કે ભલે ભાવનિક્ષેપે આપ અમારી સાથે નથી પણ આપનું ભાવસાન્નિધ્ય અમારા અંતરમાં સદા ય જીવંત છે જ. આપનું ભાવસાન્નિધ્ય અમને સદા ય સંયમમાં અપ્રમત્તતા-નિરતિચારતા બક્ષતું રહે... આટલી કૃપા સતત વરસાવજો.

✦✦✦

# ૮૨ પૂજ્યશ્રી : શિષ્ટ પણ અને વિશિષ્ટ પણ...

–પૂ.સા. શ્રી નિઃસંગમિત્રાશ્રીજી મ.

ઓ ગુરુદેવ ! સ્મરણ તમારું આપે છે સુખશાંતિને,
ઓ ગુરુદેવ ! સ્તુતિ તમારી કાપે છે કર્મબંધનને;
ઓ ગુરુદેવ ! તમારા ગુણવૈભવના ગુણ ગાતા ન થાકીએ,
ઓ ગુરુદેવ ! તમારા ચરણમાં વિનયે સદા વંદીએ...

વરસાદ આંખોમાં ઝીલાય એટલો ખોબામાં તો ન જ ઝીલાય, દરિયો હૈયામાં હિલોળાય એટલો શબ્દોમાં તો ન જ હિલોળાય, કોયલના ટહુકા કાનથી ઝીલાય પણ આંખથી ન વંચાય... બસ, એ જ ન્યાયે હૃદયથી જે પરખાય-અનુભવાય એ શબ્દથી કેવી રીતે લખાય...!!! પૂ. સાહેબજીનું જીવન જ એવું હતું કે એ માત્ર અનુભૂતિ કરે તે જ સમજી શકે... એમના ગુણોને વર્ણવવા અશક્ય છે... છતાં યત્કિંચિત્ ઋણસ્મૃતિરૂપે આ પ્રયાસ કરાય છે...

કેટલીક વ્યક્તિઓનું જીવન શિષ્ટ હોય છે પણ વિશિષ્ટ હોતું નથી, કેટલીક વ્યક્તિઓનું જીવન વિશિષ્ટ હોય પણ તેમાં શિષ્ટતા જળવાયેલી નથી હોતી, પણ જેના જીવનમાં શિષ્ટતા અને વિશિષ્ટતાનો સંગમ રચાયો હોય તે ઈષ્ટ પણ હોય અને મિષ્ટ પણ હોય છે...

પૂ. સાહેબજીનું વ્યક્તિત્વ શિષ્ટતા અને વિશિષ્ટતા બંનેના સમન્વયથી સુશોભિત હતું. કોઇ પણ પ્રસંગમાં કોઇપણ એંગલથી એમને નિહાળીએ તો ચોતરફથી તેમનામાં સદ્ગુણોની સુવાસનું જાણે સામ્રાજ્ય વર્તતું હોય તેવો અનુભવ થાય.

શાસ્ત્રમાં ગુણો માટે એક વિશેષણ આવે છેઃ 'સુસંગોત્થા૦'... સુસંગથી ઉત્પન્ન થયેલા ગુણો. પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રી ધર્મસૂરીશ્વરજી મ.ના સંગથી-સેવા-ભક્તિથી ઉત્પન્ન થયેલો આ ગુણવૈભવ ઉચ્ચ કોટિનો હતો... તેમાંથી બે પ્રકારના ગુણોનું દર્શન નિહાળીએ...

(૧) **Lion Heart :-** પૂજ્યશ્રીનું Heart સિંહ જેવું હતું. સિંહ નીડર અને શક્તિશાળી તો હોય જ છે પણ સૌથી મોટી વિશેષતા એ કે તે ઉદાર હોય છે... સિંહ શિકાર કર્યા પછી ક્યારે ય એકલો ખાય નહિ, પરિવારને આપે. પૂ. સાહેબજી પણ સિંહના ઉપરોક્ત લક્ષણો ધરાવતા હતા. જીવનમાં જ્યારે કોઇપણ અનિષ્ટ ઘટના ઘટે ત્યારે નીડર બનીને તેનો સામનો કરતા હતા. અદ્ભુતશક્તિના માલિક હોવાથી એમણે અવિરત અનેક શાસનપ્રભાવનાઓ કરી અને ઉદારતા તો તેમના રોમ-રોમમાં વણાયેલી હતી. નાનામાં નાના વ્યક્તિઓની-સાધુની કાળજી લેતા. તે અમારા સૌના હિતચિંતક હતા. એમની ઉદારતાનાં દર્શન થાય તેવો એક પ્રસંગ મેં મારા જીવનમાં થોડા વર્ષો પૂર્વે ધર્મધામ-નાગેશ્વરતીર્થમાં અનુભવ્યો હતો.

અમે નાના સાધ્વીજીઓ પૂ. સાહેબજીની સાથે દહાણું તરફના વિહારમાં ગયા હતા. લગભગ દોઢ મહિનો અમારે અમારા ગુરુદેવથી જુદા વિચરવાનો પ્રસંગ બનેલો. તે વખતે નાગેશ્વર-ધર્મધામતીર્થમાં કારણસર ૧૫-૧૭ દિવસ સ્થિરતાનો પ્રસંગ બનેલો. ત્યાં આજુબાજુમાં કોઇ વસતિ નહિ. અમે ૬ ઠાણા આખો દિવસ આરાધના-સાધના કરતા અને સાંજે પૂ. સાહેબજીને વંદનાર્થે જતા ત્યારે અમને બધાને રોજ પૂછતા : ''કેમ? ગુરુજી વગર ગમે છે ને ? એકલવાયું લાગતું નથી ને?'' અમે જવાબમાં ફક્ત મસ્તક હલાવતા.. અમને એકલવાયાનો અહેસાસ ન થાય એટલે અમારી સાથે રોજ ૧૫-૨૦ મિનિટના વાર્તાલાપમાં પોતાના જીવનના પ્રસંગો કહીને અમને Fresh કરી દેતા. તે વખતે અમને લાગતું કે આટલા મોટા આચાર્ય મ. અને અમે નાના સાધ્વીજી... છતાં અમારા પ્રત્યે આટલું વાત્સલ્ય-પ્રેમભાવ !! તે જ સમયગાળામાં મારા સંસારી માતુશ્રીના દેહવિલયના સમાચાર આવ્યા. તે વખતે મારા વડીલ ગુરુદેવો-મારી માતા સમાન ગુરુ મ. મારી સાથે ન હતા. તે બાબતને લક્ષમાં રાખી પૂજ્યશ્રીએ મને તરત પોતાની પાસે બોલાવીને સાન્ત્વના આપી, ખૂબ જ સરસ હિતશિક્ષા પણ આપી અને પછી તરત જ મને પ્રેમથી પૂછ્યુંઃ- ''ગુરુમ. પાસે જવાની ઈચ્છા છે ?'' મેં ઈશારાથી 'હા' ના જવાબ સાથે મસ્તક હલાવ્યું અને તરત જ એમણે ઉદારતાથી અમને ગુરુ મ. પાસે પહોંચવા વિહાર કરવાની અનુજ્ઞા આપી. આ જ ઉદારતા-વાત્સલ્યભાવ એમના જીવનમાં છેલ્લી ઉંમર સુધી ઝળહળતો હતો માટે જ પૂ. સાહેબજી **Lion Heart** વાળા હતા.

(૨) **Egal eyes :-** પૂજ્યશ્રીની દૃષ્ટિ ગરુડ જેવી હતી. ગરુડની દૃષ્ટિ એવી તીક્ષ્ણ-સૂક્ષ્મ હોય કે નાનામાં નાની ચીજને એ તરત પરખી લે. આશ્રિતવર્ગનાં જીવનમાં નાનામાં નાની ભૂલ હોય-ગલત પ્રવૃત્તિ હોય તો તેઓશ્રીની નજરમાં એ તુર્ત આવી જાય. પ્રેમથી સમજાવીને પૂજ્યશ્રી આશ્રિતોને ક્ષતિમુક્ત કરે. સંઘોનાં મોટાં મોટાં કાર્યો હોય ત્યારે તેમાં રહેલી નાનામાં નાની જરૂરિયાતો પૂજ્યશ્રીની સૂક્ષ્મ નજરમાં આવી જાય અને તેઓ એને આવરી લઈને સંઘના કાર્યો સર્વાંગસંપૂર્ણ કરે. આવી રીતના સતત શાસનપ્રભાવનાના કાર્યો કરીને એમણે દુનિયામાં બે વિશેષતા પ્રાપ્ત કરી છે (૧) લોકપ્રિયતા (૨) લોકપૂજ્યતા. દુન્યવી વ્યક્તિઓમાં આ બે વિશેષતા ક્યારે ય સાથે ન જોવા મળે. નેતા વગેરે લોકપ્રિય કદાચ બને, પણ લોકપૂજ્ય ન હોય. પણ પૂજ્યશ્રીમાં આ બે લક્ષણો એક સાથે દશ્યમાન હતા. ભલે તે આપણી વચ્ચે રહેતા હતા છતાં તે આપણાથી કાંઇક અલગ વ્યક્તિત્વ ધરાવતા હતા. એવું ચોક્કસપણે માનવું જ પડે. ભક્તવર્ગ શિષ્યગણ આશ્રિતવર્ગ સતત એમના સાન્નિધ્યની ઝંખના કરતા હતા. તેમની ઓરામાં રહેવાથી તેમના પ્રસન્નતાભર્યા મુખકમલને નીરખી સૌના તન-મનના વિષય-કષાય-દોષો-દુર્ગુણો જાણે નાશી જતા એવો અહેસાસ દરેક વ્યક્તિનો હતો... તે અમારા

માટે જીવંત ભગવાન સ્વરૂપ જ હતા.

આજે આવા વિશિષ્ટ મહાપુરુષ જ્યારે અમારી વચ્ચેથી વિદાય થયા ત્યારે જાણે અમે સૌ નિરાધાર બની ગયા હોય તેવું લાગે છે... તેમની પ્રસન્ન મુખમુદ્રા, તેમના મધુર શબ્દો, તેજ જાણે આંખોથી દૂર થતું નથી. ભલે આજે સદેહે અમારી વચ્ચે નથી. પણ તેમનું અસ્તિત્વ તેમના કૃપાદેહે સતત અમારી સાથે જ છે. અને અંતમાં એટલું જ કહીશ :

''ગુરુ! તમારા વિના સર્વત્ર લાગે છે અંધકાર;
ક્યાં જઇને કરવો આ હૃદય પોકાર;
વરસાવજો આશીર્વાદ ઓ તારણહાર,
વધુ આપને કહેવાનો મારો શું અધિકાર !!
સદાય આવશે દિલમાં તમારી યાદ,
અંતરમાં નથી સમાતો વિષાદ,
સદાય વરસાવજો આશીર્વાદનો પ્રસાદ...!!'' ✦✦✦

૮૩

# વચનસિદ્ધિના સ્વામી

– પૂ.સા. શ્રી ચરણરમ્યાશ્રીજી મ.

ખળખળ વહેતી સરિતાનું મીઠું ઝરણ કહું, કે ઉગતા પ્રભાતનું સૂર્યકિરણ કહું;
દિશાસૂચન કરતો ધ્રૂવતારો કહું, કે ધરતી પરનો પ્યારો નઝારો કહું..!
શું કહું હું? હતું દર્ભાવતી રતન, કર્યું સંયમનું શુદ્ધ જતન;
પ્રેમે નમું ગુરુવર ચરણ, મળજો ભવોભવ આપનું શરણ...!

અપ્રમત્તભાવમાં રક્ત જેમનું તન... સ્વાધ્યાય-ધ્યાનમાં લીન જેમનું મન... ક્ષમા અને સમતાથી ભર્યું ભર્યું હતું જેમનું જીવન... યુગદિવાકર પ.પૂ.આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.ના કૃપા-નીરથી વિકસેલું ઉપવન... શાસનપ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી ગુરુવરને મસ્તક ઝૂકાવી કરું નમન...

પૂ. સિદ્ધસેનદિવાકરસૂરિજીરચિત કલ્યાણમંદિર સ્તોત્રમાં એક શ્લોક છેઃ- ''અભ્યુદ્યતોડસ્મિ તવ નાથ! જડાશયોડપિ૦'' આ શ્લોક કહે છે કે પ્રભુની સ્તુતિ કરવામાં પૂ. સિદ્ધસેનદિવાકર સૂ.મ. જેવા મહાકવિ પણ સમર્થ નથી. બસ, એની જેમ હું પણ ગુરુગુણ ગાવા અસમર્થ છું. કોઇ નાના બાળકને સમુદ્રની વિશાળતા પૂછવામાં આવે તો તે બે હાથ લાંબા કરી બતાવશે, તેથી વધુ બતાવવા એ સમર્થ નથી હોતો. તો ખરેખર! શું સમુદ્ર આટલો જ છે? ના! સમુદ્ર તો વિશાળ છે. પણ બાળકનું સામર્થ્ય મર્યાદિત છે. બસ, તે જ રીતે પૂ. ગુરુદેવની ગુણગરિમા અગાધ છે. મારી અલ્પમતિ એમનો ગુણવૈભવ સમજવા ને જણાવવા અસમર્થ છે. છતાં કંઇક અંશે ગુરુઋણ અદા કરી શકું તે માટે શબ્દો અલ્પ પણ ભાવ વિશાળ ધરીને તેમની સંયમ સુવાસ પ્રસરાવવા પ્રયત્ન કરું છું.

પરમાત્માના પ્રતિનિધિ કહો કે જીવનનાં માર્ગદર્શક... આત્માને પરમાત્મા સાથે જોડતા સેતુ કહો કે અધ્યાત્મજીવનના શિલ્પી કહો... સંસારની વિરલ વિભૂતિ એટલે પૂ. ગુરુદેવશ્રી...

ગુરુ શિષ્યને ત્રણ વસ્તુ આપેઃ હિત-હેત અને હિમ્મત એ જ રીતે શિષ્ય ગુરુને ત્રણ વસ્તુ આપેઃ સમર્પણ-સમાધિ અને સદ્ભાવ. પૂજ્યશ્રી ગુરુ-શિષ્ય બન્ને સ્થાને હતાં એથી આ છએ અલંકારોથી તેઓ શોભતા હતા.

શિષ્યત્વને શોભાવતા પૂજ્યશ્રી એમના ગુરુ મ.-વડીલો પ્રત્યે સંપૂર્ણ સમર્પિત રહ્યા હતા માટે જ તો જ્યારે સંઘ તરફથી પૂ. સૂર્યોદય વિ.મ. માટે ચાતુર્માસની વિનંતિ કરવામાં આવી ત્યારે ''મારે તો સૂર્યોદય વિ. વગર ન ચાલે, મારું બધું એ જ સંભાળે છે'' આવા શબ્દો પૂ. યુગદિવાકર ગુરુ મ.ના મુખેથી નીકળ્યા હતા. સંપૂર્ણ જીવનમાં ગુરુ પ્રત્યેનો સદ્ભાવ-અહોભાવ પરાકાષ્ઠાનો હતો. માટે આજીવનના તેઓશ્રી ગુરુદેવના અંતેવાસી રહ્યા. અંત સમયે પણ સાથે રહી અંતિમ આરાધના કરાવવા દ્વારા જીવનસમાધિ અને મરણ સમાધિમાં તેઓ સહાયક બન્યા હતા...

આ રીતે શિષ્યની ત્રણે ય વિશેષતાઓ તેમનામાં પરાકાષ્ઠાની હતી. ગુરુપદ મળ્યા પછી શિષ્યનું યોગક્ષેમ કરવામાં તેઓ કુશળ કારીગર સમાન નીવડ્યા હતા. જેમ સૂર્યનાં તેજ-જીવસૃષ્ટિના હિત માટે જ હોય તેમ પૂજ્યશ્રી શિષ્યોના આત્મહિત માટે જ પોતાનું તેજપ્રતાપ બતાવતા હતા. પણ ક્યારે ય તેમના ચહેરા પર ઉગ્રતા-ગુસ્સાની રેખા અમે નથી જોઇ. હેતપૂર્વક શિષ્યોનું ઘડતર કરતા તેના જ કારણે ઉત્તમ અને વિશાળ શિષ્યસંપદા તેઓને મળી હતી. પૂ. રાજરત્નસૂરીશ્વરજી મ. દ્વારા દીક્ષાના શરૂઆતના બાલમુનિ તરીકેનાં વર્ષોમાં બાલસહજતાથી અન્ય બાલમુનિની જેમ જ્યારે **Game** ની માંગણી કરાઇ-એકલપણાની ફરિયાદ કરાઇ ત્યારે દીર્ઘદ્રષ્ટા પૂજ્યશ્રીએ માત્ર આત્મહિતબુદ્ધિથી સ્પષ્ટ શબ્દોમાં કહ્યું ''સાધુપણામાં આ વિરાધનાની 'ગેમ' ન ચાલે. અને તારે તો ભણવામાં જ આગળ વધવાનું છે....'' અને ખરેખર, એના ફળસ્વરૂપે આજે પૂ. રાજરત્નસૂરીશ્વરજી નું જીવન આપણી નજર સામે દેખાય છે... તેઓશ્રી દરેક કાર્યોમાં હિંમત આપી સંયમસ્થિરતા પણ વધારતા તેનું એક ઉદાહરણ કે એક લાંબા વિહાર બાદ એક વખત પૂ. રાજરત્નસૂરીશ્વરજી મ. ના મુખેથી નીકળી ગયું. 'આજે તો ખૂબ થાકી ગયા. તરત લાગણીસભર ગુરુદેવે કહ્યું ''એવું નહિ બોલવાનું, આજે તો એ સકામ નિર્જરા થઇ.'' પૂ. ગુરુદેવના પરોક્ષ પીઠબળ-કૃપાબળ-હૂંફથી જ શ્રમણસંમેલનમાં પણ પૂ. રાજરત્નસૂરીશ્વરજી મ. એ દરેક પ્રસંગે અગ્રિમ અને ઉત્તમ ભૂમિકા ભજવી. આવી રીતે પૂજ્યશ્રીએ ગુરુ-શિષ્ય બન્ને પદ ખૂબ કુશળતાથી નિભાવ્યા હતા.

સંયમ-સ્વાધ્યાયના રસિક એટલે પૂ. સૂરિવર...સાદગીની સૌરભથી મહેંકતુ પુષ્પ એટલે પૂ. સૂરિવર...આશ્રિતોના આત્મહિતચિંતક એટલે પૂ. સૂરિવર...સખત પુરુષાર્થી એટલે પૂ. સૂરિવર...નિર્ણયમાં નીડરતા એટલે પૂ. સૂરિવર...નિસ્પૃહી-નિરાડંબર વ્યક્તિત્વ એટલે પૂ. સૂરિવર...

આ મહાપુરુષનું વિરલ વ્યક્તિત્વ એવું હતું કે એમણે પાતાનાં કાર્યોનાં ગુણગાન પોતાના મુખથી બોલવાની જરૂર પડતી ન હતી. કહેવત છે ને કે ''હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ.''

પનોતી પુણ્યાઇ અને પવિત્રતા ધરાવતા પૂજ્યશ્રીમાં વચનસિદ્ધિ એવી હતી કે તેઓ સહજતાથી બોલે એ વાત સિદ્ધ થઇને જ રહે. બે પ્રસંગો એવા મેં જોયા-અનુભવ્યા છેઃ

અમારા એક તપસ્વી પૂ.સા. શ્રી વિશ્વદર્શાશ્રીજી મહારાજ. ''એમણે ૮૩મી ઓળી શરુ કરી. દશેક દિવસ બાદ તબિયતમાં અસ્વસ્થતા થઇ. પૂ. સાહેબજીએ પૂછ્યુંઃ ''પારણું કરવું છે?'' સાધ્વીજી કહેઃ 'આજ સુધી એક પણ શરુ કરેલી ઓળી મૂકી નથી' તેમની તપની ઇચ્છા જણાતા પૂજ્યશ્રી બોલ્યાઃ ''આવતી કાલે આઠમ છે. તેથી એક આયંબિલ કરી લો. પછી આગળ વાત.'' એક આયંબિલ તો કર્યું પણ તેમના આયુષ્યની દોરી ટૂંકી પડી. બીજા જ દિવસે સવારે કાલધર્મ થયો. પૂજ્યશ્રીના વચન પ્રમાણે કરતાં મરણ પણ તપમાં થયું. જન્મ એનું મરણ નિશ્ચિત છે પણ સમાધિમય મરણ મળે એ ઉત્તમ થયું. આ પૂજ્યશ્રીના વચનથી સિદ્ધ થયું.

ધર્મધામમાં ઉપધાનતપની શરૂઆત થઇ. ૪-૫ દિવસથી મને સખત તાવ આવે. હોસ્પિટલમાં જવું જ પડે એવું હતું. હોસ્પિટલમાં જતાં પૂર્વે પૂ. સાહેબજીના વંદન-આશીર્વાદ લીધા. પૂજ્યશ્રીની આંખોમાંથી વરસતી વાત્સલ્યધારા અને સૌમ્ય ચહેરો જોતાં જ અડધી નિરાશા ખતમ થઇ ગઇ. પૂ. આચાર્ય ભગવંતે વાસક્ષેપ કર્યા બાદ કહ્યુંઃ ''સારું થઇ જશે. જલ્દી પાછા આવજો.''ત્યાંથી તત્કાલ એક નાની હોસ્પિટલમાં દાખલ થયા. એક દિવસ રહ્યા પછી તબિયત વધારે બગડી કેસ એવો ગંભીર થઇ ગયો કે ડૉ. કહેઃ ૨/૩ % બચવાની શક્યતા છે. સ્વજનોને બોલાવી દો. ડૉક્ટરે તો હાથ ઉંચા કરી દીધા. પૂ. સાહેબજીને જાણ થતાં તુર્ત જણાવ્યુંઃ ''નાના સાધ્વીજી છે. બચવાની શક્યતા હશે જ. **Risk** લઇને પણ બીજી મોટી હોસ્પિટલમાં લઇ જાઓ.'' એ જ રીતે કરાયું. પ્રભુકૃપા-ગુરુકૃપાનું બળ, ડૉ.ની **Treatment** ને સૌથી વધુ તો પૂજ્યશ્રીના શબ્દો. જાણે એ શબ્દોને સત્ય ઠરાવવા જ હું મોતને પણ હાથતાળી દઇ પાછી આવી. હજી સાહેબજીની નિશ્રા-સાન્નિધ્યમાં સંયમની સાધના કરવાની બાકી હતી.

ગુરુનો ભૌતિક વિરહ એ સાચો વિરહ નથી. પણ ગુરુનું વિસ્મરણ એ જ ગુરુનો સાચો વિરહ છે... ગુરુનું ગુણસ્મરણ એ દોષનાશનો શ્રેષ્ઠ મંત્ર છે...ભગવાન મંઝિલ છે તો ગુરુદેવ આપ એ મંઝિલને બતાવનાર માઇલસ્ટોન છે...અમર જીવનની કોતરણી કરનાર કુશળ કારીગર છે...

બસ, અંતમાં 'મહાજનો યેન ગતઃ સ પન્થા' પૂજ્યશ્રી જે માર્ગે ચાલ્યા, જે વિશુદ્ધ પરિણતિને પામ્યા, જેવું જીવન જીવ્યા તેનું અનુકરણ-અનુસરણ અમે કરી શકીએ, એમનો ગુણાંશ પામી શકીએ અને પૂ. ગુરુદેવશ્રી અમારા જેવા અગણિત જીવોને કૃતાર્થ કરતા કરતા શીઘ્ર શિવગતિ પામે એ જ પ્રાર્થના. ✦✦✦

## ૮૪ પ્રાયશ્ચિત્તદાતા

–પૂ.સા. શ્રી પરમરમ્યાશ્રીજી મ.

ઉપવન!! એમાં પ્રવેશ કરતાં આંખ અને અંતર ખુશીથી ખીલી ઉઠે. કારણ કે ત્યાં એકેકથી ચડિયાતાં સુંદર પુષ્પો મનને આકર્ષિત કરે, તો એની સુવાસ મનને આહ્‌લાદથી ભરી દે.

પૂજ્યપાદ પરમ ઉપકારી પરમ વાસલ્યમૂર્તિ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નું જીવન પણ ઉપવન સમાન હતું. એમના સ્વ-પર હિતકારી જીવનઉપવનમાં એકેકથી ચડિયાતા એવા સુંદર ગુણપુષ્પો હતા કે જે મનને આકર્ષિત કરે. એ ગુણપુષ્પોની સૌરભ એવી હતી કે જે સહુનાં મનને આહ્‌લાદથી ભરી દે. પ્રસન્નતા-આત્મીયતા-ગંભીરતા-વિદ્વત્તા-નમ્રતા-ગુરુસમર્પિતતા-આશ્રિતોની હિતચિંતા-વાત્સલ્ય-પુણ્યપ્રભાવ-પરિણતિ વગેરે એમનાં જીવનઉપવનનાં ગુણ પુષ્પો હતા.

અમારા જેવા સાવ નાના નાના સાધ્વીજીઓ પર પૂજ્યશ્રીનું પિતાતુલ્ય વાત્સલ્ય કેવું અજબ-ગજબનું હતું એનો એક અન્યોને સામાન્ય છતાં મને અસામાન્ય લાગતો મારાં જીવનનો પ્રસંગ જણાવુંઃ એક વાર અમે કાંદિવલી-મુનિસુવ્રતસ્વામી જૈન સંઘમાં હતા. સવારે વંદન-પચ્ચક્‌ખાણ માટે પૂજ્યશ્રી પાસે ગયા. જ્યારે જ્યારે અમે પૂજ્યશ્રી પાસે જઇએ ત્યારે ત્યારે અમને એક અલગ આનંદનો-શીતલછાયાનો અનુભવ થતો. જાણે કે તેઓ ઘેઘૂર વટવૃક્ષ ન હોય !! એક મોટા આચાર્યભગવંત સામે છે આવો કોઇ સંકોચ-ભય અમને ન રહેતો. એ દિવસે પણ જ્યાં વંદન કર્યા ત્યાં પૂજ્યશ્રીનો વાત્સલ્યભર્યો અવાજ ગુંજ્યો. તેઓશ્રીએ મને કહ્યુંઃ ''મારી પાસે થોકબંધ આલોચનાઓ આવી છે. તમે નસીબદાર છો કે પહેલી આલોચના જ તમારી હાથમાં આવી અને એનું આ પ્રાયશ્ચિત્તપત્ર છે.'' મને ખૂબ ખુશી થઇ કે ''સાહેબજી કેવા વત્સલ. મને નસીબદાર કહે છે.'' એ પહેલો પ્રાયશ્ચિત્તપત્ર પૂજ્યશ્રીની કૃપાપ્રસાદી સમજીને આજે પણ સાચવી રાખ્યો છે.

આ પ્રસંગને લગભગ ૯-૧૦ વર્ષ થઇ ગયા. તેઓના હસ્તાક્ષરે લખાયેલી એ આલોચના હજુ સુધી સંભારણારૂપે સાચવી રાખી છે. આ પ્રસંગ એમનો નાના સાધ્વીજી પ્રત્યેનો પણ એક આત્મીયતાનો ગુણ ઉજાગર કરે છે. તેમના આત્મીયતાસભર શબ્દો મારા જીવનમાં હૃદયસ્પર્શી ઘટના રૂપે કાયમ માટે અંકિત થઇ ગયા. ખરેખર, હું નસીબદાર છું કે મને આવા આત્મીય અને પ્રેમાળ આચાર્યભગવંતના હાથે રજોહરણ મેળવવાનો યોગ સાંપડ્યો અને તેમની પાવનકારી નિશ્રાનો સંયોગ પ્રાપ્ત થયો. ખરેખર, હિમાલયના શિખરને પણ શરમાવી દે તેવી શીતલતાનો અનુભવ સદા ય તેમના સાન્નિધ્યથી થતો. તેમનું વ્યક્તિત્વ સાગરથી વિશાળ અને આકાશથી પણ વિરાટ હતું. વિશ્વભરના શબ્દો ભેગા કરી જગતભરની ઉપમા આપીએ તો પણ તેમના ગુણોનું યથાર્થ વર્ણન શક્ય નથી. જગતમાં ઉપયોગી તો અનેક હોય પણ આવા ઉપકારી ગુરુ તો એક જ હોય. એ ઉપકારી આચાર્યભગવંતને યાદ કરતા હૃદયમાંથી ઉદ્‌ગાર સરી પડે :

એક મમતાભર્યો ચહેરો, જેણે અવિરત વહેંચ્યો સ્નેહ,
એક કરુણાની પ્રતિમા, જેણે અવિરત આપી હુંફ;
એક અનેરું વ્યક્તિત્વ, જેણે સિંચ્યા સંસ્કાર,
એક અગાધ વાત્સલ્યનો સાગર, જેણે તાર્યા જીવો અપાર... ✦✦✦

# ૮૫ ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે!!

- પૂ. સા. શ્રી વિશ્વવ્રતાશ્રીજી મ.

એક મહાન વ્યક્તિની ગુણગરિમાનું વર્ણન કરવું મારા જેવા અલ્પમતિ સાધ્વી માટે તો અશક્યપ્રાયઃ છે. જેમ કોઇ પાંગળી વ્યક્તિ Mount Everest ચઢવાની તમન્ના રાખે, એમ આજે મેં એક પરમોપકારી પુણ્યવંતી વિભૂતિ માટે કલમ ચલાવવાનો મનોરથ કર્યો છે. ક્યાં સિદ્ધહસ્તસર્જક, પરમગુરુકૃપાનિધાન પૂજ્યપાદ આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.નું લેખનકૌશલ્ય અને ક્યાં મારી શક્તિ? છતાં પણ ગુરુકૃપા પર એવી અટલ શ્રદ્ધા છે કે જો કલમ હાથમાં લીધી છે તો મારા મનની ઇચ્છા એ જરૂરથી પૂર્ણ કરાવશે ! હું કદાચ એ પૂજ્યશ્રીની આજીવન અંતેવાસી નથી. પણ દીક્ષા પર્યાયના ૧૦ વર્ષમાં હું એમની જેટલી વિશેષતાઓના પરિચયમાં આવી છું તેનું વર્ણન ચોક્કસથી કરીશ. એ મહાપુરુષ એટલે અમારા તારણહાર પરમગુરુદેવ પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ. તેમનામાં વાત્સલ્ય, તીવ્ર મેધાશક્તિ - પ્રજ્ઞાશક્તિ વગેરે અનેકાનેક ગુણોનો વાસ હતો. મને એક પ્રસંગ યાદ આવે છે : અમારે કુલ ૬ સાધ્વીજી ભગવંતોને વર્ષીતપની તપશ્ચર્યા દરમિયાન શ્રી આચારાંગ સૂત્રના જોગ ચાલી રહ્યાં હતા. એમાં અમારે અટ્ઠમ ઉપર આયંબિલ કરવાનું હતું, એટલે સહજતાથી મનમાં વિચાર આવી ગયો કે આયંબિલને બદલે નીવિ કરવા મળી જાય તો સારું ! પણ ગુરુદેવ પાસે આની માંગણી કરતાં સંકોચ થતો હતો. છેવટે મેં હિંમત કરી અને ગુરુદેવને નીવિની છૂટ આપવા વિનંતિ કરી ગુરુદેવે મારી વિનંતિ સાંભળીને એક ક્ષણ વિચાર કર્યો અને પછી વાત્સલ્યથી કહ્યું, ''જો હું ઇચ્છું તો તમને ચોક્કસ નીવિની છૂટ આપી શકું છું. પણ તમે બધા તો તપસ્વી છો. આયંબિલ-ઉપવાસ વગેરે તપ કરી શકવાની તમારામાં તો સારી શક્તિ છે, તો પછી છૂટની અપેક્ષા કેમ રાખવી? મારી તો ઇચ્છા છે કે તમે આયંબિલ જ કરો...'' અને કહેવાની જરૂર નથી કે પૂજ્યશ્રીના આ પ્રેમાળ શબ્દોએ શું કમાલ કરી! અમને થયું કે પૂજ્યશ્રી જો અમારા જેવા નાના સાધ્વી પર આટલો વિશ્વાસ રાખતા હોય તો એમની ઇચ્છા પૂરી કરવી એ તો અમારી સૌથી પહેલી જવાબદારી છે. અમે બધાએ પ્રસન્નતાપૂર્વક આયંબિલ કર્યું. અને બીજે દિવસે વર્ષીતપના ક્રમ મુજબ શાતાપૂર્વક ઉપવાસ કર્યો. આમાં દેવગુરુ ની જ કૃપા હતી. આ યોગની પૂર્ણાહુતિનાં બે જ દિવસ બાકી હતા અને લગભગ ૭૦ જેટલા દિવસ થઇ ચૂક્યા હતા. બધા સહવર્તીના યોગ પૂર્ણ થઇ ગયા હતા અને અમે બે જ મહાત્મા બાકી હતા. ત્યારે વરસાદને કારણે અસજ્ઝાય થતાં અમારો ૧ દિવસ વધી ગયો. પૂજ્યશ્રીએ ક્રિયા કરાવતા પ્રશ્ન કર્યો કે આજે વરસાદ પડ્યો તો તમારા મનમાં શું વિચાર આવ્યો? મારી સાથેના મહાત્માએ જરા ઉતાવળથી જવાબ આપ્યો કે એક દિવસ વધારે થયો. તરત જ પૂજ્યશ્રીએ એ જવાબ સુધારો કરી આપતાં કહ્યું : ''સારું થયું કે એક દિવસ આરાધના માટે વધી ગયો. ફરી આ ક્રિયા કરવાનો લ્હાવો ક્યાં મળવાનો છે? આવી સમજણ રાખશો તો આરાધના કરવાનો આનંદ વધી જશે.'' આ થઇ તપપ્રેરણા અને આરાધનાની વાત.

પૂજ્યશ્રીની મેધાશક્તિની વાત કરીએ તો એ પણ એટલી જોરદાર હતી. પૂજ્યશ્રીએ ઘણા મુમુક્ષુઓને પ્રવ્રજ્યા આપી છે. મારું પણ સૌભાગ્ય છે કે મને પૂજ્યશ્રીના હાથે રજોહરણ મળ્યું. પ્રથમ ઉપધાન અંધેરી કાંતિનગરમાં ગુરુદેવની નિશ્રામાં કર્યા પછી સંયમ માર્ગે જવાના મને ભાવ થયા. એટલે અમે જ્યારે અંધેરી જઇએ ત્યારે પૂજ્યશ્રી કહે-''અહો! આ તો તમારી સંયમ માર્ગની કેડીની શરૂઆતની ભૂમિ છે ને ?'' આશ્ચર્યની વાત એ છે કે આટલા બધાં મુમુક્ષુઓના દીક્ષાદાતા અને અમારા જેવા નાના સાધ્વી માટે પણ આટલું સ્મૃતિમાં રાખે એટલે મન અહોભાવથી વાસિત થયા વગર ન રહે.

દર્ભાવતીતીર્થમાં અમારા ચાતુર્માસપ્રસંગનો સ્વાનુભવ છે. મારે માસક્ષમણની આરાધના હતી અને આ તપની પૂર્ણાહુતિમાં મારી આયંબિલ કરવાની ઇચ્છા હતી. એટલે મારા ગુરુજીએ પૂજ્યશ્રીને કહ્યું, ''સાહેબજી ! પોરિસીનો સમય થાય એટલે આપની પાસે અમે પચ્ચક્ખાણ પારવા આવી જઇશું.'' પૂજ્યશ્રીએ તરત કહ્યું : ''અરે! માસક્ષમણના તપસ્વીને શા માટે કષ્ટ આપવું? અમે જ તે સમયે તમારા ઉપાશ્રયમાં આવી જશું!'' ખરેખર એ સમયે મને ફરી એમના માટે બહુમાનભાવ જાગ્યો કે આટલા મોટા આચાર્યભગવંત થઇને પણ તેઓ નાના સાધ્વીજી માટે કેટલી ચિંતા કરે છે - ધ્યાન રાખે છે! પછી તો અમે ખૂબ જ આગ્રહ કરીને પૂજ્યશ્રીને આવતા રોક્યા અને ઉપાશ્રયે જઇને તેઓશ્રી પાસે પચ્ચક્ખાણ પાર્યું.

પૂજ્યશ્રીનો જન્મ ગુજરાતમાં થયો હતો અને મારો મુંબઇમાં. એટલે સહજ છે કે અમે મરાઠી જેટલી સરળતાથી અને Fluently બોલી શકીએ એટલી સરસ પૂજ્યશ્રી ન જ બોલી શકે. પણ એમ ન હતું. પૂજ્યશ્રી જેટલી ફાવટથી મરાઠી બોલી શકતા હતા એ જોઇને કોઇ અપરિચિત વ્યક્તિ એમ જ માની લે કે તેઓ મહારાષ્ટ્રના વતની હશે! આનું મુખ્ય કારણ તેમની નવું - સારુ શીખવાની ધગશ હતી. તેઓએ જ્યારે પૂના ચાતુર્માસ કર્યું ત્યારે વંદન કરવા આવનાર બાળકો તેમજ Newspaper દ્વારા ઝડપથી મરાઠી શીખી લીધી હતી. ધગશની સાથે તીવ્ર પ્રજ્ઞાશક્તિ ભળી એટલે એમની મરાઠી ઉપર જોરદાર પકડ આવી ગઇ અને ક્યાંક અમને શરમાવે એવી ભાષા તેઓ બોલી શકતા.

આવા તો કઇ કેટલા ય ગુણો દીક્ષાના ૧૦ વર્ષમાં જોવા મળ્યા છે. એક સ્તુતિમાં એવી પંક્તિ આવે છે : ''ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.'' મને એવું લાગે છે કે પૂ. રાજરત્નસૂરિજી મ. ની જેમ ભલે ૩૮ વર્ષ સુધી તેમને નિહાળવાનું સૌભાગ્ય મને નથી મળ્યું પણ ૧૦ વર્ષ સુધી ય જો તેમનાં દર્શન કરી શકી છું તો ચોક્કસ હું ધન્ય બની ગઇ છું! અંતે તેમના માટે એટલું જ કહીશ કેઃ-

વિદાય એવી લીધી કે હજી મન માનતું નથી,
નિર્દોષ હસતું મુખડું આપનું નજર સામેથી જતું નથી;
જીવન એવું જીવી ગયા કે જીવનારા જોયા કરે,
કાર્ય એવા કરી ગયા કે હૃદયમાં સૌના ગુંજ્યા કરે;
શાસન પ્રભાવના માટે તમે હરપળ ઝઝુમતા રહ્યા,
જીવનના પથ પર કાંટા સહી, સહુ માટે ફૂલ પાથરી ગયા...

✦✦✦

૮૬

# સૂર્યોદયં સૂરિવરં પ્રણૌમિ

- શ્રી મૂકેશભાઇ મફતલાલ શાહ - ડભોઇવાળા (વિધિકાર)

જિનશાસનના નભોમંડળમાં ચમકતા અનેક સૂરિભગવંતોમાં એક વિશિષ્ટ તેજોમંડળથી ચમકતો ચહેરો એટલે પૂ. યુગદિવાકર આ. દેવ ધર્મસૂરીશ્વરજી મ.સા.ના આજીવન ચરણસેવી અમારા અને સૌના પરમ ઉપકારી પ્રૌઢ પ્રભાવશાળી પૂ.આચાર્યદેવ સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજા...

માતા મણિબેન અને પિતા ચીમનલાલના પનોતા પુત્ર, દર્ભાવતી (હાલ ડભોઇ) તીર્થે જન્મેલ આ આત્માએ બાલ્યવયથી ધર્મસંસ્કાર પ્રાપ્ત કરી પ્રબળ વૈરાગ્યથી ગુપ્ત દીક્ષા લઇ સંયમપ્રાપ્તિની પ્રબળ ભાવનાને સાકાર બનાવી હતી.

જેમ સૂર્યનો ઉદય થતા અંધકારનો નાશ થાય, તેમ પૂ. સૂર્યોદયસૂરિજી મ.ના કૃપા-કિરણો-જ્ઞાનકિરણોએ અનેકનાં જીવનમાં અજ્ઞાન અંધકારનો નાશ કરી જ્ઞાનના-આરાધનાના-આચારધર્મનાં અજવાળા પાથર્યાં છે.

આચારસંપન્ન-આરાધનામય જીવનચર્યાથી અને પોતાની મૌલિક ઉપદેશલબ્ધિ-પુણ્યાઇ આદિથી અનેકાનેક આત્માઓના તારક બનેલ અને મુંબઇ આદિ અનેક સંઘોમાં જાજરમાન-અનુપમ આરાધનાઓ કરાવનાર આ ગુરુભગવંત ખરેખર મહાન હતા.

ચોર્યાસી વર્ષનો દીર્ઘ જીવનપર્યાય અને અડસઠ વર્ષનો ઉત્તમ આરાધનામય સંયમપર્યાય ધરાવતા આ ગુરુદેવ પૂજ્યપાદ મોહન-પ્રતાપ-ધર્મસૂરીશ્વરજી મ.ના સમુદાયને જીવંત રાખી રૂડી રીતે સમુદાયના હિતસંરક્ષક બની રહ્યા હતા. અને વિશેષ કરીને મુંબઇનગર પર પૂજ્ય ધર્મસૂરીશ્વરજી મ.સા. એ કરેલા ઉપકારોની હારમાળાને વેગવંત રાખી તેમની ઉજ્જવળ પરંપરાના સંવાહક બન્યા હતા. વિનયશીલતા, ગુરુસમર્પણ, સંઘવત્સલતા, ગજબની કોઠાસુઝ, નિઃસ્પૃહતા, જ્ઞાનસંપદા, સહિષ્ણુતા, નિર્મળ પરિણતિ વગેરે અનેકાનેક ગુણો તેઓશ્રીમાં ભરેલા હતા. પ્રતિદિન સાધુચર્યાનું-પંચાચારનું રૂડું પાલન, શાસનપ્રભાવનાનાં અનેક કાર્યો, સંઘએકતાના પુરુષાર્થો, જિનાલયરક્ષા આદિનાં કાર્યો, શુદ્ધ પ્રરૂપણા વગેરે તેમની આગવી વિશેષતા હતી. ઘણા જ શાસનરક્ષાના-પ્રભાવનાના કાર્યોને તેઓશ્રીએ મૂર્તિમંત કરેલ.

વિધિવિધાન ક્ષેત્રમાં મારા ૩૫ વર્ષના કાર્યકાળ દરમિયાન અનેકવિધ અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ આદિ કાર્ય દરમિયાન મારે તેઓશ્રીના અંગત પરિચય-સત્સંગમાં આવવાનું થયેલ.

આ જિનભક્તિમહોત્સવના કાર્યો તથા વિધિવિધાન દરમિયાન તેઓનાં કેટલાક વિશેષ ગુણો મને સ્પર્શ્યા છે. તેમાં :

(૧) **સમયબદ્ધતા :** મહોત્સવમાં કોઇ પણ વિધિના પ્રારંભે, અનુષ્ઠાનમાં, પ્રવચન આદિ કાર્યમાં સમયસર પધારી શરુઆત કરી સમયસર પૂર્ણ કરવાની ચીવટ તેમનામાં ખાસ હતી જે હાલ તેઓશ્રીના પટ્ટધર શિષ્યમાં પણ છે.

(૨) **પ્રૌઢ પ્રભાવ :** તેઓ કોઇ પણ અનુષ્ઠાન આદિ પ્રસંગમાં બિરાજમાન હોય તો તેમની શારીરિક પ્રતિભાથી અંજાઇ જવાય. એથી પણ વિશેષ એમની હાજરીથી આંતરિક વ્યક્તિત્ત્વ પણ ખીલે. જ્યારે કોઇ જિનભક્તોને ઉપદેશ-સમજણ આપે ત્યારે અંદર રહેલી સરલતા-પાપભીરુતા-ગંભીરતા આદિ ગુણોનાં પણ દર્શન થતા.

(૩) **બુલંદ અવાજ :** તેઓશ્રીની વાણીમાં આષાઢી મેઘની ગર્જના હતી. વાણીમાં સત્યનો રણકાર-મધુરતા હતી જે સૌ કોઇને કર્ણપ્રિય બની રહેતી.

(૪) **શુદ્ધતાની નિષ્ઠા :** તેઓશ્રીની નિશ્રામાં જ્યાં જ્યાં અંજન-પ્રતિષ્ઠામહોત્સવના આયોજન થતા ત્યાં ત્યાં તેઓ પ્રાયઃ કરીને સંઘોને 'અમારા વિધિકાર (મૂકેશભાઇ મફતભાઇ) દ્વારા વિધિવિધાન થાય તો ઉત્તમ' આવી પ્રેરણા કરતા. જે સુવિશુદ્ધ વિધિવિધાનમાં તેઓની કેટલી નિષ્ઠા-વિશ્વાસ - આગ્રહ હતો તે દર્શાવે છે. અમારા માટે આ ગૌરવપ્રદ બાબત ગણાય.

છેલ્લા ૧૮-૨૦ વર્ષો દરમિયાન તેઓશ્રીની નિશ્રામાં અમને ૨૫ થી અધિક અંજનશલાકા તથા પ્રતિષ્ઠામહોત્સવો દ્વારા જિનભક્તિનો લાભ મળેલ છે.

તેઓશ્રીના પટ્ટધર પૂ.આ.દેવ રાજરત્નસૂરિજીએ પણ આ જ પરંપરા જાળવેલ છે જેનો અમોને આનંદ છે. વિધિમાં આવતા શ્લોકો-મંત્રો આદિનો છંદબદ્ધ શુદ્ધ ઉચ્ચારપૂર્વક કરાયેલ પાઠ તેઓશ્રીના મુખે સાંભળવો એક લહાવો હતો.

આવા ગુરુવરની વિદાયથી શાસનમાં એક વિદ્વાન, પ્રભાવક, આચારસંપન્ન આત્માની ન પુરાઈ શકે તેવી ખોટ પડી છે.

તેઓશ્રીમાં રહેલા દિવ્ય ગુણોને ઝીલી આત્મસાત્ કરી આપણે આપણા જીવનમાં એક નવો સૂર્યોદય કરી જીવનને પ્રકાશમય બનાવીએ એ જ મંગલકામના. ✦✦✦

# જિનશાસનરત્ન સૂરિદેવ

- પંડિત શ્રી ધનંજયભાઇ જે. જૈન - 'પ્રેમકેતુ'

**તેજસ્વી છતાં પ્રિયંકરી પ્રકાશમયતાના સ્વામી :-** પૂજ્યપાદ પરમ શાસનપ્રભાવક આચાર્યવર્ય શ્રીમદ્ વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજા સૂર્યોદય સમા તેજસ્વી અને સહનીય પ્રકાશમયતાના સ્વામી હતા. મધ્યાહ્નકાલીન સૂર્ય તેજસ્વી તો હોય છે, પરંતુ તેનો પ્રકાશ અસહ્ય હોય છે. પૂ. સૂરિદેવ સૂર્યોદય જેવા જ રમણીય તેજસ્વી અને સહનીય-પ્રિયંકરી પ્રકાશમયતાના સ્વામી હતા.

તેમની પાસે જનાર તેમની તેજસ્વિતાથી અંજાય જરૂર. પણ તેમના પ્રતાપી પ્રકાશથી ડરી ન જાય. હા... તેમની તેજસ્વિતાથી પ્રભાવિત થઇ તેમના જરૂર બની જાય.

**'સમુદાયરત્ન' નહિ, જિનશાસનરત્ન :-** પૂ. સૂરિદેવશ્રી માત્ર 'દર્ભાવતીરત્ન' જ ન હતા, માત્ર યુગદિવાકર પૂજ્યપાદશ્રીના સમુદાયનું રત્ન જ ન હતા; તેઓશ્રી તો ખરેખર 'જિનશાસનરત્ન' હતા. 'દર્ભાવતી (ડભોઇ)' અને 'સમુદાય' જેવા અલ્પ ફલકને શોભાવનાર રત્નરૂપે તેમને નવાજવા કરતા સમગ્ર જિનશાસનના રત્નરૂપે તેઓશ્રીને નવાજીએ તો તેમનું યથાર્થ બહુમાન કર્યું ગણાશે.

**ઉજળું આંતર - બાહ્ય વ્યક્તિત્વ :-** તેમનું બાહ્ય વ્યક્તિત્વ આકર્ષક હતું. વિશાળ ભાલ! તેજસ્વી નયન! ગૌર વર્ણમય દેહ! સિંહ સમી ભવ્ય દાઢી! આકર્ષક મુખાકૃતિ! અને મુખ પર સદૈવ સુમધુર પ્રસન્નતા! એ મુખમાંથી નીકળતી વાણી પણ સામાના હૃદયને વીંધી શકે તેવી પ્રભાવશાળી !

તેમના બાહ્ય વ્યક્તિત્વ કરતાં ય તેમનું આંતર અસ્તિત્વ અર્થાત્ ગુણમય વ્યક્તિત્વ વધુ તેજવંત અને જોમવંત હતું. 'ન્યાય-વ્યાકરણ-સાહિત્ય તીર્થ' પદવીના ધારક સૂરિદેવ ન્યાય-વ્યાકરણ-સાહિત્ય જેવા કઠિન વિષયોના વિદ્વાન તો હતા જ, પરંતુ જૈન શાસ્ત્રોનો તેમનો બોધ પણ ખૂબ ઊંડો હતો. સ્વ. સૂરિદેવના પટ્ટપ્રભાવક પૂ. જિનશાસનપ્રભાવક આ. શ્રી રાજરત્નસૂરિજી મહારાજે તેમના એક લેખમાં નોંધેલા શબ્દો આ વિષયમાં ઉચિત પ્રકાશ પાડી જાય છે. તેઓશ્રી લખે છે : ''આ.શ્રી ઉદયપ્રભસૂરિજી પોતાના વાચના પુસ્તકમાં લખે છે કે ''દ્રવ્યાનુયોગના ગ્રન્થો અને વ્યાકરણ વિષે યુગદિવાકર પૂ.આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.ની નિષ્ણાતતા મેં સ્વયં અનુભવેલી લખું છું. તત્ત્વાર્થસૂત્રના બીજા અધ્યાય (સિદ્ધસેનીય ટીકા)નું ભાષાંતર કરતા જીવાદિ તત્ત્વોના માર્ગણાદ્વાર (૬)નાં વિશ્લેષણમાં ક્યાંક તૂટતી કડીને જોડવાનું કાર્ય પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. દ્વારા સંપાદિત-અનુવાદિત પૂ. આ.ધર્મસૂરિજી કૃત નવતત્ત્વ પ્રકરણની ટીકાથી સુલભ બન્યુ હતું.''

ઉપર્યુક્ત કથન પૂ. સૂરિદેવની જૈન શાસ્ત્રબોધની ગહનતાનું ઉત્તમ પરિચાયક છે.

**જીવનના અંત સુધી જીવંત જ્ઞાનપ્રેમ :-** પૂ. સૂરિદેવનો આ જ્ઞાનપ્રેમ જીવનના અંત સુધી એવો જ જાજ્વલ્યમાન રહ્યો હતો. હું વારંવાર પૂજ્યશ્રીને મળ્યો છું. તેમને વંદના કરી છે. પરંતુ તેઓશ્રી હરહંમેશ કાંઇને કાંઇ સ્વાધ્યાય-વાચનમાં જ પરોવાયેલા હોય. આંગતુક આવે. પ્રસન્નતાથી વાત કરે... અને વળી પાછા પોતાના વાચનકાર્યમાં મશગૂલ થઇ જાય.

'શ્રી નવતત્ત્વ શાસ્ત્ર' ઉપર પૂજ્યપાદ યુગદિવાકર આચાર્યદેવ શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજાએ ૬૦૦૦ શ્લોક પ્રમાણ 'સુમંગલા' નામક સંસ્કૃત ટીકાનું નિર્માણ કર્યું હતું. તેના ઉપર ૧૦,૦૦૦ શ્લોક પ્રમાણ ગુર્જર ભાવાનુવાદ ૭૯ વર્ષની વયે આચાર્યદેવ શ્રી સૂર્યોદયસૂરિજી મહારાજે તૈયાર કર્યો હતો.... આ ઘટના સ્વ. સૂરિદેવની અપૂર્વ સ્વાધ્યાયપ્રિયતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ૭૯ વર્ષની વય સામાન્યતઃ પથારીમાં સૂતા રહીને આરામ કરતાં કરતાં શ્રી નમસ્કાર મહામન્ત્રના જાપની ઉંમર કહેવાય. પરંતુ આ ઉંમરે ટટ્ટાર બનીને નવીન શાસ્ત્રનું સર્જન કરવું એ 'સ્વાધ્યાયઃ પરમં તપઃ' આ શાસ્ત્રવચનને આત્મસાત્ કરી ચૂકેલા આવા કો' મહામના સૂરિદેવ માટે જ સંભવિત છે, તેમ નિઃશંક કહેવું પડે.

**સદૈવ સમર્પિત અને સહવર્તી :-** ૧૩૫ જેટલા જિનાલયોના નિર્માણની પ્રેરણા કરીને લાખો જીવોમાં સમ્યગ્દર્શનાદિ ગુણોનું નિર્માણ કરવામાં પ્રબળ નિમિત્ત રૂપ અને ૮૪ જેટલા ઉપાશ્રયોના નિર્માણની પ્રેરણા દ્વારા જીવોમાં સમ્યક્ચારિત્રારાધના આદિ ગુણનિર્માણના પરમ પ્રેરક, મહાન શાસનપ્રભાવક યુગદિવાકર પૂ. આચાર્યદેવ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજાનું-ચરણ-શરણ સ્વીકાર્યા પછી પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ પોતાના આ ગુરુદેવને સદૈવ સમર્પિત રહ્યા હતા... એટલું જ નહિ, તેઓ પૂરો જીવનકાળ (ગુરુદેવની હયાતિ સુધી) આ ગુરુવરના સહવર્તી પણ રહ્યા.

પૂ. યુગદિવાકર ગુરુવરની છાયાની પ્રતિચ્છાયા જેવા બની ગયેલા પૂ. શ્રી સૂર્યોદયવિજયજી મ. વગર ગુરુદેવને જાણે ચાલે જ નહિ, એવું અપૂર્વ સ્થાન ગુરુદેવના હૃદયમાં તેઓશ્રીએ પ્રાપ્ત કર્યું હતું. પૂ. યુગદિવાકરશ્રીજીના પ્રત્યેક શાસનપ્રભાવક સત્કાર્યોમાં સૂર્યોદયસૂરિજી મહારાજનો અપ્રતિમ ફાળો હતો તે સર્વાનુભવસિદ્ધ છે.

**ગુરુ-શિષ્યની જોડીએ જિનશાસનમાં ડંકો વગાડ્યો :-** પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીના દેહવિલય બાદ શાસનપ્રભાવક આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી ૮૪ જેટલા જિનાલય+ઉપાશ્રયોના નિર્માણ થવા પામ્યા. આ સંખ્યા સ્વ. સૂરિદેવની મહાન શાસન પ્રભાવકતાને ઉજાગર કરનારી છે અને પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરિજી મ.ના પ્રત્યેક શાસન પ્રભાવક કાર્યોમાં અત્યંત મહત્ત્વપૂર્ણ સહાયક પરિબળ રૂપે તેઓશ્રીના પટ્ટધર પૂ.આ. શ્રી રાજરત્નસૂરિજી મ.સા.જ રહેતા... બીજા શબ્દોમાં કહું તો આ ગુરુ-શિષ્યની જોડીએ (સંસારપક્ષે મામા-ભાણેજની જોડીએ) ઉત્તમ શાસનપ્રભાવક કાર્યો કરીને જિનશાસનમાં ડંકો વગાડી દીધો... અને જગતભરમાં દર્ભાવતીનું નામ ગુંજતું-ગાજતું કરી દીધું.

**હવે કાંઇક મારી-અમારી વાત :-**

પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરિજી મ.નું વતન ડભોઇ (દર્ભાવતી તીર્થ) અને મારું પણ ડભોઇ જ! મારા પરમ પૂજ્ય પિતાશ્રી જશુભાઇના જીવનમાં (અર્થાત્ અમારા પરિવારમાં) પરમોપકારી ગુરુ તરીકે પૂ. પૌઢ પ્રતાપી સ્વ. આચાર્યદેવ શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. સાહિત્યકલારત્ન આ. દેવ શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા. હતા. આ બન્ને પૂજ્ય પુરુષોના પ્રભાવે પિતાશ્રી ધર્મ પામ્યા.

પિતાશ્રી જશુભાઇને ચારિત્રના મનોરથ થયા અને તેઓશ્રીની દીક્ષા વિ.સં. ૨૦૨૨માં વૈશાખ શુદ ચોથે પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્ય ભગવંત શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. (પાછળથી પૂ. પંન્યાસજી મ.)ના શિષ્યરૂપે થઇ. જશુભાઇ ''મુનિરાજ શ્રી જયચન્દ્રવિજયજી મ.'' બન્યા. મારા પૂ. પિતા ગુરુદેવ શ્રી જયચન્દ્રવિજયજી મ. ૫૦ વર્ષનો દીર્ઘ દીક્ષાપર્યાય પાળી ૯૦ વર્ષની ઉંમરે ઉત્તમ આરાધનામય જીવન જીવીને સમાધિમૃત્યુ સાધી ગયા.

વાત મહત્ત્વની એ છે કે પૂ. પિતાગુરુજી શ્રી જયચન્દ્રવિજયજી મ.નો સ્વ. સૂરિદેવ શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.જોડે અતૂટ આત્મસંબંધ રહ્યો હતો. તેઓશ્રી સાથે પિતા ગુરુદેવ સતત પત્ર વ્યવહાર દ્વારા સમ્પર્કમાં હતા. પૂ. સૂર્યોદયસૂરિજી મ.ની નિશ્રામાં થતા તમામ શાસનપ્રભાવક સત્કાર્યોની સતત અનુમોદના... ખુલ્લા દિલની ભરપૂર ગુણાનુમોદના... પિતા ગુરુદેવ, પૂ.આ. સૂર્યોદયસૂરિજી મ. ઉપર પત્ર દ્વારા વ્યક્ત કરતાં. એક વાર પિતા ગુરુજી સાથે વાતચીત થતા તેઓશ્રી બોલ્યા હતા કે... ''ધનંજય! તને યાદ છે ને કે થોડલો પણ ગુણ પરતણો...સાંભળી હર્ષ મન આણ રે...!'' આવા ઉત્તમ શાસનપ્રભાવક સૂરિવરના શાસનાનુકૂળ કાર્યોની અનુમોદના પત્ર દ્વારા વ્યક્ત કરીને ગુણાનુમોદનાજનિત પુણ્યકર્મ કમાઇ લેવાની તક હું શા માટે જતી કરું? હવે આ વૃદ્ધવયે હું શાસનપ્રભાવના ન કરી શકું, પણ શાસનપ્રભાવકોના સત્કાર્યોની અનુમોદનાનું પુણ્ય તો કમાઇ શકું ને? આ તેમની વાત સાંભળીને સુકૃતાનુમોદનાના સાધક પરમ ગુણાનુરાગી મારા પૂ. પિતા ગુરુદેવના ચરણોમાં મેં પુનઃ ભાવપૂર્વક વંદન કર્યું.

સમ્બન્ધોની શ્રૃંખલામાં થોડા આગળ વધીએ... પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરિજી મ., પૂ.આ. શ્રી રાજરત્નસૂરિજી મ. ના સંસાર પક્ષે ''મામા'' થાય અને મારા પૂ. પિતાશ્રી જયચન્દ્રવિજયજી મ., પૂ. આ. શ્રી રાજરત્નસૂરિજી મ.ના ''કાકા'' (મોટા બાપા) થાય. અને પૂ. મફતભાઇ પૂ. રાજરત્નસૂરિજી મ. ના પિતા થાય.

વિ.સં. ૨૦૩૫ના માગશર શુદ ૫ના શુભ દિવસે બાળ રાજુએ ૧૧ વર્ષની ઉંમરે મામા મહારાજના શિષ્ય રૂપે દીક્ષા ગ્રહણ કરી અને બન્યા. પૂ.બાલમુનિ શ્રી રાજરત્નવિજયજી મ. અને આજે તેઓ પૂ. આચાર્યશ્રી રાજરત્નસૂરિજી મ. રૂપે સંયમારાધના-શાસનપ્રભાવના કરી રહ્યા છે.

સ્વપુત્રની દીક્ષા બાદ બરોબર ૩૦ વર્ષ બાદ એટલે કે વિ.સં. ૨૦૬૫ના વૈશાખ વદ ૭ના શુભ દિવસે ૮૦ વર્ષની વૃદ્ધ વયે પૂ. મફતકાકાએ પણ દર્ભાવતી તીર્થમાં ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરીને પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.નું શિષ્યપદ સ્વીકાર્યું અને નામ સ્થાપન થયુંઃ પૂ. મુનિરાજશ્રી દિવ્યરત્નવિજયજી મ.! આજે ૮૯ વર્ષની વયે પોતાના સુપુત્ર પૂ. આ. શ્રી રાજરત્નસૂરિજી મ.ની સાથે રહીને તેઓશ્રી ઉત્તમ સંયમ સાધના સાધી રહ્યા છે.

આમ એક જ પરિવારના ત્રણ ઉત્તમ કુળદીપકો એટલે પૂ. મુનિરાજશ્રી જયચન્દ્રવિજયજી મ., પૂ.આ.શ્રી રાજરત્નસૂરિજી મ. અને પૂ મુનિરાજ શ્રી દિવ્યરત્નવિજયજી મ. ! સમ્બન્ધની દૃષ્ટિએ પૂ. આ. શ્રી રાજરત્નસૂરિજી મ. અમારા સંસારપક્ષીય લઘુભ્રાતા થાય. આ અમારા માટે ગૌરવપ્રદ ઘટના છે.

પ્રાન્તે... પરમ તારક શ્રી લોઢણ પાર્શ્વનાથ ભગવંતની પરમ પાવન પ્રતિમાથી મંડિત તે દર્ભાવતી નગરી પણ ધન્ય છે કે જે ભૂમિએ ૧૪૫ શ્રમણ-શ્રમણીઓની જિનશાસનને ભેટ ધરી છે....

આવી દર્ભાવતીનગરીના રત્ન અને સમગ્ર જિનશાસનના રત્ન પૂ. આ.દેવ શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. સાહેબના ચરણોમાં પુનઃ પુનઃ કોટિશઃ વંદનાવલિ-શ્રદ્ધાંજલિ !

✦✦✦

૮૮

## વિશિષ્ટ પ્રતિભાસંપન્ન અને વિશિષ્ટ ગુણસંપન્ન...

-શ્રી વીરેન્દ્રભાઇ મૂળજીભાઇ સવાઇ

પ.પૂ.સિદ્ધાંતનિષ્ઠ આ.ભ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. યુગદિવાકર આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા. તેમજ તેમના શિષ્યસમુદાય સાથે અમારા પરિવારનો ધર્મસંબંધ અમારા વડીલોના સમયથી ચાલ્યો આવે. લગભગ એંશી વર્ષ જૂનો એ ધર્મસંબંધ. પૂ. ગુરુદેવો માંગરોલ-વેરાવલ તરફ વિચરતા ત્યારથી એ ધર્મસંબંધ સ્થપાયો હતો. એમાં પણ પૂ. આ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા. અમારા કૌટુંબિક સંબંધી પણ ખરા. આથી અમારો ધર્મસંબંધ વધુ દૃઢ હતો. આ સમુદાયના મુંબઈમાં પગલાં થયા, અને એનાથી મુંબઈમાં જૈન ધર્મની ઠેર ઠેર જાહોજલાલી પ્રગટી એનો હું મારી યુવાનવયથી પ્રત્યક્ષ સાક્ષી છું. આ સમુદાયના ઘણા આચાર્ય મહારાજોને મેં એમની યુવાવયે તરવરાટથી શાસનનાં કાર્યો - સ્વાધ્યાય-આયોજનો વગેરે કરતાં જોયા છે. એમાંના એક વિશિષ્ટ પ્રતિભાસંપન્ન આચાર્યભગવંત એટલે પ.પૂ. પ્રૌઢપ્રભાવશાળી સમર્થ શાસનનાયક પરમ શાસનપ્રભાવક આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ.

યુવાનીના દાયકાઓમાં મેં એમને પ.પૂ. ધર્મસૂરીશ્વરજી મ. નો પડછાયો બનીને એમનાં દરેક કાર્યો સંભાળતા જોયા છે. ચેમ્બુરતીર્થ હોય કે ઘાટકોપરનું ચાર મજલી દેરાસર હોય, કાંદિવલીનું ચોવીશજિનાલય હોય કે ભાયંદરનું બાવનજિનાલય હોય : ધર્મસૂરિદાદાનાં આ અઢળક કાર્યો પૈકી દરેકની 'અપ ટુ ડેટ' ફાઇલ પૂ. સૂર્યોદયવિજયજી મ. પાસે તૈયાર જ હોય. તે તે સંઘો આવે ત્યારે તેઓ બધી વિગતો સાથે તૈયાર જ હોય. એમની સ્ફૂર્તિ અને કામ કરવાની આવડત, બન્ને ગજબના હતા. જ્યારે કાર્ય પૂરું થાય ત્યારે એ તરત મોટા મોટા સંસ્કૃત ગ્રન્થો લઈ એના પર અભ્યાસ - ચિંતન અને અધ્યાપન કરે. વિ.સં. ૨૦૦૬ થી મુંબઈમાં આ ઘટનાઓ મેં વારંવાર નિકટતાથી જોઈ છે. હવે હું એમની અને મારી વચ્ચેના કેટલાક રસપ્રદ પ્રસંગો નોંધીશ :

* વિ.સં. ૨૦૧૬ આસપાસ મારી પાસે એક નાનું બુકપંચાંગ 'જીવન - મણિ સદ્વાંચનામાળા ટ્રસ્ટ' તરફથી આવ્યું. બહુ જૂજ નકલનું પ્રાથમિક કક્ષાનું એ પંચાંગ મેં પૂ. સૂર્યોદયવિજયજી મ. ને બતાવતાં કહ્યું :- ''સમાજમાં આજ સુધી માત્ર ભીંતના (કેલેન્ડર જેવા) પંચાંગો જ પ્રચલિત છે. આવી સાઈઝના પંચાંગ પ્રચલિત કરો તો લોકોને એ ખૂબ જ ઉપયોગી થશે.'' એમણે આ વાત હૈયે વસાવી લીધી. બીજા જ વર્ષે એની ચોકકસ પદ્ધતિઓ - કલ્યાણકો-પચ્ચક્ખાણ વગેરે સાથે પૂ. સૂર્યોદયવિજયજી મહારાજે બુકપંચાંગનો સફળ પ્રયોગ

કર્યો. બે વર્ષમાં તો એ પંચાંગ એમના હસ્તક લાખોની સંખ્યામાં પ્રગટ થયા. એ જમાનામાં આજના જેવી 'ટેક્નોલોજી' ન હતી. છતાં તેઓ જાતદેખરેખથી અત્યંત શુદ્ધ સરસ પંચાંગો લાખોની સંખ્યામાં સમયસર કરાવી શકતા હતા. તે પછી તો દરેક સમુદાયોમાં બુક જૈન પંચાંગો શરુ થયા. પરંતુ જૈન શ્રમણસંઘમાં અને સમાજમાં એને સુવ્યવસ્થિતપણે તૈયાર કરી સર્વપ્રથમ પ્રચલિત કરવાનું શ્રેય તો પૂ. સૂર્યોદયવિજયજી મ. ને જ જાય છે.

* વિ.સં. ૨૦૪૫ માં અમારા ખાર જૈન સંઘમાં શ્રી મુનિસુવ્રતસ્વામીજિનાલયનો ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ પૂ. યુગદિવાકર સમુદાયના ચાર આચાર્યદેવો સહિત વિશાલ સાધુ-સાધ્વી સમુદાયની નિશ્રામાં ધામધૂમથી થયો. એમાંના એક આચાર્યદેવરૂપે પૂ. સૂર્યોદયસૂરીશ્વરજી મ. હતા. મહોત્સવના દિવસો નજીક આવી ગયા હતા. પણ અમને શિખરના બાંધકામની 'પરમીશન' સરકાર તરફથી મળતી ન હતી. 'શું કરવું?' એ માટે અમે મુંઝાતા હતા. ત્યાં પૂ. સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજે એમની તીવ્ર બુદ્ધિથી ઉપાય બતાવ્યો કે જેટલી 'પરમીશન'છે એટલું બાંધકામ કરો. બાકી માટે ઈંટનું નાનામાં નાનું ચણતર ઠેઠ ઉપર સુધી કરી ધ્વજાદંડની પ્રતિષ્ઠા મુહૂર્તસમયે કરી લેવી. એટલે ધ્વજાનું મુહૂર્ત સચવાઈ જશે અને સમસ્યા નહિ રહે. બાકીનું બાંધકામ 'પરમીશન' બાદ તુર્ત પૂરું કરી લેવું. અમે સૌ તાજુબ થઈ ગયા પૂજ્યશ્રીની સમયાનુસારી બુદ્ધિથી. પછી એ જ રીતે કાર્ય થયું. કોઈ તકલીફ ન આવી અને પ્રસંગ સચવાઈ ગયો.

* પૂ. શતાવધાની આ.ભ. શ્રી જયાનંદસૂરીશ્વરજી મ.સા. ની પ્રેરણાથી મુંબઈથી આબુ-રાણકપુર તીર્થનો ત્રાણું દિવસનો ભવ્ય પદયાત્રાસંઘ નીકળ્યો. એમાં મેં સતત ત્રાણું દિવસ માનદ સેવા આપી. સંઘમાં કયા મુકામ કયા ગોઠવવા ? કિલોમીટર કેટલા રાખવા ? વગેરે તમામ સલાહ-સૂચન હું કાયમ પૂ. સૂર્યોદયસૂરીશ્વરજી મ. ના જ લેતો. એમનો અનુભવ એવો સચોટ હતો કે એમની ધારણા દરેક વખતે સાચી જ ઠરે.

* એક વાર હું વાલકેશ્વરના એસ.પી. એપાર્ટમેન્ટમાં પૂ. સાહિત્યકલારત્ન આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ. સા. ને વંદન માટે ગયો હતો. ત્યાં અન્ય સમુદાયના ગુરુ ભગવંત તેઓને શાતા પૂછવા આવ્યા હતા. સંથારાવશ પૂ. યશોદેવસૂરીશ્વરજી મ. લગભગ સૂતા સૂતા રહી પેલા ગુરુભગવંતને પોતાના પુસ્તકો બતાવતા હતા. પેલા ગુરુભગવંતે વાત વાતમાં કહ્યું: ''આપના પછી જ્ઞાનનો વારસો કોઇ સંભાળનાર છે ખરા?'' તરત યશોદેવસૂરિજી બોલી ઊઠ્યાઃ ''મારા સૂર્યોદયસૂરિ છે ને ? એ બહુ જ વિદ્વાન છે. જ્ઞાનનો બધો વારસો એ સંભાળે એવા છે.'' આ શબ્દો સાંભળતા મને અપાર હર્ષ થયો છે કે સૂર્યોદયસૂરિજીના જ્ઞાનની છાપ વડીલોનાં હૈયે કેવી જબરજસ્ત છે...

* વિ.સં. ૨૦૬૦માં પ.પૂ. યુગદિવાકર આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની જન્મશતાબ્દીની ઉજવણી થઇ. એમાં સૌથી વધારે આયોજનો પૂ. સૂર્યોદયસૂરિજીએ કરાવ્યા. પરંતુ એમણે સૌથી અગત્યનું કાર્ય ગુરુદેવની સાચી જન્મતિથિનાં સંશોધનનું કર્યું. ગુરુદેવની જન્મતિથિ શ્રાવણ વદ છે કે શુદ ? આ શંકા દાયકાઓથી ચાલી આવતી હતી. પરંતુ પૂ. સૂર્યોદયસૂરિજી મહારાજે ઊંડું સંશોધન કરી સચોટ પૂરાવાઓ સાથે શ્રાવણ શુદ ૧૧ જ સાચી જન્મતિથિ હોવાનું પુરવાર કર્યું. એ રીતની ઉજવણી પણ એમણે શરુ કરાવી. ચર્ચા-વિચારણા માટે એ સમયે શ્રાવકોના પ્રતિનિધિમંડળમાં હું પણ પૂ. યશોદેવસૂરીશ્વરજી મ.ને મળવા ગયો હતો. તેમણે પણ અમારા સૌની સમક્ષ સ્વીકાર્યું હતું કે 'સાચી જન્મતિથિ શ્રાવણ શુદિ-૧૧ છે.'' પૂ. સૂર્યોદયસૂરિજી મ.ની આ બહુ મોટી અને ગંભીરતાપૂર્વકની ગુરુભક્તિ-ગુરુસેવા હતી એમ મારું માનવું છે...

* સંઘમાન્ય જન્મભૂમિ પ્રત્યક્ષ પંચાંગમાં સમગ્ર એકતિથિપક્ષની તિથિપત્રિકાનું પેજ વર્ષોથી આ જ સમુદાય તૈયાર કરી આપતો હતો. છેલ્લા આઠ-નવ વર્ષ આ જવાબદારી સંભાળવાનો પ્રસંગ પૂ. સૂર્યોદયસૂરિજી મ. નો આવ્યો ત્યારે એમણે આયુષ્યના અંતિમ વર્ષ સુધી નિયમિત એ જવાબદારી સંભાળી અને છતાં ઉદારતા એ રાખી કે દર વર્ષે તૈયારકર્તા તરીકે નામ પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ. નું રાખ્યું. કામ પોતાનું અને નામ વડીલનું : આટલું સૌજન્ય અને વિનય જોવા મળવો બહુ દુર્લભ છે. અને તે પણ પોતે સર્વ રીતે સમર્થ હોવા છતાં !! છેલ્લા બન્ને મુદ્દાઓમાં હું એકદમ ગાઢ રીતે તે તે કાર્યોમાં સંકળાયેલો છું. એથી મને એ ઘટનાઓની રજેરજ માહિતી છે. એમાં દેખાતી પૂજ્યશ્રીની ગંભીરતા અને ઉદારતાથી મારું અંતર એમને લાખો વાર ઝૂકી જતું હતું. એમને વિશિષ્ટ પ્રતિભાસંપન્નરૂપે તો મેં શરુઆતથી માણ્યા હતા. પણ આ બાબતોના અનુભવથી મને તેઓ ખરેખર વિશિષ્ટ ગુણસંપન્ન પણ લાગ્યા છે..

છેલ્લે છેલ્લે એમની ઐતિહાસિક ૨૯ કિ.મી. લાંબી પગપાળા અંતિમયાત્રા અંતિમસંસ્કાર સમયની પાંચ ક્રોડની ઉપજ - ૮૪ મહોત્સવો - ૨૯ ગુરુમંદિરો અને હવે ''ધર્મસૂર્યોદયધામ જીરાવલાતીર્થ'' નિર્માણ વગેરે એમની પ્રબળ પુણ્યાઈના પુરાવા છે. એમના પટ્ટધર પૂ. આ. શ્રી રાજરત્નસૂરિજી મ. વગેરે પરિવાર પણ ખૂબ કાબેલ અને ગુરુનું નામ રોશન કરે તેવો છે.

પૂ. સ્વ.આચાર્યભગવંતને મારી હાર્દિક કોટિ કોટિ વંદના ... ✦✦✦

૮૯

## પ્રભાવક વ્યક્તિત્વ

-પંડિત શ્રી વસંતભાઇ દોશી

યુગદિવાકર દ્રવ્યાનુયોગના જ્ઞાતા કરુણાનિધિ પૂજ્યપાદ આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા.ના સૌ પ્રથમ દર્શન શ્રી બાબુ અમીચંદ પનાલાલ જૈન ઉપાશ્રય-વાલકેશ્વર થયા. હસતું મુખડું, અમીઝરતાં નયન તથા સિદ્ધવચન એ આ મહાપુરુષની ઓળખ.

પૂર્વપરિચય વિના માત્ર શ્રી યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ કર્યો છે એ જાણકારી મળવાથી તેઓશ્રીએ વિ. સં. ૨૦૧૯ મહાવદ - ૫ ના શુભ દિવસે બૃહદ્ મુંબઇના શણગાર પ્રગટપ્રભાવી શ્રી ગોડી પાર્શ્વનાથદાદાની પાવન-શીતલ છાયામાં પૂજ્યશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનથી પ્રારંભ થનાર જગદ્ગુરુ શ્રી વિજય હીરસૂરિજી સંસ્કૃત - પ્રાકૃત - ધાર્મિક ગોડીજી જૈન પાઠશાળામાં ચતુર્વિધ શ્રી સંઘમાં અધ્યાપનહેતુથી અધ્યાપક તરીકે મારી (વસંતભાઇ દોશી) નિમણુંક કરાવી.

આ પૂર્વ ભૂમિકાનો હેતુ એ છે કે તે વખતે પૂ. મુનિશ્રી સૂર્યોદય વિ. મ. સાહેબના (સંયમપર્યાય '૧૫' વર્ષ) પરિચયમાં આવવાનું થયું, નજીકમાં રહેવાનું થયું, વારંવાર

મળવાનું થયું. ત્યારની મારાં મનમાં તેઓશ્રીની એક ઊંડી અમીટ છાપ હતી. પૂ. યુગદિવાકર આચાર્યભગવંતના સતત સાન્નિધ્યમાં રહેવાથી અને તેમના આશીર્વાદ મળવાથી પૂ. મુનિશ્રી સૂર્યોદયવિજયજી મ. સા. ના સંયમજીવનનું ઘડતર થયું. દ્રવ્યાનુયોગના ગ્રંથો, સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણ તેમજ ન્યાય આદિના અભ્યાસમાં નિપુણતા તથા જિનાલયનિર્માણાદિ કાર્યમાં કુશળતા પ્રાપ્ત થઇ.

જિનાલયનિર્માણ, જીર્ણોદ્ધાર, ઉપાશ્રયનિર્માણ આદિ પ્રસંગે શિલ્પ, વાસ્તુ, મુહૂર્ત બાબતે ધ્યાન આપવું તથા અંજનશલાકા-પ્રતિષ્ઠા આદિ અનુષ્ઠાનોનું સુંદર-સફળ આયોજનને માટે યોગ્ય માર્ગદર્શન આપવું, જાત દેખરેખ રાખવી આ પૂજ્યશ્રીની વિશેષતા હતી. પૂ. યુગદિવાકરશ્રીની કૃપાથી સફળતા મળતી.

કોઈ પણ શ્રી સંઘ જિનાલય, ઉપાશ્રય, પાઠશાળા આદિનાં નવનિર્માણ માટે અથવા તેને વધુ સુંદર બનાવવા માટે આવે, પૂજ્યશ્રી પાસે રજૂઆત કરે ત્યારે શ્રી સંઘોની વાત શાન્તિથી સાંભળે, સાંભળ્યા પછી શ્રી સંઘનો ઉલ્લાસ વધે તેવું માર્ગદર્શન આપતા, પ્રેરણા કરવા જેવી લાગે ત્યાં પ્રેરણા કરતા. કારણ કે પૂ. યુગદિવાકરશ્રીના સંસ્કારો હતા કે આવનારને સંતોષ આપવો, જેના ફળસ્વરૂપે તેઓશ્રીની પ્રેરણાથી ઘણા સ્થળે બૃહદ્ મુંબઇમાં નૂતન જિનાલયોનાં નિર્માણ થયા, જીર્ણોદ્ધાર થયા, ઉપાશ્રયો થયા-પાઠશાળાઓ થઈ.

નવતત્ત્વ પ્રકરણ ઉપર પૂ. યુગદિવાકરશ્રીની સંસ્કૃત સુમંગલાટીકાનો ગુજરાતી અનુવાદ, અનેક ગ્રન્થોનું સંપાદન-પ્રકાશન અન્ય કાર્યોની વ્યસ્તતા વચ્ચે પણ કર્યુ. કહી શકાય કે તેઓશ્રીનો દ્રવ્યાનુયોગ તથા સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણનો બોધ ખૂબ ઉંડાણથી હતો.

''આકૃતિર્ગુણાન્ કથયતિ.'' પૂ. આ. ભ.શ્રીનું પ્રભાવક વ્યક્તિત્વ જ એવું હતું કે આવનાર અંજાઇ જાય. કર્મસાહિત્યની ભાષામાં કહીયે તો 'પરાઘાત' પુણ્યપ્રકૃતિનો વિપાક સવિશેષ હતો.

પૂજ્યશ્રીના પ્રથમ શિષ્ય મુનિ રાજરત્નવિજયજી (સંસારી પક્ષે ભાણેજ) મ. થયા. પ્રારંભથી સંયમની આરાધના સાથે જ્ઞાનસાધનામાં આગળ વધે તે માટે સંપૂર્ણ લક્ષ્ય રાખી, જાતે પણ સમય આપી તૈયાર કર્યા. પરિણામરૂપે તેઓ વર્તમાનમાં પૂ. આ. ભ. શ્રી રાજરત્નસૂરિજી મ.સા. શાસનપ્રભાવના સાથે સાહિત્ય ક્ષેત્રે સુંદર યોગદાન આપી રહ્યા છે. સ્વ.પૂ. આ. ભ. શ્રી સૂર્યોદયસૂરિજી મ. સા.ના પુણ્યપ્રભાવે તેઓના શિષ્ય-પ્રશિષ્યોનો બહોળો પરિવાર આજે છે.

સ્વ.સૂરિજીના આશીર્વાદ શ્રી સંઘો ઉપર વરસતા રહે. ✦✦✦

## ૯૦ અમારા શ્રી સંઘના મહાન ઉપકારી

**-પંડિત શ્રી વિમલેશભાઇ શાહ-કાંદીવલી**

અનંત ઉપકારી તીર્થંકર પરમાત્માએ સર્વ જીવો કર્મથી મુક્ત બને એ માટે ધર્મરૂપી તીર્થની સ્થાપના કરીને ત્રણ તત્ત્વ તથા ત્રણ રત્ન બતાવ્યા છે. ત્રણ તત્ત્વ છે દેવ, ગુરુ અને ધર્મ. ગુરુ બન્નેની વચમાં છે. અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરનાર જો કોઇ હોય તો એ ગુરુ છે. ગુરુ આપણને દેવની તો ઓળખાણ કરાવે જ છે. સાથે સાથે ધર્મની પણ ઓળખાણ આપીને મોક્ષમાર્ગ તરફ પ્રયાણ કરાવે છે. આપણે આજે આવા એક ઉપકારી ગુરુ ભગવંત પૂજ્યપાદ આ. વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.ને યાદ કરવાના છે.

ભૌતિક જગતમાં સૂર્યનું આગમન થતા જેમ (૧) રાત્રિનો અંધકાર નાશ પામે છે, (૨) બધી દિશાઓ લાલ રંગની સાડીમાં શોભતી નવવધૂની જેમ શોભે છે, (૩) પૃથ્વી પરના જીવમાત્રમાં એક અદ્‌ભુત સ્ફુર્તિનો સંચાર થાય છે તેમ આધ્યાત્મિક જગતમાં વર્તમાનમાં સૂર્ય જેવા ઉપકારી ગુરુદેવ હતા પૂ.આ.દેવ શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ. એમના થકી (૧) અજ્ઞાન અંધકાર દૂર થયો. (૨) અનેક સંઘો દેરાસરો-ઉપાશ્રયોથી શોભી ઊઠ્યા અને (૩) આરાધકોમાં સ્ફૂર્તિનો સંચાર થયો. એમના ગુણોને વર્ણવવા હોય તો મા સરસ્વતીની સાધના કરવી પડે. પ.પૂ. આચાર્ય ભગવંત વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.ના એ મહાન વારસદાર હતા. કહેવત છે ને કે 'બાપ તેવા બેટા.' તો અહીં 'ગુરુ એવા ચેલા.' મોરના ઇંડાને કંઇ ચીતરવા ન પડે. ગુરુની અસીમ કૃપા દરેક સમર્પિત શિષ્ય ઉપર સદા ય વરસતી જ હોય છે. ગુરુને એક જ ઇચ્છા હોય છે મારો શિષ્ય મારાથી સવાયો બને.

પૂ. ઉપકારી ગુરુજી હવે આપણી સામે પ્રત્યક્ષ નથી પરંતુ એમણે કરેલા શાસનના અજોડ અને સુંદર કાર્યો એમની જિંદગીનાં સોનેરી કિરણોને ક્યારેય ઝાંખા નહિ પડવા દે. એ કિરણો જૈન જગતના ઇતિહાસમાં ચોમેર ગુરુજીના યશોગાનની ગાથાઓને હવામાં ગુંજતી જ રાખશે. પૂ. આચાર્યભગવંત સરળસ્વભાવી અને ભદ્રિક પરિણામવાળા હતા. વ્યાકરણ-ન્યાય જેવા અઘરા ગ્રંથોમાં તો એમની માસ્ટરી કહી શકાય એવા એ જ્ઞાની હતા. તેઓ જ્યારે ચૌદશે સંસારદાવા સૂત્ર બોલે ત્યારે સંસાર ખરેખર દાવાનળ જ લાગતો હોય તેવા ભાવો જાગે. એમના આ સૂત્રના પાઠથી તો લોકો ઝૂમી ઉઠતા-ડોલી ઉઠતા. પૂ. ગુરુભગવંતે મુંબઇમાં અનેક જિનમંદિરોની પ્રતિષ્ઠા કરાવી. અનેક ઉપાશ્રયોનું નિર્માણ કરાવ્યું. ભક્તો તેમજ શ્રી સંઘોએ આવા સુકૃતમાં સહભાગી બનવા ખૂબ હોંશે હોંશે ભાગ લઇને પોતાની સદ્‌ગતિનું રિઝર્વેશન કરાવી દીધું. દેવ-ગુરુ જેના હૈયામાં હોય એને દેવ-ગુરુ યાદ આવ્યા વગર રહે જ નહિ. અને એ આત્મા સતત એમાં જ ઓતપ્રોત હોય. એને એમ જ થાય કે મારાથી જેટલી શાસનપ્રભાવના વધુ થાય તેટલી કરું.

આ મહાન આચાર્ય ભગવંતે કાલધર્મના દોઢ માસ પહેલા અમારા આનંદનગર જૈન સંઘ-કાંદિવલીમાં ખૂબ જ ઉલ્લાસ અને ઉમંગ સાથે સંઘના બાકી રહેલા કાર્યોને પરિપૂર્ણ કરાવ્યા. પરંતુ પ્રતિષ્ઠાની પૂર્વે જ એમનો આત્મા સ્વર્ગની વાટે સંચરી ગયો. જૈન શાસનને એક મહાપ્રભાવક

આચાર્ય ભગવંતશ્રીની ખોટ પડી. જૈન શાસનનો એક સૂર્ય ઉદયને પામ્યો હતો એનો અકાળે અસ્ત થઇ ગયો. પરંતુ એમના જે બાકી રહેલાં કાર્યો હતાં તે એમના વિદ્વાન પટ્ટધર પૂ.આ. વિજયરાજરત્નસૂરિજી મ.એ સંભાળી લીધા. કારતક વદ પાંચમના દિવસે શ્રી ગૌતમસ્વામી તેમજ દેવદેવીનું પ્રતિષ્ઠાવિધાન અમારા સંઘમાં ખૂબ જ ઉલ્લાસ સાથે પરિપૂર્ણ થયું.

પોતાના ઉપકારી ગુરુના સ્વર્ગગમન બાદ પૂ.આ.શ્રી રાજરત્નસૂરિજી મ.ના હાથે પહેલી પ્રતિષ્ઠા અમારા શ્રી આનંદનગર સંઘમાં થઇ. પૂજ્ય ગુરુદેવનો આત્મા જ્યાં પણ હોય ત્યાં એ પોતાના આત્માનું કલ્યાણ કરતો રહે, અમારા આનંદનગર શ્રી જૈન સંઘને પણ એ દિવ્ય પુરુષની કૃપા સ્વર્ગમાંથી સદા ય મળતી જ રહે તેમજ એમના શિષ્યો-પ્રશિષ્યો પણ ખૂબ જ શાસનપ્રભાવના કરતા આ પૃથ્વીતલને પાવન કરે-એમની વાણીના અમૃતપાન દ્વારા સ્વ-પરનું કલ્યાણ કરતાં રહે એ જ અમારી શુભ કામના. ✦✦✦

૯૧

## પ્રસન્નતામૂર્તિ અને વાત્સલ્યમૂર્તિ

**- શ્રી કાંતિલાલ આર. કાપડિયા**

મારા વતન આમોદ (જિ. ભરૂચ) ગામમાં પ.પૂ.આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના પૂ. સાધ્વીજી કુમુદપ્રભાશ્રીજી મ.સા. તથા પૂ. સાધ્વીજી કલ્પલતાશ્રીજી મ.સા.નું ચાતુર્માસ હતું. પૂ. સાધ્વીજી કલ્પલતાશ્રીજી મ.સા. સાથે વાતચીતમાં અનેક વખત પ.પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. માટે 'અમારા ગુરુદેવ' શબ્દોનો વારંવાર ઉલ્લેખ થતો હતો. તે પછીના સમયમાં પાલિતાણા જવાનું થયું ત્યારે સાધ્વીજી મ.સા.નો સંદેશો આપવા મારે પૂજ્ય આચાર્યદેવશ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. પાસે જવાનું થયું. આ રીતે મારે તેઓનો પ્રથમ પરિચય થયો. મારી ઉંમર નાની. પૂજ્યશ્રી સાથે પ્રથમ જ પરિચય. છતાં સાહેબશ્રીની વાત કરવાની ઢબ, પૂછપરછમાં વાત્સલ્યભાવ, આશીર્વાદ આપતી આંખો જોઇને જ તેમના પ્રત્યે અહોભાવની લાગણી થઇ આવી. તે પછી અવારનવાર વંદન કરવા જવાનું થતું. તે પછીનાં વર્ષોમાં પૂજ્યશ્રી ડભોઇ હતા ત્યારે હું એમ.એ. કરવા ડભોઇ જતો હતો. શનિ-રવિ જવાનું થતું. પૂજ્યશ્રીનો પ્રભાવ જ એવો હતો કે કૉલેજ તો ગામબહાર હતી. છતાં તેમના વંદન માટે કલાક વહેલો જઇ વંદન કરી આવતો. આગળની કારકિર્દીમાં સદ્ભાગ્યે આમોદ જૈન સંઘના પ્રમુખ તરીકે કામ કરવાની મને તક મળી. સંઘનાં કામોમાં માર્ગદર્શન માટે અવારનવાર પૂજ્યશ્રીને મળવાનું થતું. જ્યારે પણ મળવાનું થાય ત્યારે ગજબનો સુખદ અનુભવ થતો. સાહેબશ્રી હાથ ઊંચા કરીને પૂછે કે ''કેમ છો કાન્તિભાઇ...આવી ગયા?... ધર્મમાં શું કરો છો?'' તેઓશ્રી હસતાં હસતાં બોલે ત્યારે લાગે કે જાણે પૂજ્યશ્રી સાક્ષાત્ પ્રસન્નતામૂર્તિ-વાત્સલ્યમૂર્તિ છે. પૂજ્યશ્રી સ્વભાવે ભદ્રિક-સરલ હતા. પરંતુ ધર્મના સિદ્ધાંતો અને જૈન શાસનના નિયમો-પ્રણાલિકાઓના ચુસ્તપાલનના આગ્રહી હતા.

આમોદમાં ત્રણ દેરાસર છે. સંઘ એક છે, પણ ત્રણે દેરાસરોનો વહીવટ જુદા જુદા ટ્રસ્ટીઓ કરે છે. પંચના દેરાસરમાં વર્ષો પહેલાં પદ્માવતીદેવીની ચલ પ્રતિષ્ઠા થઇ હતી. પૂજ્યશ્રી અચલ પ્રતિષ્ઠા માટે આમોદ પધારનાર હતા. દેરાસરનો વહીવટ અલગ હતો.એટલે પ્રમુખ તરીકે મારે કે સંઘના સભ્યોએ કોઇ વિશિષ્ટ કામગીરી બજાવવાની ન હતી. દેરાસર તરફથી જે કાર્યક્રમ નક્કી થાય તેમાં સહકાર અને હાજરી આપવાની હતી.

દેરાસરના ટ્રસ્ટીઓ સાહેબજીને મળવા વડોદરા ગયા. પ્રથમ બેઠકમાં જ સાહેબે જણાવ્યું : ''સંઘ ક્યાં છે? સંઘના પ્રમુખ-ટ્રસ્ટીઓ કેમ નથી?'' અમારી વ્યવસ્થા વિશે તેઓએ સમજાવ્યું છતાં સાહેબજી પોતાના વિચારોમાં મક્કમ હતા. બીજે દિવસે હું વડોદરા મળવા ગયો. એ જ વાત સમજાવી. સાહેબજીએ મને શાંતિથી, ધીરજથી, દલીલોથી, પ્રેમથી જૈન શાસનની જે અદ્ભુત વ્યવસ્થા સમજાવી અને તેને ધ્યાનમાં રાખીને સાહેબજીનું ભાવિ દૃષ્ટિબિંદુ, સંઘની શિસ્ત, શાસનના સિદ્ધાંતો વગેરે સાંભળી હું આશ્ચર્યચકિત થઇ ગયો. તે દિવસની એક વિશેષ આશ્ચર્યજનક અનુભૂતિ આજે પણ ભૂલી શકતો નથી...

અને ચમત્કાર કહો કે પ્રભાવ. જે કહો તે. એક દિવસનો કાર્યક્રમ નક્કી હતો. સંઘના સભ્યો ભેગા થયા, સાહેબજીને મળવા ગયા અને પરત આવતા ચર્ચા કરતા પાંચ દિવસનો ઓચ્છવ નક્કી થઇ ગયો. ઉપરાંત પદ્માવતીદેવીની પ્રતિષ્ઠા સાથે શ્રી માણિભદ્રવીરની પણ પ્રતિષ્ઠા નક્કી થઇ.

સાહેબજી સાથે પ.પૂ. રાજરત્નસૂરીશ્વરજી આદિ ઠાણાનો પ્રવેશ, રોજ વ્યાખ્યાન, પ્રભુજીની અંગરચના, પ્રતિષ્ઠા, સાધર્મિકભક્તિ વગેરે કાર્યક્રમો સારી એવી સંખ્યામાં સંપન્ન થયા...પ્રતિષ્ઠાના ભાવોલ્લાસની સાબિતી કહો કે ચમત્કાર, પ્રતિષ્ઠાના દિવસે જે અમીઝરણાં થયાં તે આજે પણ ભૂલી શકાય તેમ નથી. આમોદનો સંઘ આજે પણ તેને યાદ કરે છે.

મારી બીજા નંબરની સુપુત્રી રચના ઉપધાન કરવા પાલિતાણા ગયેલ. પરંતુ તબિયતના કારણસર પરત આવેલ. તેની ભાવના પાલિતાણામાં જ માળ પહેરવાની હતી. સાહેબજીનું ચાતુર્માસ પાલિતાણામાં થયું... ઉપધાન નક્કી થયા. પ્રવેશ મળ્યો. પણ કોઇ સોબત ન હતી. સાહેબશ્રીને વાત કરી. ભૂતકાળમાં પરત આવેલ તે પણ કહ્યું. સાહેબ કહે પ્રવેશ થશે પછી અમારી જવાબદારી. અમારા પરિવારના આશ્ચર્ય વચ્ચે પૂજ્યશ્રીના આશીર્વાદથી ઉપધાનતપની આરાધના નિર્વિઘ્ને પૂર્ણ થઇ અને પાલિતાણામાં જ માળા પહેરવાનો સંકલ્પ પૂર્ણ થયો.

પૂર્વે જણાવ્યું તેમ આમોદમાં ત્રણ દેરાસર આવેલા છે. ત્રણેનો વહીવટ-ટ્રસ્ટ અલગ છે. ભૂતકાળમાં તે સમયે તે વ્યવસ્થા અનુકૂળ હતી. વર્તમાન સમયમાં તે વ્યવસ્થા અપ્રસ્તુત લાગતાં ઘણા વર્ષોથી આ ત્રણે દેરાસરનો વહીવટ ભેગો કરી એક પેઢી સ્થાપવાની દરખાસ્ત હું કરતો હતો. પૂજ્યશ્રીનું ચાતુર્માસ વડોદરા નક્કી થયું ત્યારે મુંબઇ જતાં સાહેબજી આમોદ પધાર્યા. મેં આ અંગે દરખાસ્ત કરી. પૂજ્યશ્રીએ આ વિચારને યોગ્ય - જરૂરી ગણાવ્યો. જો કે અગમ્ય કારણસર આજે પણ તે થઇ શક્યું નથી. પૂજ્યશ્રીનો આમોદ સંઘ પ્રત્યેનો ભાવ હતો. એથી જ્યારે પણ મળતા ત્યારે ''આમોદ પેઢી સ્થાપવાનું શું થયું?'' એ યાદ કરાવતા.

મારી પૂજ્યશ્રી સાથેની છેલ્લી મુલાકાત તેમના અભૂતપૂર્વ ડભોઇના ચાતુર્માસ દરમ્યાન થઇ. 'આમોદમાં પેઢી સ્થપાઇ ગઇ હોત તો ઘણું સારું થાત' આ તેમની સાથેના છેલ્લા શબ્દો હતા...

✦✦✦

૯૨

## 'રોંગ નંબર'નું ચાતુર્માસ બન્યું એક નંબર નું ચાતુર્માસ

- શ્રી ઘેવરચંદ જીવરાજજી જૈન (ભાયખલા - મોતીશા જિનાલય ટ્રસ્ટી)

અમારા ભાયખલા - મોતીશા આદિનાથ જૈન સંઘમાં વિક્રમ સંવત ૨૦૬૭ નું ચાતુર્માસ ચાલતું હતું. આગામી ચોમાસા માટે સંઘમાં વાતો ચાલતી હતી. એક દિવસ મારે ઘરે રાત્રે ડભોઇથી એક ફોન આવ્યો. સામે છેડેથી પુછાયું : 'કોણ બોલો છો ?' મેં કહ્યું : ''ઘેવરચંદ ભાયખલાનો ટ્રસ્ટી બોલું છુ. મત્થએણ વંદામિ સાહેબજી...''

સામે છેડેથી જે ભાઇ પૂ. આચાર્ય શ્રી સૂર્યોદયસૂરિજી એવં પૂ. આચાર્ય શ્રી રાજરત્નસૂરિજી પાસેથી વાત કરતા હતા તેમણે સાહેબજીનો જવાબ સાંભળીને મને કીધું કે રોંગ નંબર લાગી ગયો છે. મેં કીધું : ભલે લાગ્યો. હવે ચોમાસા માટે હા કહી દો તો રોંગ નંબર સાચો પડી જશે. સાહેબજીએ ધર્મલાભ કહ્યો અને વર્તમાનજોગની વાત કહી...હું તો સૂઇ ગયો. પણ સપનામાં મેં બન્ને આચાર્યોને જોયા ને સાહેબજીને ચોમાસાની વિનવણી કરી. એમણે મને સપનામાં હા કહી દીધી. સવારના પેઢી ઉપર જઇને ટ્રસ્ટના અન્ય સભ્યો સાથે માંડીને વાત કરી. ચેરમેનસાહેબ બાફનાજીને પણ વાત કરી. બધાએ મને કીધું કે પૂ. ધર્મસૂરિસમુદાયના આચાર્ય શ્રી સૂર્યોદયસૂરિજીને વિનંતિ કરો ને એમની સંમતિ લાવો. ઘણા દિવસ સુધી સાહેબજીને વિનવણી કરી ને એક દિવસ સાહેબજીએ કોઇ ભાઇ દ્વારા ફોનથી ચોમાસાની હામી ભરી. ટ્રસ્ટી દેવરાજજી, હું અને સંઘના સદસ્યો ડભોઇતીર્થે ગયા ને ત્યાં હજારોની મેદની સામે અમે વિનંતિ કરી. ત્યાં સાહેબજીએ અમને વિક્રમ સંવત ૨૦૬૮ ના ચોમાસા માટે આદેશ આપ્યો... ભાયખલાસંઘમાં ખુશીનો માહોલ વ્યાપી ગયો. એ પછી તો ભાયખલામાં જે ઇતિહાસ રચાયો તે કોઇથી છાનો નથી.

શુભ મુહૂર્તે આચાર્ય શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. સા. અને આચાર્ય શ્રી રાજરત્નસૂરિજી મ. સા. આદિ ઠાણાનો ભાયખલાના આંગણે અંદાજે ૬૦ વર્ષે ધૂમધામથી સાજન-માજન ચતુર્વિધ સંઘ શોભાયાત્રા સાથે ભવ્ય પ્રવેશ થયો હતો. રોજના પ્રવચનોમાં શ્રાવક-શ્રાવિકાઓ મોટી મેદનીરૂપે પ્રવચન સાંભળવા આવતા હતા. મોટા મહારાજની મધુર વાણી સાંભળી લોકો ભાવવિભોર થઇ જતા. એક દિન સાહેબજીએ ટ્રસ્ટીઓ પાસે વાત મૂકી કે આ તીર્થસ્થળ છે. મીની પાલિતાણાનું બિરુદ પામેલ છે. અહીં ચાર ચૈત્યવન્દનના સ્થાન હોવાથી ચાર ચૈત્યવંદનો થાય છે. પાંચમા ચૈત્યવન્દનનું સ્થાન થાય તો પૂર્ણ શંત્રુજયપ્રતિકૃતિ થાય. માટે ભવ્ય જય તળેટીનું નિર્માણ થાય તો સોનામાં સુગંધ ભળી જાય. ટ્રસ્ટીઓએ મીટિંગ લઇને પ્રસ્તાવ પાસ કર્યો. સંઘમાં ખુશીનો માહોલ પ્રસરી ગયો ને આ નિર્ણય સંઘે વધાવી લીધો.

પર્યુષણમહાપર્વના બીજા દિવસે આચાર્ય શ્રી સૂર્યોદયસૂરીશ્વરજીની નિશ્રામાં કરોડોના રેકોર્ડબ્રેક ચઢાવા થયા. સાહેબજીની નિશ્રામાં ગિરિરાજથી શિલાઓ લાવી, ઘડી ને ટૂંકા સમયમાં ભવ્ય જયતળેટીનું નિર્માણ થયું. તે પછી ભવ્યાતિભવ્ય મહોત્સવથી જયતળેટીની પ્રતિષ્ઠા સંપન્ન થઇ. સાહેબજીની નિશ્રામાં મોતીશા મંદિર પ્રાંગણના સુશોભનીકરણનો પ્રારંભ કરાયો હતો. આચાર્ય શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી મોતીશા શેઠની પ્રશસ્તિ મંદિરના મુખ્ય દરવાજે શિલાલેખરૂપે લખાઇ. એમની નિશ્રામાં શેઠ મોતીશાનું જીવનચરિત્ર પુસ્તક લખાયું. એમાં કેટલાય અજાણ પ્રસંગો કે જે હાલ સુધી જાણમાં ન હતા એનો ઉલ્લેખ કરાયો છે. આ. રાજરત્નસૂરિજીએ લખેલ આ પુસ્તક હાથોહાથ વહેંચાઇ ગયું અને ફરી વધુ પ્રતો છાપવાનું બન્યું. સાહેબજી નિત્ય સૂરિમંત્રજાપ - અન્ય જાપ તથા નિયમિત તત્ત્વાર્થ કારિકા - ભક્તામરસ્વાધ્યાય કરતા. ક્યારે પણ ઉપાશ્રયમાં ખાલી બેઠેલા નથી જોયા. પુસ્તકવાંચન - પ્રૂફરીડિંગ કરતા દેખાતા. દર વખતે હિતશિક્ષાની વાતો કરતા રહેતા. મારી સાથે તો અગત્યનો ગાઢ સંબંધ જોડાઇ ગયો હતો. મારા મિત્રો સાહેબજી સામે કહેતા કે ઘેવરભાઇને શિષ્ય બનાવી લો. સાહેબજી કહેતા કે ''વર્તમાન જોગ. જો નસીબમાં સાધુ બનવાનું લખ્યું હશે તો કોઇ નહીં રોકી શકશે. ત્યાં સુધી શાસનની સેવા કરવા દો.''

જન્મ તેનું મરણ થાય જ. જેમના નામમાં સૂર્ય છે એવા શ્રી સૂર્યોદયસૂરીશ્વજી મ. સૂર્યની જેમ જૈન શાસનમાં ચમકીને આયુષ્યના ૮૪મા વર્ષે ૬૮વર્ષના આરાધનામય યશોજ્જવલ સંયમપર્યાય પરિપૂર્ણ કરીને વિક્રમ સંવત ૨૦૭૧ ના જેઠ વદિ ત્રીજે સમાધિમય કાળધર્મ પામ્યા. સંઘ અને અમને એકલા મૂકીને ચાલ્યા ગયા. જીવનમાં બહુ ખોટ થઇ છે. અમારી પ્રાર્થના છે કે સાહેબજી! આપનો જન્મ મહાવિદેહ ક્ષેત્રમાં થાય ને આપના આત્માનો જલ્દી મોક્ષ થાય.

गुलाब के मुरझाने पर मिट्टीमें महेंक रह जाती है,  
व्यक्तिके चले जाने पर भी दिलमें स्मृति रह जाती है ।  
नमन उस आत्माको जिनकी इहलोकसे जाने पर भी,  
श्रद्धा एवं आस्था भरी गौरवगाथा रह जाती है ।।

✦✦✦

૯૩

## ગુણ તમારા ગાતા ગાતા, હૈયું મારું નૃત્ય કરે...

–શ્રી લાલચંદજી ઉપાશ્રય ટ્રસ્ટીગણ-વઢવાણ શહેર

જૈન શાસનના જવલંત જ્યોતિર્ધર અમારા વઢવાણશહેરના રતન પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.ના આજીવન અંતેવાસી અનુપમ શક્તિના ધારક ધર્મધુરંધર પૂજ્યપાદ વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. ના ગુણ ગાવા માટે હૈયું તો અત્યંત લાલાચિત છે. પણ એ માટે નથી અમારી પાસે શક્તિ-યુક્તિ, કે નથી અમારી પાસે વિશિષ્ટ બુદ્ધિ. આ કારણે મન એક મૂંઝવણ અનુભવી રહ્યું છે કે ગુરુદેવના ગુણો અઢળક છે. મહાન છે. એ ગુણો ગાવા જતા-એ ગુણોનું વર્ણન કરતા ક્યાંક અમારી મતિમંદતાનાં કારણે અમે તેઓશ્રીના ગુણોનું યથાર્થ વર્ણન ન કરી શક્યા તો? પણ આજે જ્યારે એ ગુરુદેવના ગુણ ગાવા માટે કલમ હાથમાં લીધી તો એમ થાય છે કે 'ગુણ તમારા ગાતા ગાતાં, હૈયું મારું નૃત્ય કરે...'

પૂજ્યપાદ આચાર્યદેવશ્રી જ્ઞાનક્ષેત્રે તો ટોચ પર હતા જ, સાથે ચારિત્રક્ષેત્રે પણ ટોચ પર હતા. અરે! તેઓશ્રી પ્રત્યેક ક્ષેત્રે ટોચ પર હતા એમ કહીએ તો પણ યથાર્થ જ લેખાય. માત્ર જ્ઞાનની વાત કરીએ તો, તેઓશ્રીની દીક્ષા બાદ સૌ પ્રથમ પ્રતિષ્ઠા મહોત્સવ ઉપસ્થિત થયો અમારા વઢવાણસંઘના શાંતિનાથ જિનાલયની પ્રતિષ્ઠાનો. પૂ. આચાર્યદેવશ્રીની દીક્ષા રાજકોટ પાસે ત્રમ્બા ગામની બહાર ફાગણ માસમાં થઈ. દીક્ષા બાદ પાલિતાણા-ગિરિરાજની યાત્રા કરી તેઓશ્રી અમારા વઢવાણના પનોતા પુત્ર પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા. (ત્યારે ઉપાધ્યાય)ની સાથે અમારા સંઘમાં પધાર્યા.

પૂજ્યપાદ યુગદિવાકર ગુરુદેવની પ્રેરણાથી જ આ મહોત્સવ પ્રસંગે અમારા સંઘે શાસન- સમ્રાટ પૂજ્યપાદ આ.ભ.શ્રી નેમિસૂરીશ્વરજી મ.સા.ને પણ વિશાલ શિષ્યસમુદાય સાથે મહોત્સવમાં નિશ્રાપ્રદાન કરવા વિનંતી કરી હતી. એટલે એ સમુદાય તથા યુગદિવાકર ગુરુદેવ આદિ વિશાળ શ્રમણ સમુદાયની નિશ્રા હતી. એ વખતે આપણા પૂજ્યશ્રી તો બાલમુનિ અવસ્થામાં હતા. છતાં તેઓશ્રીને હૈમલઘુપ્રક્રિયા વ્યાકરણના કેટલાક વિભાગો મુખપાઠ હતા. તેઓ અસ્ખલિતપણે વ્યાકરણના નિયમો બોલી જતા હતા. વિવિધ નિયમોનો પ્રયોગ પણ વિના વિલંબે કરી શકતા હતા.

તેઓશ્રીની અદ્ભુત અભ્યાસલગન-તીવ્રબુદ્ધિશક્તિ વગેરે નિહાળીને તે સમયે પૂ. ઉદયસૂરીશ્વરજી મહારાજે પૂ. યુગદિવાકર ગુરુદેવને આનંદપૂર્વક કહ્યું હતું કે 'આ નાના બાલમુનિને ખૂબ ભણાવજો. એ તમારા સમુદાયનું અને શાસનનું નામ રોશન કરશે.'

એ ગુરુભગવંતે આગળ જતા ખરેખર ઉદયસૂરીશ્વરજી મ.ની વાણીને કહો કે આગાહીને સાચી ઠેરવી. અદ્ભુત-મહાન શાસનકાર્યો દ્વારા તેઓ ખરેખર સમુદાય અને શાસનનું નામ રોશન કરનારા-વધારનારા બન્યા. એમાં ય મુંબઈમાં તો તેઓશ્રીએ 'ધર્મ ' ધ્વજા ખરેખર જ લહેરાતી રાખી.

'નેત્રદીપક સ્મારકગ્રન્થ' રૂપે આવા મહાન ગુરુદેવનું યશસ્વી-તેજસ્વી અને ઓજસ્વી જીવન જગતના ચોકમાં જાહેર કરનાર પૂજ્યપાદ સિદ્ધહસ્તસાહિત્યસર્જક આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ને પણ જેટલા અભિનંદન આપીએ અને વંદન કરીએ એટલા ઓછા છે.

અમારા જીવનમાં પણ એ ગુરુદેવના ગુણોનો પ્રાદુર્ભાવ થાય અને અમે સૌ પણ સાચા-સમર્પિત શાસનસેવક બનીએ એ જ એકમાત્ર શુભાભિલાષાપૂર્વક એ ગુરુદેવને શ્રી લાલચંદજી ઉપાશ્રય-ટ્રસ્ટીગણના વિનમ્ર વંદન-અગણિત વંદન. ✦✦✦

૯૪

## પૂ. યુગદિવાકરશ્રીએ પ્રગટાવેલ જ્યોતના જ્યોતિર્ધર

-શ્રી મનોજભાઈ કે. શાહ-ઘાટકોપર

પ.પૂ. આચાર્યદેવશ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજા જિન શાસનના એક ઝળહળતા સિતારા સમાન હતા. એમનું જીવન જ એમનો ઉપદેશ હતો. તેઓશ્રીના જીવનમાંના ૩ વિશિષ્ટ ગુણો આંખો સમક્ષ તરવરી રહ્યા છે : (૧) અંતઃકરણશુદ્ધિ (૨) વ્યાકરણશુદ્ધિ (૩) પરોપકારબુદ્ધિ.

(૧) **અંતઃકરણશુદ્ધિ :** પૂજ્યશ્રીનું જીવન પતિતપાવની ગંગાના શાંત-નિર્મળ-જળપ્રવાહ જેવું હતું. કદી પણ એમના મુખ પર ક્યારેય ઉદ્વિગ્નતા-વ્યાકુળતા-જોવા મળતી નહોતી. પેલા સંસ્કૃત સાહિત્યના શ્લોકનું તેઓ મૂર્તિમાન સ્વરૂપ હતા :

वदनं प्रसादसदनं–सदयं हृदयं सुधामुचो वाचः ।
करणं परोपकरणं, येषां केषां न ते वन्द्याः ।।

જેમનું વદન પ્રસન્નતાનું સદન હોય, જેમનું હૃદય કરુણારસથી ભરપૂર હોય, જેમની વાણી અમૃત નીતરતી હોય, અને જેમની કૃતિ પરોપકાર ભરેલી હોય. એ પુણ્યવાન મહાત્મા કોના માટે વંદનીય ન હોય? અર્થાત્ સૌને માટે વંદનીય જ હોય. જ્યારે જ્યારે

પૂજ્યશ્રીનાં દર્શન-વંદન પામ્યા છીએ ત્યારે એ જ પ્રસન્નમુદ્રા અને 'ધર્મલાભ'નો મંગલ ધ્વનિ કર્ણચક્ષુને પાવન કરતો રહ્યો છે.

(૨) વ્યાકરણશુદ્ધિ : પૂજ્યશ્રી ન્યાય-વ્યાકરણ-સંસ્કૃત સાહિત્યના મૂર્ધન્ય પ્રજ્ઞાવાન મહાત્મા હતા.

મારા નાનપણમાં પૂજ્ય યુગદિવાકરશ્રીજીના ઘાટકોપર-નવરોજી લેન સંઘ મધ્યેના ચાતુર્માસ દરમ્યાન પક્ખી પ્રતિક્રમણમાં 'મોટી શાંતિ' બોલવાનો આદેશ મને મળ્યો. પૂજ્યશ્રી કહેતા કે આપણા સૂત્રો મંત્રાક્ષરોથી ભરેલા છે. તેથી ઉચ્ચારમાં સૂક્ષ્મતમ શુદ્ધિ જાળવવી જોઇએ... સહેજ પણ આઘી-પાછી તેમાં ચલાવાય નહિં. તે વખતે મોટી શાંતિ બોલવામાં અત્યંત ઝડપનાં કારણે હું ''સોમ્યમ્કુબેરવાસ્વાદિત્ય'' એમ પાઠ બોલ્યો. પૂજ્ય સૂર્યોદયસૂરીશ્વરજી મ. સાહેબે (તે વખતે મુનિરાજ શ્રી) મને રોકીને સુધારો સૂચવ્યો કે ''સોમ-યમ વરૂણ કુબેર'.. એમ 'મ' આખો બોલવો. આખા અક્ષરના સ્થાને ખોડો અક્ષર ન બોલાય અને તેમ ખોડા-અર્ધા અક્ષરને સ્થાને આખો અક્ષર પણ ન બોલાય.

''શ્રી શ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ બોલાય... શાંતિરભવતુ નહિં.'' આવી હતી પૂજ્યશ્રીની સૂક્ષ્મ કાળજી. મારા જીવનમાં મારા વિદ્યાદાતા ગુરુ એટલે પૂજ્ય યુગદિવાકરશ્રીના વૈયાવચ્ચી શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ચન્દ્રસેનવિજયજી મ. સાહેબ. તેઓશ્રી રોજ ૧ સામાયિકમાં ૫ ગાથા કરાવવાનો અવશ્ય આગ્રહ રાખતા. પરંતુ મોટું સૂત્ર આખું પૂરું થાય એટલે પૂજ્ય સૂર્યોદયવિજયજી મ. સાહેબને જ આખું સૂત્ર આપવું એમ પસંદ કરતા. જ્યાં સુધી પૂ. સૂર્યોદયવિજયજી મહારાજ સાહેબ પાસે **"Pass"** ન કરાવ્યું હોય ત્યાં સુધી મારું સૂત્ર ''અણગળ' કહેવાય. નાનામાં નાની ભૂલોની તેઓ શુદ્ધિ કરી આપતા.

(૩) પરોપકારબુદ્ધિ :- પૂજ્ય યુગદિવાકર શ્રી ધર્મસૂરીશ્વરજી મ. સાહેબ એટલે સાંપ્રતકાલીન મુંબઇ નગરી માટે મહારાજા સંપ્રતિની યાદ અપાવનારા મહાપુરુષ. આ આર્ષદૃષ્ટા મહાપુરુષે આવનારી સદીમાં મુંબઇનગરીનો વિકાસ અને ઉત્કર્ષ નિહાળ્યો હતો. અને માટે જ મોહમયી મુંબઇને ધર્મમયી નગરી બનાવવા માટે ઠેરઠેર જિનાલયોના નિર્માણ કરી મુંબઇને ધર્મના સોળે શણગારે સજી દીધી હતી.

પૂજ્ય સૂર્યોદયસૂરીશ્વરજી મ. સાહેબે પૂ. યુગદિવાકરશ્રી દ્વારા પ્રગટાવેલી આ મશાલને સ્વયંના હાથમાં લઇ લીધી અને આગળ ધપાવી હતી. પૂજ્યશ્રી કહેતા 'અંધકારની ફરિયાદ માત્ર જ ક્યાં સુધી કર્યા કરીશું? પ્રકાશનું નિર્માણ આપણે જ કરતા જાવ... '

ભૌતિકક્ષેત્રની જરૂરિયાત માટે-સુગમતા માટે ગલી ગલીમાં નિતનવી બેન્કની શાખા ખૂલે છે, તો અધ્યાત્મના વિકાસ માટે બેન્ક સમાન સર્વપ્રથમ અને સર્વશ્રેષ્ઠ આલંબન જરૂરી હોય તો તે છે જિનાલય. જેના ઉપર ભક્તિનો આખે આખો માર્ગ અવલંબ્યો છે તેમજ કરોડોના જીવનમાં જેણે મંગળમાળનું સર્જન કર્યું છે એવા આ જિનાલયો દ્વારા પૂજ્યશ્રીએ પૂ. ધર્મસૂરીશ્વરજી મ.સાની જેમ મુંબઇના હાર્દ સમા વિસ્તારોને શણગાર્યા હતા.

ખરેખર-પૂજ્યશ્રીએ શાસનને અર્થે કરેલું યોગદાન સદીઓ સુધી યાદ રહેશે. હજારો હૃદયમંદિરમાં પૂજ્યશ્રી બિરાજમાન થઇ ગયેલ છે. કોટિ કોટિ વંદન હો પૂજ્ય સૂર્યોદયસૂરીશ્વરજી મ. સાહેબને.

છેલ્લે એક મજાનો પ્રસંગ અમારા સંઘના જિનમંદિર સંબંધી લખીશ :

આજથી પંચાવન વર્ષ પહેલાની વાત છે. અમારા ઘાટકોપરના નવરોજીલેન મધ્યે આવેલા શ્રી મુનિસુવ્રતસ્વામી જિનમહાપ્રાસાદના નિર્માણ માટે જરૂરી ભૂમિ સંપાદન કરવાની હતી. આ ભૂમિના માલિક એક પારસી બેન હતા. શ્રી સંઘના અગણિત પ્રયત્નો હોવા છતાં આ પારસી બેન કેમે કરીને જગ્યા આપવા તૈયાર થતા ન હતા.

એક અંતિમ પ્રયત્ન સ્વરૂપે પૂ. ધર્મસૂરીશ્વરજી મ. સાહેબે અજવાળીબેન ચત્રભુજ ગાંધી ઉપાશ્રયેથી કદમ ઉઠાવી કહ્યું : ''સૂર્યોદયવિજયજી ! ચાલો મારી સાથે.'' બંને ગુરુ-શિષ્ય પારસી બેનને ત્યાં જઇ પહોંચ્યા. મેઘગંભીરવાણીના વાહક યુગદિવાકરશ્રીએ પારસી બેનને જિનાલય માટે જગ્યા આપવાની પ્રેરણા કરી. પરંતુ હરહંમેશ મુજબ તેમણે ઇન્કાર જ કર્યો. એમણે કહ્યું, ''મહારાજ ! આ જગ્યા મારે સ્વર્ગમાં નથી લઇ જવી, પરંતુ મારી દીકરી કોલાબામાં રહે છે તેને આપીને જવાની છું.''

તે પારસી બેનની દીકરી તે વખતે ત્યાં જ હાજર હતી. એમની વાત સાંભળીને દીકરી બોલી ઊઠી, ''મારે આ જગ્યા ના જોઇએ. આપણા આંગણે ભગવાન આવ્યા છે એને ના કેમ પાડી શકાય? મમ્મી તું માની જા. મારે કશી જ ખોટ નથી. આનાકાની કર્યા વગર મહારાજને 'હા' પાડી દે.''

સંતોની ઓરામાં-ઊર્જામાં-કૃપામાં અનન્ય અદૃષ્ટ શક્તિ રહેલી જ હોય છે. એનો આ પ્રસંગ બોલતો પુરાવો છે. પારસી બા પાસે હવે 'હા' કહેવા સિવાય બીજો કોઇ જ વિકલ્પ ન હતો. પૂ. યુગદિવાકરશ્રીએ વાસક્ષેપ નાખી અંતરના આશીર્વાદ પારસી પરિવારને દીધા અને ઘાટકોપરનું ચતુર્મજલી મહારાષ્ટ્રભૂષણ શ્રી મુનિસુવ્રતસ્વામીજિનાલયનું નિર્માણ થયું. આ પ્રસંગના એકમાત્ર સાક્ષી એવા પૂ. સૂર્યોદયસૂરીશ્વરજી મ. સાહેબનાં શ્રીમુખે આ સ્વાનુભવનો પ્રસંગ ચેમ્બુરતીર્થે સાંભળવા મળ્યો હતો. એવી ભાવુકતા અને તન્મયતાથી તેઓએ તે પ્રસંગ કહ્યો કે મને એ કાયમ યાદ રહી ગયો. સાચું કહું, મને પૂજ્યશ્રીનો આ ગુણ સૌથી વિશેષ ગમતો કે તેઓને પૂ. યુગદિવાકરશ્રી પ્રત્યે એવી અલૌકિક ભક્તિ હતી કે તેઓ એમના અનેકાનેક પ્રસંગો અમારા જેવા પરિચિત શ્રાવકોને જણાવીને એમના તરફનો બહુમાનભાવ જગાડતાં અને વધારતાં. પૂ. યુગદિવાકરશ્રીએ ભલે મુંબઇના નગરજનો ઉપર અનહદ ઉપકાર કર્યો હોય. પણ એ ઉપકારોને સ્મૃતિગત રાખવાનું કાર્ય તો પૂ. સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. એ જ કર્યું છે. પૂજ્યશ્રીની ગુરુભક્તિને કોટિશઃ નમન.

✦✦✦

## ૯૫ સમર્પણશીલ સૂરિદેવ

- શ્રી નવીનચન્દ્ર મફતલાલ વખારીયા

પૂજ્યપાદ્ યુગદિવાકર આચાર્યભગવંત શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજાની પાવન પ્રેરણા-માર્ગદર્શન-શુભ નિશ્રામાં શ્રી કાંદિવલી જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘના પુનિત પ્રાંગણમાં શ્રી મુનિસુવ્રતસ્વામી જિનમહાપ્રાસાદનો ભવ્યાતિભવ્ય અંજનશલાકા - પ્રતિષ્ઠા મહામહોત્સવ વિ.સં. ૨૦૩૬માં ઉજવાયો. તે પ્રસંગે પૂ. યુગદિવાકરશ્રી આદિ વિશાળ સમુદાયની અમારા શ્રી સંઘમાં સ્થિરતા હતી. તે દરમ્યાન મહામહોત્સવના આયોજન અંગે અમારા શ્રી સંઘના તત્કાલીન વડીલો સાથે અન્ય ગુરુભગવંતો ઉપરાંત મુખ્યત્વે પૂ. મુનિવર્ય સૂર્યોદયવિજયજી મ. સાથે નિકટનાં સાન્નિધ્યમાં આવવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું. એ સમયે એમની કાર્યકુશલતા-આયોજનશક્તિ-અથાગ જહેમત-દૂરંદેશી અને એ બધાથી વિશેષ યુગદિવાકર સૂરિદેવ પ્રત્યેના સમર્પણ- ભાવનો મને વિશેષ અનુભવ થયો.

તેઓનો ગુરુ પ્રત્યેનો સમર્પણભાવ ગજબનો હતો. એને ભક્તિયોગ કહો કે હૃદયયોગ કહો, પરંતુ એ ચોક્કસ છે એમના સમગ્ર અસ્તિત્વમાં ગુરુ જ ગુરુ વણાયેલા હતા. અને વિશેષતા તો એ હતી કે પૂજ્યપાદ યુગદિવાકરશ્રીનાં હૈયે અને હોઠે પણ 'સૂર્યોદયવિજય' નામ ગુંજતું રહેતું.

બહુ ઓછી વ્યક્તિઓ એવી હોય છે કે જેમનું નામ બોલતાની સાથે કે સાંભળતાની સાથે ગુરુની પણ યાદ આવે અને એમની અનુમોદનાનો પ્રવાહ ભીતરને ભીંજવી દે. એવી અતિ આદર્શ અને અવિસ્મરણીય જોડી એટલે પૂજ્યપાદ યુગદિવાકરશ્રી અને પ.પૂ.આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. સાહેબ.

જેઓનું જીવન ગુરુનાં ચરણોમાં શ્રદ્ધાથી અને ભક્તિભાવથી સમર્પિત થયેલ એક વિરલ ઉદાહરણ છે તેવા અનેક ભક્તોના આદરણીય પૂજ્યપાદ આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નાં હૃદયમાં શાસનનાં અનેક મહાન કાર્યો કરવાની લગન હતી. અમારા કાંદિવલી સંઘમાં એમણે કરેલ ત્રણ ચાતુર્માસો અને શેષકાલ દરમિયાન મને આ લગનનો ઘણો જ સરસ અનુભવ કાર્યકર્તા-ટ્રસ્ટી-પ્રમુખ તરીકે થયો છે. તેમનો પુણ્ય પ્રભાવ પણ એવો ગજબનો હતો કે અણધાર્યા મોટાં-મોટાં કાર્યો થઇ જતા. અમારા સંઘમાં પણ એમના હસ્તે અનેક યશસ્વી કાર્યો થયાં. અશક્ય જેવી વાત એમના મનમાં કોઇ હતી જ નહિ.

ગમે તેવી વિકટ પરિસ્થિતિને બદલવાની અને ઝઝૂમવાની જેમની પાસે હામ હતી. શિષ્યો અને ભક્તો ઉપર અમોઘ કૃપા વરસાવવાની જેમની વત્સલતા વર્ણનાતીત હતી. એવા સત્ત્વ-શૌર્ય અને સંયમની મૂર્તિ ગુરુદેવ પ.પૂ.આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ. સાહેબના ચરણોમાં કોટિશઃ વંદના...

'ગુરુ નામ અવલંબન, એ જ અક્સીર અંજન;
એ જ કરુણાનંદન વળી, એ જ અલખ નિરંજન...'

✦✦✦

## ૯૬ કાંદિવલીના પ્યારા ગુરુ

- શ્રી અજયભાઈ રતિલાલ શાહ

પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. એટલે જિનશાસનના ચમકતા સિતારા અને કાંદિવલીના પ્યારા ગુરુદેવ. આમ તો પૂજ્યશ્રી દ્વારા લગભગ મુંબઇના તમામ ક્ષેત્રો ઉપકારવાસિત થયા છે. પણ તેમના પ્રત્યે કાંદિવલી ઇસ્ટ-વેસ્ટના રહેવાસીઓને ચોક્કસપણે વિશેષ ભક્તિ અને લાગણી હશે એમ હું અનુમાન કરી શકું. છેલ્લા ત્રીશ-પાંત્રીશ વર્ષોથી અમારો પરિવાર પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીના સમુદાય અને તેમાંય પૂજ્યશ્રી સાથે ગાઢ જોડાયેલો છે. એટલે સહજ છે કે અમે એમના ગુણમય જીવનને નિકટથી માણ્યું હોય. બાલ્યવયમાં ઘરેથી ભાગીને પૂજ્યશ્રીએ સંયમજીવન સ્વીકારી પૂ. ધર્મસૂરિદાદા પાસેથી ઘડતર મેળવ્યુ અને અનેકાનેક શાસનપ્રભાવનાનાં કાર્યો કર્યા. એમનું જ્ઞાન તેમજ સ્મૃતિશક્તિ બેજોડ હતી. આજીવન ગુરુનિશ્રામાં રહીને તેઓએ પૂ. યુગદિવાકરશ્રીના તમામ કાર્યોમાં પોતાનો સિંહફાળો આપ્યો અને નામનાની કામના વગર ઉત્કૃષ્ટ ગુરુભક્તિ-વૈયાવચ્ચ કરી. અમારા પરિવારમાં પણ ધર્મનું બીજ રોપવાનું તેમજ તેને વિકસિત કરવાનું કામ પૂજ્યશ્રીએ કર્યું છે. તેમના ઉપકાર તો ગણીએ તેટલા ઓછા છે.

વિશેષપણે, મને મારા વ્યવસાય દ્વારા પણ જિનશાસનની સેવા કરાવવાનો અવસર પૂજ્યશ્રીનાં પ્રેમાળ માર્ગદર્શન દ્વારા પ્રાપ્ત થયો છે. બસ, અંતે તેમને શ્રદ્ધાંજલિ આપતા પૂજ્યશ્રીને એટલી જ વિનંતિ કરીશ કે અલગ-અલગ માધ્યમો દ્વારા તેઓએ મને જે શાસનસેવા કરતા શીખવ્યું છે તે જીવનની અંતિમ પળ સુધી યથાવત્ જળવાયેલું રહે અને ચારિત્રધર્મ પ્રત્યેનાં આકર્ષણથી આવતા જન્મમાં ચારિત્રધર્મ જલ્દીમાં જલ્દી પ્રાપ્ત થાય એવા આશીર્વાદ વરસાવે.

✦✦✦

## ૯૭ સ્મૃતિનું સરોવર

- શ્રી હંસાબેન રમણિકલાલ શાહ

દર્ભાવતીતીર્થોદ્ધારક પૂજ્યપાદ આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા...!

તેઓશ્રીની સ્મૃતિ હજી પણ આંખ સમક્ષ-અંતર સમક્ષ તાજી છે. અમારી સંસારી સુપુત્રી મિતાને દીક્ષાપ્રદાન કરી પૂ.સા.શ્રી મુક્તિમાલાશ્રીજી બનાવનાર આ જ ગુરુવર. જેઓશ્રી ભાયંદરમાં પધારે અને અમે અનુભવીએ કે આ તો અમારા પોતાના લાડલા ગુરુવર પધાર્યા. એ ગુરુવર એટલે આ જ ગુરુવર. મારા જીવનના દોષોનું આલોચનાદાન દ્વારા સંમાર્જન કરનાર આ જ ગુરુવર.

તેઓશ્રીની અંતિમ બિમારીના પૂર્વદિને ભાયંદરમાં હું વંદનાર્થે ગઇ. સાહેબજીનાં દર્શન કરી પ્રસન્ન બની. મારી પાસે એક સફેદ વર્ણની માળા હતી. એ વહોરવા માટે ગુરુદેવને વિનંતિ કરી. ગુરુદેવ કહે : ''મારે ખપ નથી.'' મેં પુનઃ પુનઃ વિનંતિ કરી. આખરે સાહેબે મારો ભાવ સાચવવા વિનંતિ સ્વીકારી અને મેં માળા વહોરાવી. સાહેબે જીવનમાં કોઇને પણ નારાજ કે નિરાશ નથી કર્યા. છેલ્લે છેલ્લે મને પણ નિરાશ ન કરી. એ પછી માંદગી આવી અને પંદર દિવસમાં જ મને ખબર પડી કે આવા પરમ કરુણાળુ ગુરુજી હવે મને ક્યારેય નહિ મળે.

આ લખતી વેળાએ પણ આંખો આંસુ સારી રહી છે. મન જાણે કે સ્મૃતિનાં સરોવરમાં ડૂબી ગયું છે. એ ગુરુવરને એક જ વિનંતિ છે કે 'ગુરુદેવ! મારી આંખોના આંસુ લૂંછવા ભલે આપ ન પધારો. પરંતુ, મારાં જીવનને દોષોથી મુક્ત બનાવવા તો અવશ્ય પધારજો જ.'. ✦✦✦

## ૯૮ મારા પરમ ઉપકારી ગુરુદેવ

- શ્રી કોકિલાબેન નરેશભાઈ શાહ

પરમ શાસનપ્રભાવક દર્ભાવતીતીર્થોદ્ધારક સૂર્ય જેવા તેજસ્વી પ્રસન્નમુખમુદ્રાધારક ગુરુભગવંત એટલે પૂજ્યપાદ આ.ભ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ.

શાસન હૈયે વસાવનારા પૂજ્યપાદ ગુરુભગવંતનો અમારા કાંદિવલી (ઇ.)ના સંઘો ઉપર પરમ ઉપકાર છે. તેઓશ્રીએ પૂ. યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજે સર્જેલી ધર્મનગરીને ખૂબ જ વિકસિત કરી.

મારા હૃદયના ભાવોનું અક્ષરશઃ બયાન કરું તો કાંદિવલીની ધરતી પર ગુરુદેવ છવાઇ ગયા હતા. ઇ.સ. ૧૯૮૫માં આદિનાથ જિનાલયપ્રતિષ્ઠા-૨૦૦૬માં શાસનરક્ષક દેવ/દેવી પ્રતિષ્ઠા-૨૦૦૮માં કેશરિયા આદિનાથ જિનાલય-અંજનશલાકા-પ્રતિષ્ઠા-૨૦૦૯માં શાનદાર ઉપધાનતપઆરાધના-ઉપાશ્રયઉદ્ઘાટન-૨૦૧૨માં ભવ્ય રજતમહોત્સવ, ૨૦૧૪માં યાદગાર ચાતુર્માસ-૨૦૧૫માં શંખેશ્વર પાર્શ્વનાથજિનાલય-અંજનશલાકા તથા શ્રી ધર્મધામ-નાગેશ્વરપાર્શ્વતીર્થનો ભવ્ય પદયાત્રાસંઘ ઉપરાંત રામનગર સંઘમાં જિનાલય-પ્રતિષ્ઠા-ઉપાશ્રય તથા પાઠશાળાસ્થાપના આદિ અનેકાનેક શાસન કાર્યો દ્વારા ગુરુદેવે અમારા કાંદિવલી (ઇ.)ના સંઘો પર નિરંતર ઉપકારવર્ષા કરી હતી.

મારી વાત કરું તો સાહેબજી મારા અંતરંગ શ્રદ્ધાકેન્દ્ર-પ્રેરક અને રાહબર હતા. અરે! મારા જ શા માટે? અમારા કાંદિવલીમાં તો સાહેબ જનજનના શ્રદ્ધાકેન્દ્ર હતા. તેઓશ્રી પાસે હું જ્યારે પણ જાઉં ત્યારે તેઓ પોતાનું જવાબદારીભર્યું કાર્ય પણ ક્ષણભર બાજુમાં રાખી પ્રેમથી વાત કરે, સ્મિત રેલાવે. ધર્મમાર્ગે પ્રગતિ માટે સુંદર માર્ગદર્શન આપે. તેઓના પ્રેમાળ વાર્તાલાપ-સુંદર સ્મિત અને ઉચિત માર્ગદર્શનનાં કારણે મને તો તેઓ મારા પરમ ઉપકારી ગુરુવર જ લાગે. એમાં પણ ઈ.સ. ૨૦૧૪નાં કાંદિવલી ચાતુર્માસ દરમિયાન મને તેઓશ્રીનું જીવન ખૂબ નજીકથી અનુભવવા મળ્યું. તેઓનાં હૃદયમાં મારું પણ નામ હતું એ જાણીને મને ખૂબ ગમેલું. તેઓ હંમેશા મારા આત્મિક આરોગ્યની કાળજી કરતા હતા. તેઓશ્રીની કૃપાદૃષ્ટિ સતત મારી ઉપર હતી. તેઓશ્રીનો કાળધર્મ થયો ત્યારે હૃદય ખૂબ તીવ્રતાથી વલોપાત અનુભવી રહ્યું. કારણ કે મારા તો તેઓ પરમ ઉપકારી ગુરુભગવંત હતા ને? મારા આત્મિક સ્વાસ્થ્યને સાચવનારા એ તો મારા સાચા માર્ગદર્શક ગુરુભગવંત હતા ને? તેઓશ્રી જેવું નિર્ભેળ વાત્સલ્યસભર માર્ગદર્શન હવે મને કોણ પૂરું પાડે? આવા ગુરુભગવંત માટે અંતે એટલું જ કહેવું છે કે :

ફૂલ એક ગુલાબનું કરમાઇ ચાલ્યું બાગથી,
અર્પી ગયું ફોરમ જગતને ત્યાગના અનુરાગથી;
મોરલો ઉડી ગયો પણ મધુર કેકારવ રહ્યો,
ગીત પૂરું થઇ ગયું મધુર ગુંજારવ રહ્યો.

✦✦✦

૯૯

## શ્રદ્ધાસુમન – સમર્પણ

- શ્રીમતી ઉષાબેન તરુણભાઈ શાહ

પ્રશસ્તિ તમારી શું શબ્દોથી કરવી? હૃદયની ભાવના કઈ વાચામાં ધરવી?
શ્રદ્ધાસુમન હૃદયમાં લઈને હું આવી, તમારા ચરણોમાં ફૂલવાડી કરવી...

પૂજ્યપાદ તેજસ્વી વક્તા આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ના લેખનમાં એક વાત વાંચી હતી કે "ગુરુમાં જો આપણે પરમાત્માનાં દર્શન કરીએ, તો નજીકના ભવમાં જ ખુદ પરમાત્મા આપણને ગુરુ સ્વરૂપે મળે-યાને પરમાત્માના શિષ્ય બનવાનું સૌભાગ્ય સાંપડે..."ગુરુ એ પરમાત્મા અને આપણી વચ્ચેની એક Link (કડી) છે. પરમાત્માનો પરિચય કરાવનારા છે ગુરુ, આત્મસ્વરૂપને ઓળખનારા છે ગુરુ... પરમાત્મા અને આપણી વચ્ચેની Link (કડી) રૂપ ગુરુવરને કેમ ભુલાય? આવી જ એક મજબૂત કડી એટલે પ્રખર વિદ્વાન પૂ.આ.ભ.શ્રીમદ્ સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ. તેઓશ્રી એક એવા ગુરુવર હતા જેમની શુભ ઓરા તન-મનને સ્વસ્થ કરી દેતી હોય, જેમના ભાલપ્રદેશમાં જ્ઞાનનો તેજ-પુંજ ચમકતો હોય... જેમના એકાદ માર્મિક વચનથી પણ અનાદિ કાળનો મોહ મંદ પડી જતો હોય એવા જ્ઞાની અને આત્મવૈભવથી સમૃદ્ધ પ્રભુવીરના માર્ગને સંપૂર્ણ સમર્પિત આપણા આ પ્યારા ગુરુવરને કોટિ કોટિ વંદન કરીને તેમના ગુણસાગરમાંથી એકાદ ગુણબિંદુની સ્પર્શના કરીએ.

ગુરુદેવનાં જીવનમાં એક ગુણ એવો હતો જે મારા મનને - અંતઃકરણને સ્પર્શી ગયો હતો-મને ખૂબ ગમી ગયો હતો. એ ગુણ એટલે તેઓશ્રીની અદ્ભુત ગુરુભક્તિ. પ્રસ્તુત મહાગ્રંથમાં તો ઠેર ઠેર તેઓશ્રીની અદ્ભુત ગુરુભક્તિની મહેંક પ્રસરતી જ હશે. છતાં ય ગુરુદેવની ગુરુભક્તિનો એક પ્રસંગ અહીં ઝલકરૂપે યાદ કર્યા વિના રહી શકાતું નથી.

તેઓશ્રીના પટ્ટધર પૂજ્યપાદ તેજસ્વીવક્તા આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. જ્યારે બાલમુમુક્ષુ અવસ્થામાં હતા ત્યારનો પ્રસંગ. તે સમયના પ્રખ્યાત માસિક સુઘોષાના તંત્રી પૂજ્યશ્રી પાસે આવ્યા. વાર્તાલાપ દરમિયાન બાલમુમુક્ષુ વિશે અને બાલમુમુક્ષુના વિશિષ્ટ અધ્યયનાદિ વિશેની જાણકારીથી સુઘોષાના તંત્રી પ્રભાવિત થયા. તેમણે બાલમુમુક્ષુ અને બાલમુમુક્ષુના ગુરુરૂપે પૂજ્યશ્રીની સંયુક્ત તસવીર સુઘોષામાં પ્રગટ કરવાની ઈચ્છા દર્શાવી. પૂજ્યશ્રી સ્વયં બાલમુમુક્ષુનું સંપૂર્ણ ઘડતર કરી રહ્યા હતા અને તેઓ જ બાલમુમુક્ષુના ભાવિ ગુરુ હતા. છતાં તેમણે બાલમુમુક્ષુની પૂજ્યપાદ યુગદિવાકર ગુરુદેવ આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા. સાથેની તસવીર સુઘોષાના તંત્રીને આપીને તે પ્રગટ કરવાની ભલામણ કરી. એ જ તસવીર સુઘોષા માસિકમાં પ્રગટ થઈ. તેઓશ્રીના સ્વયંના માટે તો યુગદિવાકર ગુરુદેવ સર્વત્ર પ્રથમ અને સર્વસ્વ હતા જ. પણ આ દ્વારા તેઓશ્રી જાણે બાલમુમુક્ષુને પણ શીખ આપી રહ્યા હતા કે 'તારા માટે પણ સૌ પ્રથમ તો આ જ ગુરુદેવ છે હોં.' આવી ઉચ્ચ કક્ષાની ગુરુભક્તિ તેઓશ્રીની હતી.

આવા પરમ ગુરુભક્ત મહાન ગુરુદેવે પોતાના જીવનમુકામો પણ એવા પસંદ કર્યા કે જે આપણા માટે પ્રેરણાસ્પદ બની રહે. જેમ કે પૂજ્યશ્રીએ ૪ વર્ષ સુધી લીધેલી સંયમ માટેની તાલીમ ચતુર્ગતિને તોડવાની-ચંડાળચોકડી જેવા ૪ કષાયોને મહાત કરવાની શિક્ષા આપતી જાય...

પૂજ્યશ્રીનો ૬૮ વર્ષનો દીક્ષા પર્યાય ૬૮ અક્ષરથી ગુંથાયેલ મહામંત્ર શ્રી નવકારમંત્રની યાદ આપી જાય. તો વળી પૂજ્યશ્રીનું ૮૪ વર્ષનું આયુષ્ય ૮૪ લાખ યોનિના ચક્કરને તોડવાની પ્રેરણા આપી જાય.

જેઓનું જીવન અનેકાનેક અદ્ભુત ગુણોથી અલંકૃત હતું અને જેઓનાં જીવનની ક્ષણે-ક્ષણ આ રીતે પ્રેરણામય હતી એ ગુરુવરને હૃદયનાં વંદન અને શ્રદ્ધાસુમન સમર્પિત કરું છું...

✦✦✦

૧૦૦

## વિશિષ્ટ જ્ઞાની અને ચારિત્રવંત

શ્રી કલ્પનાબેન ગુણવંતભાઈ શાહ

આ પંચમકાળમાં જો જૈન શાસન ટક્યું હોય તો પ.પૂ. આચાર્યભગવંતો, પ.પૂ. ઉપાધ્યાયભગવંતો તથા પ.પૂ. સાધુ-સાધ્વીજીભગવંતોની નિર્મળ સાધના, શાસન પ્રત્યેનો પ્રેમ અને બીજાને ધર્મ પમાડવાની ભાવનાથી ટક્યું છે.

પરમપૂજ્ય આચાર્ય શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. આવા જ એક મહાન આચાર્ય ભગવંત હતા. તેઓ સદા ય પ્રસન્ન સંઘનાં કાર્યોમાં તત્પર પ્રખર જ્ઞાની હતા. તેમના જ્ઞાનમાં જે સૂક્ષ્મતા હતી તેનો પ્રત્યક્ષ અનુભવ આજથી લગભગ ૫૧ વર્ષ પહેલા અમને થયો હતો. આજે તે અનુભવની વાત તેમના શિષ્ય પ.પૂ. આચાર્યશ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.ની પ્રેરણા થવાથી લખું છું.

લગભગ ઈ.સ.૧૯૬૭માં અમે ગોડીજી ઉપાશ્રયમાં પૂ. પંડિતવર્ય શ્રી વસંતભાઈ પાસે પ્રથમ કર્મગ્રંથનો અભ્યાસ કરતા હતા. તેમાં વાત આવી કે દર્શન=સામાન્ય ઉપયોગ અને જ્ઞાન=વિશેષ ઉપયોગ. જ્ઞાનનો ઉપયોગ અવગ્રહ, ઈહા, અપાય, ધારણા સ્વરૂપ હોય છે જે પ્રથમ મતિજ્ઞાનના પ્રકારરૂપ છે. અવગ્રહ એટલે સૂક્ષ્મ ઈન્દ્રિયો સાથે સ્પર્શ,

રસ, ઘ્રાણ તથા શબ્દના પુદ્‌ગલોનો થતો સંયોગ. ‘‘જ્ઞાનનો ઉપયોગ જો આટલો સૂક્ષ્મ હોય તો દર્શનનો ઉપયોગ શું?’’ આવો પ્રશ્ન અમને મનમાં મૂંઝવી રહ્યો હતો. કારણ કે સામાન્ય રીતે એમ સમજાવવામાં આવતું કે : આ કાંઇક છે તે સામાન્ય ઉપયોગ. તેના પરની વિશેષ વિચારણા જેમ કે ‘આ ઘટ’ છે ‘તે માટીનો છે કે ધાતુનો?’ વગેરે વગેરે વિશેષ વિચારણા તે છે જ્ઞાનનો ઉપયોગ. હવે જો ઇન્દ્રિય+પુદ્‌ગલોના સંયોગને અર્થાવગ્રહરૂપ જ્ઞાનનો ઉપયોગ ગણાય તો દર્શનનો ઉપયોગ શું? એમ વિદ્યાર્થીઓ આમાં મુંઝાતા હતા. તે જ અરસામાં પ.પૂ. આચાર્ય મહારાજ (તેઓ ત્યારે મુનિ અવસ્થામાં હતા) નજીકના શ્રી નમિનાથજી ઉપાશ્રયમાં વિરાજમાન હતા. અમે ત્રણ - ચાર બેનો તેમની પાસે ગયા. વંદન કરી તેમની પાસે અમારી દર્શન-જ્ઞાન ઉપયોગ વિશેની મૂંઝવણ રજૂ કરી.

તેઓએ ખૂબ જ શાંતિથી તથા સરળભાવે અમને ખૂબ જ વિસ્તારથી અલગ-અલગ દલીલો-ઉદાહરણો સાથે સુંદર સમજ આપી કે... ‘‘व्यञ्जनेनोपकरणेन्द्रियेण व्यञ्जनानां शब्दादिपरिणतद्रव्याणामवग्रहणं परिच्छेदनमेकस्य व्यञ्जनशब्दस्य लोपाद्व्यञ्जनावग्रह:, किमपीदमित्यव्यक्तज्ञानरूपार्थावग्रहादधोऽव्यक्ततरज्ञानमित्यर्थ:‘‘ ‘‘આ કર્મગ્રન્થટીકાનો પાઠ જેને વ્યંજનાવગ્રહ કહે છે તેનાથી પણ જરાક પહેલા અત્યંત સૂક્ષ્મરૂપે જે થાય તે દર્શન. આ શબ્દગમ્ય કરતાં જ્ઞાનીગમ્ય પદાર્થવિશેષ છે’’. તેમના આ જવાબથી અમને ખૂબ જ સંતોષ થયો. બીજી પણ ઘણી સુંદર સમજ તે દિવસે આપી. તેમના જ્ઞાનની સૂક્ષ્મતા જોઇ હૃદયમાં તેમના પ્રત્યે આદર તથા બહુમાન પ્રગટ્યું જે આજ સુધી અખંડ રહ્યું છે. અમે દરેક વિદ્યાર્થીઓ ત્યારે નાની-યુવાનવયના હતા. પરંતુ ગુરુભગવંતે જે વાત્સલ્યથી-પવિત્રભાવનાથી સમજ આપી તે જોતાં આજે પણ થાય છે કે જ્ઞાનમાં જેમની આટલી સૂક્ષ્મતા હોય અને હૃદયમાં બીજા જીવોને શાસ્ત્રની ઊંડી સમજ આપવામાં તત્પરતા હોય તેવા આ ગુરુભગવંતની ચારિત્રનિષ્ઠા પણ કેવી ઉત્તમ હશે? તેમની સ્વાધ્યાયરુચિ પણ અપરંપાર દેખાતી હતી. શાસ્ત્રમાં મુનિભગવંતોનો મુખ્ય ગુણ બતાવ્યો છે. ‘‘झाणज्झयणसंगया’’=ધ્યાન અને અધ્યયનમાં રત. આ ગુણ તેમનામાં સાકાર થતો હતો.

ધન્ય છે આપણું જૈન શાસન જે આવા ઉત્તમ ગુરુભગવંતોથી ઝળહળતું છે. નમો આયરિયાણં...નમો જિનશાસનમ્... ✦✦✦

૧૦૧

## શ્રેષ્ઠતાનો પર્યાય

- અજ્ઞાત*

દર્ભાવતી એ પુણ્ય પુરુષોની ભૂમિ છે...

પૂજ્ય આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજનો જન્મ આ દર્ભાવતીનગરમાં થયો હતો...

છ વર્ષની બાલ્યવયથી જે બાળક પ્રતિવર્ષ પર્યુષણામાં ચોસઠપહોરી પૌષધ કરે... બાર વર્ષ થતાં તો પંચ પ્રતિ૦-નવ સ્મરણ કંઠસ્થ કરી લે... પ્રભુપૂજા-ચોવિહાર જેવા દૈનિક નિયમોનું પાલન કરે... એ બાળકને તેના માતા-પિતા દ્વારા કેવા ઉત્તમ સંસ્કારો મળ્યા હોય...!

માત્ર સોળ વર્ષની ઉગતી વયમાં પૂ. યુગદિવાકર આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજના પાવન ચરણોમાં જીવન સમર્પિત કરી સંયમની સુંદર આરાધના તથા ત્યાગ-વૈરાગ્યની નિર્મળ સાધના સાથે જ્ઞાનાભ્યાસમાં એટલા દત્તચિત્ત બન્યાં કે દશ-બાર વર્ષના ટૂંકા ગાળામાં વ્યાકરણ, ન્યાય અને સાહિત્યના વિષયોમાં સારી એવી વિદ્વત્તા મેળવી ધન્ય બન્યા. પોતાના જીવનશિલ્પી ગુરુદેવશ્રીની આજીવન અજોડ સેવા-ભક્તિ કરવા દ્વારા ગુરુકૃપાપ્રાપ્ત તેઓશ્રી પંન્યાસ-આચાર્યપદારૂઢ બન્યાં.

અનેકવિધ અંજનશલાકાઓ, પ્રતિષ્ઠા, પદયાત્રા, ઉપધાનતપ, આદિ શાસનકાર્યો ઉપરાંત પોતાની પ્રભાવક પ્રવચનશક્તિ, અધ્યાપનશક્તિ, અને સમજશક્તિ દ્વારા અનેક સંઘો અને ભાવિકાત્માઓ ઉપર અનેક પ્રકારે ઉપકારો કર્યા.

તેઓશ્રીના દર્શન-વંદનનો જોગ ૨/૩ વાર મળ્યો હતો. ત્યારે તેમનો જે વાત્સલ્યભાવ અને ગુણાનુરાગભાવ જોવા મળ્યો હતો તે સ્મરણો વાગોળતાં પણ તેઓશ્રી માનસપટ પર ઉપસી આવે છે. આ પુણ્યસ્મરણો દ્વારા પ્રસન્નતા પ્રાપ્ત કરી શકાય છે.

પૂ.આચાર્યદેવ શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના ચરણોમાં વંદના...

✦✦✦

* લેખ ઉપર નામ લખેલ નથી. - સંપાદક

## ૧૦૨

## કહો ને સૂરિજી ! ક્યાં ચાલ્યા રે ? અમને મૂકીને રડતાં ...

- 'વસંત' પરિવાર

(તર્જ - પ્યાર હમારા અમર રહેગા...!)

ઓ સૂરિવરજી! ક્યાં ચાલ્યા રે, ભૂલી ગયા શું અમને,
મહાવિદેહે જઇ વસ્યા છો, કે વસ્યા છો દેવમહેલે,
ઉપકારીનું બિરુદ ગ્રહ્યું છે, ઉગારો સૂરિજી અમને,
કહો ને સૂરિજી! ક્યાં ચાલ્યા રે, અમને મૂકીને રડતાં,
નહોતી ખબર કે, ચાલ્યા જશો રે બાળ મૂકી ટળવળતાં... ઓ સૂરિવરજી ...૧
હજારો હતી આશાઓ મનમાં, જેઠ વદ ત્રીજના બુઝાણી ઉરમાં,
મુંબઇ નગરે કાળ કરીને, નશ્વર દેહને ત્યાગ્યો ... ઓ સૂરિવરજી ...૨
શાસનગગને શશિ-સૂર્ય સમ મામા-ભાણેજની જોડી,
ધર્મશાસનપ્રભાવના કરતાં, તોડી ગયા શું એ જોડી... ઓ સૂરિવરજી...૩
બ્રહ્મતેજથી દીપતા ગુરુવર, મંત્ર-જંત્રથી પર હતા ગુરુવર,
બુદ્ધિચાતુર્યથી સૌને જીતનારા, વ્યાકરણ-ન્યાય-સાહિત્ય તીર્થ ન્યારા... ઓ સૂરિવરજી...૪
જ્ઞાનપિપાસુ જીવોને આપે, જ્ઞાન સુધા પીવડાવી,
ભાવ કરુણાના સાગર પ્યારા, કરુણા હેલી વરસાવી ... ઓ સૂરિવરજી...૫
પ્રત્યેક શ્વાસે વસ્યા છો ગુરુવર, પ્રત્યેક રોમે રમ્યા છો ગુરુવર
હૈયાના દ્વારે રહ્યા છો ગુરુવર, લોહીના બુંદે સમાયા છો ગુરુવર... ઓ સૂરિવરજી...૬
જિનશાસનના અજબ સિતારા, સમકિતદાતા ઓ ગુરુવર પ્યારા,
અમ હૃદય સિંહાસન વસતા, લીધી અલવિદા ભક્તોથી પ્યારા... ઓ સૂરિવરજી...૭
પ્રીતલડી જોડી હતી પ્રભુજીની સાથે, છોડી શું ચાલ્યા અતીતની વાટે,
રડતી રહી છે આંખો અમારી, યાદ સતાવે સૂરીજી તમારી... ઓ સૂરિવરજી...૮
આપ દિવાકર, આપ પ્રભાકર, દર્ભાવતીના તીર્થોદ્ધારક,
'વસંત પરિવાર' અંજલિ અર્પે, આપ જ બનજો ભવોદધિ તારક... ઓ સૂરિવરજી...૯

## ૧૦૩

## રડે રે નયન, મારું અંતર રડે ...

- પૂ.સા. શ્રી ચન્દ્રપ્રભાશ્રીજી મ.

રડે રે નયન, મારું અંતર રડે, સૂર્યોદયસૂરિજીની ચિર વિદાયે
હો... એની યાદી કદી ના ભુલાયે...
શાસન બાગમાં ફુલ ખીલ્યું'તું, સૌરભથી જીવન મઘમઘતું'તું;
ભાગ્ય રૂઠ્યા સૌના પુણ્ય ખૂટ્યાં, એક હીરલો શાસનનો ગુમાવ્યો... હો...એની૦
સોળ વરસે સંયમ જીવન સ્વીકાર્યું, ધર્મનૌકામાં બેસી, નિજ શ્રેય : સાધ્યું
શ્રદ્ધા દિલે જિન આજ્ઞા ઝીલેઃ સૂર્ય સદા ઝળહળતો રાખ્યો. હો...એની૦
પ્રવજ્યાનો પંથ અતિ આકરો, શૂરાને લાગે તે અતિ પ્યારો;
સુરો નમે જેને સંયમ ગમે, જેને લાગે સંસાર ખારો,
પ્રખર જ્ઞાની થઇ નામ જગ રાખ્યો... હો...એની૦
ઓચિંતો અશાતાનો ઉદય આવ્યો અકાળે સૂર્યાસ્ત કેવો રે થયો?
અંધકાર છવાયો અમ દિલે મંગલ શિશુનું મનડું રોવે... હો...એની૦

## ૧૦૪ ક્યાં ગયો એ અમૃત કુંડ ?

- પૂ.સા. શ્રી કનકપ્રભાશ્રીજી મ.

ગગનનો સૂર્ય સવારે ઉદય પામે સાંજે અસ્ત થાયે,
શાસનનો 'સૂર્ય' ૮૪ વર્ષની વયે...અસ્ત થાયે... ૧
વાહ સૂર્યોદય! તમારું મૃત્યુ બની ગયું મહોત્સવ,
વાહ સૂર્યોદય! હર સ્થાને ઉજવાશે તમારો પર્વોત્સવ... ૨
વાહ સૂર્યોદય! ઓગણત્રીશ ઠેકાણે બનશે તમારા મંદિરધામ,
વાહ સૂર્યોદય! ઈતિહાસનાં પાને તમારા રહેશે અમર-કામ ને નામ... ૩
દીક્ષા બાદ ૪૭ દિવસમાં ૨૩ ભણ્યા સંસ્કૃત ગ્રન્થ,
ભક્તિ-શક્તિ-બુદ્ધિ પ્રતિભાથી સર્જન કર્યા તમે ''ધર્મગ્રન્થ...'' ૪
દર્ભાવતી ને ધર્મધામ તીર્થના સૂર્યોદય બન્યા સર્જક,
તીર્થોદ્ધારક પદવી મેળવી જીવન બનાવ્યું તમે સાર્થક... ૫
કોહીનૂર હીરા જેવા તમને 'રાજરત્ન' મળી ગયા શિષ્ય,
જ્ઞાની-તપસ્વી-વિનયી ઉગ્ર વિહારી છે તમારા પ્રશિષ્ય... ૬
આંખમાં અમી, દિલમાં એવો ભર્યો હતો અમૃતનો કુંડ,
દર્શન કરતા શાતા આપે-ક્યાં ગયો એ અમૃત કુંડ?... ૭
ઊંચે જોઉં નીચે જોઉં આજુ-બાજુ નીરખીને જોઉં,
સ્વર્ગલોકમાં બેસી ગયા તો મૃત્યુલોકમાં ક્યાંથી જોઉં ?.... ૮
જન્મભૂમિ દર્ભાવતી નગરી સંયમધરોની એ છે ખાણ,
સૂર્યોદયસૂરિજી તમારા શા શા કરું હું મુખથી વખાણ?... ૯
સાહિત્ય-વ્યાકરણ-ન્યાય તીર્થ તમે, સ્થાપ્યા કંઇ ધર્મના તીર્થ,
જંગમતીર્થ સૂરિજી છો તમે, ત્રિવેણી સંગમના ભવ્ય તીર્થ... ૧૦
પરોપકારી-જ્ઞાનદાતારી જીવન હતું તમારું નિષ્કામ,
સર્વ કાર્ય પૂર્ણ કરાવી, જીવનનું કર્યું પૂર્ણવિરામ... ૧૧
જનની જનક તો ઉપકારી તમને બનાવ્યા સંયમધારી,
ધર્મનો હાથ પકડીને, તમે બન્યા મહાવ્રતધારી... ૧૨
ચોર્યાસીના ચક્કરને સૂરિજીએ મારી ટક્કર,
બે કર જોડી સૂરિજી ચરણે ''કનક'' અર્પે જીવનનું અર્ઘ્ય... ૧૩

## ૧૦૫ દર્ભાવતીનાં ઉપવનમાં ખીલ્યું રે ગુલાબ....

- પૂ.સા.શ્રી રશ્મિલતાશ્રીજી મ.

દર્ભાવતીનાં ઉપવનમાં ખીલ્યું રે ગુલાબ દશે દિશામાં એની પ્રસરી રે સુવાસ;
રંગબેરંગી એની હતી પાંખલડી જોતાં ઠરે છે એને સૌની આંખલડી...
...॥૧॥

ચીમનભાઇનું મોંઘુ માનવંતું રતન-મણિબેને કરીયા ઝાઝા રે જતન,
સૂર્ય જેવા તેજસ્વી ને ચંદ્ર જેવા શીતળ દૂધ જેવા સેવંતીકુમાર નામે સોહાય;
૧૯૮૮માં લીધો રે જનમ શાસનના ગગને પડ્યો રે પ્રકાશ...
દર્ભાવતીના ઉપવનમાં...॥૨॥
મનમોહને તપ ધર્મનો પ્રતાપ ધર્મવાટિકાએ તોરણીયા બંધાય,
સંયમના ઝૂલે ઝૂલવાને જાય ડભોઇના લાડીલા સંયમ પંથે જાય;
માતાનો લાડકવાયો લે છે વિદાય પિતાનો પ્યારો અળગો રે થાય...
દર્ભાવતીના ઉપવનમાં...॥૩॥
સૂર્યોદયે સૂર્યમુખી ખીલ્યા રે કમળ લાલ લીલા પીળા કેશરીયા કલર,
રાજ રાજે આવી લઇ રે લીધા સંયમના શણગારે સજાવી દીધા...
દર્ભાવતીના ઉપવનમાં... ॥ ૪ ॥
સંયમ બગીચામાં હરતા ફરતા સૌએ આનંદ મંગલ કરતા,
૬૮ વર્ષ જેના સંયમે સોહાય શાસનના એ તો બન્યા શિરતાજ ;
બાર બાર પાંખડીયે એ તો સોહાય સપ્તરંગે એની રંગોળી પૂરાય...
દર્ભાવતીના ઉપવનમાં ... ॥ ૫ ॥
અવસરીયા આવ્યા તોરણીયા બંધાય અંજનશલાકાના માંડવડા રોપાય,
અવનવા મોંઘામૂલના મહોત્સવ મંડાય મુંબઇ શહેરમાં દીવડા પ્રગટાય;
પ્રભુજીના જીનાલયે તોરણીયા બંધાય ગુરુદેવના હૈયે હર્ષ ઉભરાય...
દર્ભાવતીના ઉપવનમાં... ॥ ૬ ॥
બે હજાર ઇકોતેર જેઠ વદિ ત્રીજ કાળરાજાએ ત્યાં માંડી મીટ,
વિદાયના વાદળો ઘેરાઇ ગયા આભ ઊંચા શિખરો તૂટી રે પડ્યા;
સૌને વિશ્વાસમાં મૂકી રે દીધા, ક્ષણવારમાં સ્વર્ગે સીધાવી ગયા...
દર્ભાવતીના ઉપવનમાં... ॥ ૭।
કંઠ રૂંધાય ને શબ્દ તૂટી જાય-વસમી વિદાય નહિ રે સહેવાય,
કોટિ કોટિ વંદન કરે છે રશ્મિકુંજ-દક્ષ ચારૂ સ્વીકારજો ગુરુરાજ;
દર્શન દેજો ગુરુદેવ લેજો સંભાળ... શાસન ચૈત્ય ચઢાવે અંજલી પુષ્પ...
ડભોઇ શહેરનો દીવડો બુઝાય જ્યોતિમાં જ્યોતિ જિમ મળી જાય...
દર્ભાવતીના ઉપવનમાં... ॥ ૮॥

## ૧૦૬ ગુરુ વિરહ ગીત

- પૂ.સા.શ્રી યશોધર્માશ્રીજી મ.

(રાગ :- ચાંદી કી દિવાર ...)

દર્શન વિહોણા નયનોમાંથી, અશ્રુની ધારા વહે ;
માતા સમ ગુરુદેવ વિહોણા, શિષ્યો જઈને ક્યાં રહે ? ...૧

નિરાધાર આ શિષ્ય પરિવાર, વાત્સલ્ય જઈને ક્યાં લહે?
આરઝૂ ભરેલી હૃદયની આ કથની જઈને ક્યાં કહે? ...૨

હિતકારી ને આનંદકારી, વચણ ક્યાં જઈ સાંભળે ?
ગુરુદેવ ગુરુદેવ રટતા, ગુરુદેવ હવે ક્યાં મળે? ...૩

કોમલ કાયામાં વેદના ભારી, કેવા સમતાધારી;
મંત્રરાજ નવકાર સંભારી, આતમ દીધો ઉગારી ...૪

શાસન ગગને પુણ્ય પ્રભાવે, રવિસમ તેજે પ્રકાશતા;
સંધ્યા સમયે વિદાય લઈને, સ્વર્ગે જઈ આપ બિરાજ્યાં ...૫

ઓ વિરાગી ગુરુવર અમને, દર્શન ધો ને મધુરા;
વિનંતિ કરીએ સહુ અમે તમોને આશિષ દેજો સદાય ...૬

ધર્મસૂરિજીના લાડકવાયા, સૂર્યોદયસૂરિ નામે ગવાયા;
સ્નેહ યશો શિશુ આપને વંદે, દિખાવો મુક્તિ મંઝિલીયા ...૭

## ૧૦૭ ગુરુ ગુણ ગુંજન

- પૂ.સા. શ્રી યશોનંદિનીશ્રીજી મ.

સૂર્યોદય થયો દર્ભાવતીમાં ને સૂર્યાસ્ત થયો મુંબઈમાં...
ચીમનભાઈના લાડકવાયા, મણીબેનના ચમક્યા હીરા;
ધર્મસૂરિ દાદાના પ્યારા, ઝગમગતા ચમકે તારા ...૧
નવકારમંત્રના અક્ષર અડસઠ, સંયમ પર્યાયના વર્ષ અડસઠ;
નવકારના પદ શાશ્વત, સૂરિજીનું સામ્રાજ્ય શાશ્વત ...૨
**આગમ**શાસ્ત્રના પાઠ ભણ્યાં, ન્યાયવિશારદ બિરૂદ ધર્યા;
**દિવ્ય** ખજાનો **અક્ષય** રાખ્યો, **કૃપા** તણા ભંડાર ભર્યા ...૩
**યોગ**વહનના ભાવ ધરાયા, ભગવતી સૂત્રના યોગ કરાયા;
ધર્મધામની અંજનશલાકા કરાવી, નાગેશ્વર પ્રભુને ભાવથી પધરાવ્યા...૪
ધર્મસૂરિદાદાની કૃપા વરસી, સંઘ સકલનું **હિત** કરાવી;
**પ્રશમ** ભાવે સમુદાય સંભાળી, **રશ્મિ**કાંતિને ચમકાવી ...૫
**રાજ** પ્રભુનું શોભાવો, ધર્મસૂરિજીની પાટ દીપાવો;
શાસનમાં જયકાર ફેલાવો, **ધર્મ**નો ડંકો બજાવો ...૬
આચાર્ય પદના ગુણ છત્રીશ, આચાર્ય પદવીના વર્ષ સત્તાવીસ;
અખંડ અંક મૂલ કર્યો, ત્રિવેણી સંગમનો સંગ કર્યો ...૭
છત્રીશ, સત્તાવીશ, અડસઠનો, અંક અખંડ મેળવ્યો;
શાશ્વત સુખની મંઝીલે પહોંચ્યા, ત્રિપદી પામી મુક્તિ વર્યા ...૮
કમલશિશુની એક આશા, ડુબતી નૈયાને તારજો તમે;
ચરણે આવ્યા રાજ તમારે, આશિષ આપો ભાવે અમને ...૯

## ૧૦૮ આવું નહોતું ધાર્યું મારાં મનમાં

- પૂ.સા.શ્રી કલ્પદર્શિતાશ્રીજી મ.

આવું નહોતું ધાર્યું મારા મનમાં, મારા ગુરુવર ચાલ્યા જશે ક્ષણમાં;
મને વિયોગ બહુ સતાવે, સાચો મારગ કોણ બતાવે;
ઓચિંતો કર્યો કાળે પ્રહાર... આવું૦૧
આશા હતી ગુરુદેવને મલશું, વંદન કરશું ને પાવન થાશું;
પણ તૂટ્યો મુજ મનનો મિનારો, હવે કિમ મળશે ભવનો કિનારો... આવું૦૨
ડભોઈ ગામે જન્મ્યા ગુરુવર, મહા વદિ ચૌદશ ને શુભ વાર;
માતા મણિબેન પિતા ચીમનભાઇ, કુટુંબના હૈયાના હાર... આવું૦૩
જિનશાસનને જીવનઅર્પણ, કર્યું ગુરુ ચરણે સમર્પણ;
પંદર વર્ષની તરુણ વયમાં, ફાગણ સુદી બીજના મુહૂર્તમાં... આવું૦૪
'ધર્મ' ગુરુએ દીધો સાથ, ભવસાગર તરવા પકડ્યો હાથ;
બન્યા સંયમ સાધનામાં મશગુલ, રહ્યા નિત્ય ખીલતા ગુણોના ફૂલ... આવું૦૫
જ્ઞાન-ધ્યાન-પ્રભુભક્તિ વૈયાવચ્ચ, અલંકૃત કર્યા ગુણો સર્વોચ્ચ;
શાસનના શિરતાજ કહાયા, રોશન કર્યું શુભનામ ગુરુરાયા... આવું૦૬
શુદ્ધ સંયમની સુવાસ મહેંકાવી, જૈન શાસનમાં કીર્તિ ફેલાવી;
સંઘ-પ્રતિષ્ઠા-દીક્ષાઓ કરાવી, મુંબઇ નગરીમાં ધર્મધજા લહેરાવી... આવું૦૭
દર્ભાવતીનાં ઓજસ્વી રત્ન, કર્યો કાળરાજાએ મહાયત્ન;
ગોઝારી એ જેઠ વદી ત્રીજ, દેહ છૂટ્યો મન થયું અચરીજ... આવું૦૮
જ્યાં સુધી રહેશે હસ્તિ અમારી, યાદ રહેશે ગુરુજી તમારી;
સદા રહીશ તુમ ગુણની પુજારી, છોડી ચાલ્યા મૂકી નિરાધારી... આવું૦૯
મીઠી વાણીથી મુજને બોલાવતા, વાત્સલ્યનાં વારિથી ભીંજવતા;
હવે કોણ મુજને બોલાવશે, સદા યાદ તુમારી સતાવશે... આવું૦૧૦
ભાવે ગાઉં હું ગુરુ ગુણાંજલિ, આપું અશ્રુભીની આંખે અમૃત અંજલિ;
ભવોભવ મળજો આપનો સાથ, જ્યાં સુધી ન થાયે શિવપુરવાસ... આવું૦૧૧
'કલ્પશિશુ'ની વિનંતિ સ્વીકારો, દર્શિતાની આ અરજ સ્વીકારો;
કૃપા કરીને દર્શન દેજો, સુરલોકથી આશિષ વરસાવજો... આવું૦૧૨

## ૧૦૯ છેલ્લું પ્રતિક્રમણ કરી ...

- શ્રીમતી ઉષાબેન તરુણભાઈ શાહ

છેલ્લું પ્રતિક્રમણ કરી, નિજ કર્મ ખપાવી ... ગુરુવર પ્યારા...ચાલ્યા મહાવિદેહ મોઝાર... ...૧
બાર શિષ્યોની સંપદા છોડી, દાદા ધર્મસૂરિને જોડી, જ્ઞાન દિપક પ્રગટાવી, રાજરત્નને અજુવાળી... ગુરુવર પ્યારા...૨
અગણિત જિનબિંબોને ભરાવી, જિનચૈત્યોની સજાવી સવારી, વીતરાગ દર્શન કરાવી, મારગ વીરનો બતલાવી... ગુરુવર પ્યારા...૩
ઉપધાન તપની શૃંખલા રચાવી, છ'રિપાલિત સંઘો કઢાવી, જ્ઞાનભંડાર ભરાવી, પાઠશાળાઓ ખોલાવી... ગુરુવર પ્યારા...૪
તમારી કૃપાના અમે તો પ્યાસા, અમને શુભ ગતિની છે આશા, ભાવ-સેતૂ રચાવો, દિવ્ય આશિષ વરસાવો ... ગુરુવર પ્યારા...૫